જૈન સતી મંડળ.

ગીતિ.

[illegible]

[illegible]

પ્રગટ કર્તા

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.

[illegible]

પાલીતાણા.

[illegible]

ભાવનગર [illegible]

[illegible]

કીમત રૂ. ૦-૮-૦

અર્પણ પત્રિકા.

[illegible]

[illegible]

અમે છીએ,

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગના

વ્યવસ્થાપકો.

प्रस्तावना.

આર્યાવર્તની સર્વ પ્રજાની ધાર્મિક તથા સાંસારિક ઉન્નતિના વિચારોના મહાસાગરનું મથન કરતાં તેમાંથી નવનીતરૂપે એક સિદ્ધાંત પ્રગટ થયો છે કે, " સ્ત્રી જાતિના શિક્ષણ ઉપર જગતનું કલ્યાણ આધાર રાખે છે. આ સિદ્ધાંત ખરેખર માનનીય છે. વળી તે સિદ્ધાંત પ્રાચીન છે. પૂર્વકાળે જ જગતમાં સ્વતંત્ર તથા નીતિમાન ધર્મશીલ સ્ત્રીઓ જેમના ઉદરમાંથી જન્મ લઈ ને આ માનવજીવનનું મહત્વ વધાર્યું છે. પોતાની જાતિમર્યાદા, સ્વતંત્રતા અને ગૌરવની રક્ષા કરી છે, તે આર્યસતી અને વિદુષી માતાઓ-તેજ પ્રમાણ હતી. અસંખ્ય સન્નારીઓ પોતપોતાના જીવનમાર્ગ ઉપર શિક્ષણનો પ્રદીપ હાથમાં લઈને દૃઢ પ્રતિજ્ઞાની સાથે સંસારની લાલચોની સાથે સંગ્રામ કરતાં કરતાં આગળ વધી છે. વળી જે વીરાઓ પોતાના જીવનમાં સ્વર્ગીય સ્થાનની પ્ર- ત્યક્ષ દેખાવ કરીને આ જગતમાંથી ચાલ્યા ગયા છે, તેઓના ભાગ્યશાળીનું આશ્રય સ્થળ સુશિક્ષિત માતાનો ખોળો હતો તે ઉછેરના પ્રમાણે તેઓને ધર્મમાં રાગ, નીતિમાં પૂર્ણ અને વ્યવસાય અને ઉત્સાહમાં અગ્નિશિખા પ્રમાણે વ્યક્ત બનાવ્યા છે. ટુંકામાં જેઓ આ સંસારમાં મહાન આત્મા બનેલા છે, અને બને છે, તેઓ માતાના ગુણગ્રાહી બને છે, વળી જેઓ સંસારમાં ઉન્નતિ કરવાને અસમર્થ, નીચ, સ્વાર્થપર અને સંસારને કલંકિત કર- નારા થાય છે, તે પણ માતાના દોષગ્રાહી થાય છે. આથી સિદ્ધ થાય છે કે, ભાગ્યોના પરમ પ્રયોગનો આધાર માતાજ છે અને ભાગ્યની હાનિનું મૂળ પણ માતાજ છે.

તેથી આર્ય માતાઓને સુધારવાની પૂર્ણ આવશ્યકતા છે. હવે તે સુધા- રણા કરવાના સાધનો કેવા જોઈએ ! તેને માટે વિચાર કરતાં જણાશે કે, તે સાધનો સ્ત્રીઓને ઉપયોગી પુસ્તકો છે. સ્ત્રીઓના ધર્મનું ઉચ્ચ શિખર સ- ધીન છે, અને તેમાંજ તેઓનું ગૌરવ અવલંબમાન દેખાય છે. પ્રાચીન કા- ળની જૈનસતીઓએ જે પ્રમાણ દર્શાવ્યો છે. તે પ્રમાણના ચરિત્રો જો અશિક્ષિ- ત સ્ત્રીના વાંચવામાં આવે તો તેઓ તેમાંથી ઘણો લાભ મેળવી શકે. એ નિ- ર્વિવાદ વાત છે.

આથી ઉત્તમ ઉદ્દેશથી સ્ત્રી શિક્ષણને ઉત્તેજક એવા પુસ્તકો પ્રસિદ્ધ કર-

છે, અને ચોથી શ્રીમતી અંજના સુંદરીની કથા છે, બીજી પદ્માવતી અને
પુંડરીક અને કુંડરીકની માતા છે, અને બીજી સુનંદા સુંદર કુમારની બ્હેન છે,
એ નવીન સતીઓના ચરિત્રો ઘણુંજ બોધનીય છે. આર્હત ધર્મમાં જે ની-
મ મહાભાગ્યા ઘણી થયેલ છે, તેમના સંબંધમાં એ સતીઓ આવેલી છે;
ને સતીઓનિ ગણના, જગતમાં જે કંઇ જાણવા જેવું છે અને આર્હત
ધર્મનો મહિમા વધારે છે. તે સંબંધમાં તેમના ચરિત્રની અંદર
દર્શાવેલું છે, તેમના ચમત્કારી ચરિત્ર ઉપરથી સતીઓનું અને તેના ધર્મ વિષે
સારો પ્રકાશ પડે છે, તેના પિતા, તેના પતિ અને તેના ભાઇ વિષયમાં
અવશ્ય સુંદર ધર્મમાં પ્રગટી આર્હતધર્મના વીર મંત્રની અંદર પ્રભાવ
ન કરેલા છે, તેનું પણ કારણ અતિશય દિસતું છે, એ વાત આ સતીઓના
ચરિત્રો ઉપરથી વિશેષ સિદ્ધ થાય છે

આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં શા. સા. શે. વસનજી ગોકળજી જે. પી.
નગરશેઠ પોતાની કુલ ના નામથી ગ્રંથમાળા પ્રસિદ્ધ કરવા માટે અમોને રૂા.
૨૫૦૦) ની ઉદાર સહાય આપેલી છે તે સહાયમાંથી જે ગ્રંથમાળા પ્રસિદ્ધ
કરવાની છે તેમનું આ પ્રથમ પુસ્તક અમો પ્રસિદ્ધ કરીએ છીએ. આ
સ્થળે અમો ઉક્ત શ્રીમાન્ ગૃહસ્થનો અને તેમની કુલનો અંતઃકરણપૂર્વક
આભાર માનીએ છીએ.

છેવટે આવા સતીધર્મના ઉપયોગી પુસ્તકની કદર જાણનાર ગૃહસ્થોને સ-
ત્યથી આભાર માની, અને દરેક જૈન બંધુ નિ.મ. આવા ઉત્તમ પુસ્તકોનો બો-
ધદાયક પ્રચાર થાય, એવું ઇચ્છી આ લઘુ પ્રસ્તાવનાને સમાપ્ત કરીએ છીએ.
અને આશા રાખીએ છીએ કે, જૈન સતી ગ્રંથના પ્રથમ ભાગને જેવું ઉત્તે-
જન મળ્યું છે, તેવી રીતે તેજ ગ્રંથના અનુસંધાનરૂપ આ બીજા ભાગને
પણ જૈનવર્ગ તરફથી સારૂં ઉત્તેજન મળશે, જેથી અમે અમારા પ્રયાસની
સર્વરીતે સાર્થકતા માનીશું.

સંવત ૧૯૬૫ ચૈત્ર શુદ્ધ ૮ }
પાલીતાણા. } શ્રી જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.

अनुक्रमणिका.

દ્વિતીય ભાગ

શ્રાવિકાભૂષણ તૃતીય અલંકાર—આનંદના ઉપદેશના ઉદ્‌ગારથી ભરપૂર આ અલંકાર પ્રથમના બે અલંકારથી વિલક્ષણ છે. શ્રાવિકાઓના હૃદય ઉપર ધર્મ તથા નીતિની છાપ પાડી તેને નિર્મળ બનાવવાને માટે આ ગ્રંથ ઘણોજ ઉપયોગી છે. પૃષ્ઠ સંખ્યાના પ્રમાણમાં કીંમત ઘણીજ સ્વલ્પ છે. રૂ. ૧

શ્રાવિકાભૂષણ—ચતુર્થ અલંકાર—ચિંતામણિ સમાન માનવ દેહને પ્રાપ્ત થયેલી શ્રાવિકાના સંસારી હૃદયને વૈરાગ્યથી વિભૂષિત કરનારો આ અલંકાર સર્વદા હૃદયમાં ધારણ કરવા યોગ્ય છે. મનોરંજક દૃષ્ટાંતો અને સુબોધક કવિતાઓથી આ અલંકારને વિશેષ અલંકૃત કરવામાં આવ્યો છે. ગ્રંથ વિસ્તીર્ણ છતાં તેની માત્ર ૧-૪-૦ કીંમત રાખવામાં આવી છે.

ઉપદેશપદ—મૂળ સંસ્કૃત અને ગુજરાતી ભાષાંતર સાથે આ ગ્રંથની યોજના કરવામાં આવી છે. વિદ્વાન્ મુનિમહારાજાઓને ઉપદેશ આપવામાં અને અભ્યાસીઓને અભ્યાસ કરવામાં અનુકૂળ થાય તેવી રીતે પત્રાકારે અને બુકાકારે આ ગ્રંથ મુદ્રાંકિત કરેલો છે. તેની અંદર ઉપદેશ સંબંધી એવું ઉત્તમ વિવેચન કરેલું છે કે, જે વાંચવાથી આસ્તિક વાચકને ઘણોજ આનંદ આવે તેમ છે. ગ્રંથનું પૂર મહાન્ છતાં તેની કીંમત માત્ર ૧-૧૨-૦ રાખવામાં આવી છે.

શ્રી

જૈન સતી મંડળ.

ભાગ ૨ જો.



સતી શિવા.

આ મહાસતી વિશાલા નગરીના રાજા ચેટકની પુત્રી થાય છે. તેઓ સાત બ્હેનો હતી. તે સર્વે બ્હેનોનાં આખ્યાન આ જૈન સતીમંડળમાં થયેલ છે. ચેટકરાજ અને તેની રાણી શ્રીપ્રિયકુને માટે ક્રમથી દેવ.થી તેમની બધી પુત્રીઓ શીલવતી અને સદ્ગુણવતી થયેલી છે. શ્રીજિનવાણીરૂપ કલ્પવૃક્ષના મધુર ફલનો સ્વાદ, ચેટક-

[illegible] રીતે લીધો હતો; તેથી તે કુટુંબ આરતેની [illegible] પ્રશ મનીય થઇ પડ્યું હતું.

[illegible] માતાપિતાની મહાનુભાવા ઇચ્છાથી [illegible] બાલવયથીજ ધાર્મિક અને [illegible] કર્યું હતું. સતી શિવા જેવી વિદુષી હતી, [illegible] હતી. તે સર્વની સાથે માયાળુપણે વર્ત્તતી [illegible] વર્તતી હતી.

[illegible] આવી ત્યારે તેણીનું સ્વાભાવિક [illegible] હતું તેણીના મુખ, નેત્ર અને બીજા [illegible] ઝળકી રહી હતી. સતી શિવાની [illegible] મુખમુદ્રા ઉપર હમેશાં મૃદુ હાસ્ય [illegible] ડહાપણ અને વિવેક વગેરે [illegible] દરેક રાજકુટુંબના માણસો [illegible]

[illegible] સુશીલા નામે એક સખી હતી. તે હમેશાં તે [illegible] અને તેણીની સાથે વિદ્યાવિનોદ [illegible] ની વચ્ચે ગાઢ મૈત્રી બંધાણી હતી [illegible] બાલિકા હતી. તેણીને બાલવયમાં [illegible] તેથી ચેટકરાજાએ તેણીને [illegible] ને સોંપી હતી.

[illegible] સતી શિવા પ્રાતઃકાલની વ [illegible] વિદ્યાવિનોદ કરતી હતી. [illegible] પરીક્ષા કરવાને સુશીલા [illegible]

સુશીલા [illegible] હવે યૌવ વયના થયા છે, તે છ [illegible] પતિની શોધ કરતા નથી, [illegible] તમારે તે વિષે કાંઇપણ સૂચના ક [illegible]

શિવા [illegible] છે ? હજુ મારી વય યોગ્ય

આવવાને તેણીએ ઘણું ઉત્તેજન આપ્યું હતું. તે નગરીમાં જૈનપ્રજાને માટે જ્ઞાનશાળા, દાનશાળા અને પુસ્તકાલયો મોટા પાયા ઉપર સ્થાપ્યા હતા.

મહાસતી શિવાએ ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ સાથે પોતાનું જીવન પ્રસાર કર્યા પછી તેણીની મનોવૃત્તિ કેવળ ધર્મ તરફ પ્રવર્તી હતી. એક વખતે તે સતી શ્રી વીર ભગવાનની પાસે ધર્મ શ્રવણ કરવાને ગઇ હતી, ત્યાં તેણીએ પ્રભુની પાસે ધર્મના કેટલાએક નિયમો અંગીકાર કર્યા હતા. કોઈ દેવતાએ એ મહાસતીને તેણીના દૃઢ મતમાંથી ચલિત કરવાને ભારે પ્રયાસ કર્યો હતો, પણ તે મહાસતી પોતાના મતમાં દૃઢ રહી હતી, અને તે દેવતાને તેણીની ક્ષમા માગી પ્રસન્ન થઇને જવું પડ્યું હતું. એક વખતે ઉજ્જયિની નગરીમાં અગ્નિનો ઉપદ્રવ થયા કરતો હતો. લોકો તે ઉપદ્રવથી કંટાળી ગયા હતા. રાજા અને પ્રજાજને ઘણા ઘણા ઉપાયો કર્યા, પણ તે ઉપદ્રવ કોઇ રીતે શમતો ન હતો. આથી કંટાળી ઉજ્જયિનીપતિ ચંડપ્રદ્યોતને અભયકુમાર મંત્રીને રાજગૃહી નગરીમાંથી ઘણો પ્રયત્ન કરી મેળવ્યો હતો. ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા અભયકુમારે વિચારીને કહ્યું કે "જો કોઇ શુદ્ધ શીળવતી સતી સ્ત્રી પોતે અહિં આવીને જળ છાંટે તો આ અગ્નિ જલદી શાંત થઇ જાય." તે ઉપરથી બહુ બહુ સ્ત્રીઓ ત્યાં આવીને જળ છાંટી ગઇ, પણ તે અગ્નિ શમ્યો નહિ; પણ જ્યારે શિવા સતીએ પોતે આવીને સર્વ સ્થળે જળ છાંટ્યું, ત્યારે તે આગ તત્કાળ શમી ગયો હતો; તે વખતે લોકોએ ઉદ્ઘોષણા કરી કે "આ શિવા મહા સતી છે." આથી તેણીની ધર્મકીર્ત્તિ ભરતખંડના ચારે ખૂણામાં પ્રસરી ગઇ હતી અને લોકો સતી શિવાના દેવીની જેમ દર્શન કરતા હતા. શીળધર્મનો મહા પ્રભાવ સ્થળે સ્થળે પ્રસરી ગયો હતો.

સતી શિવાના જીવનચરિત્રમાં બનેલા એ અદ્ભુત બનાવે સદ્ગુણી આર્ય સ્ત્રીઓને શીળધર્મની પરમ આસ્તિક બનાવી હતી એટલુંજ નહિ પણ શીળવતી સુંદરીઓ સ્વર્ગ અને મોક્ષની





સતી જયંતી.

આ મહાસતી જયંતી કૌશાંબીના રાજા ઉદાયનની ફુઇ થતી હતી. રાજા ઉદાયન અને રાણી મૃગાવતી સતી જયંતીની ઉપર ઘણો પ્રેમ રાખતા હતા. જયંતીએ બાલ્યવયથી ધર્મની અને નીતિની સારી કેળવણી લીધી હતી. તેના પિતાનું નામ સહસ્રાનીક હતું. તેને શતાનીક નામે એક ભાઇ હતો.

સતી જયંતીના વખતમાં આર્હત ધર્મના પ્રભાવિક અને વર્તમાન શાસનના અધિપતિ મહાવીર ભગવાન્ આ ભરતક્ષેત્ર ઉપર વિચરતા હતા. રાજપુત્રી જયંતી ધર્મવીર મહાવીર પ્રભુની પરમ ભક્તા હતી. એ રાજશ્રાવિકા વીર પ્રભુની પ્રથમ શય્યાતરી થઈ હતી. જયંતીએ પોતાના જીવનમાં ધાર્મિક કેળવણી લઇ આર્હત ધર્મનું તત્ત્વજ્ઞાન સંપાદન કર્યું હતું. તેણી જીવ, અજીવ વગેરે નવતત્ત્વોનું સ્વરૂપ સારી રીતે સમજતી હતી. જયંતીએ પોતાના જી-

ભગવાનને વંદના કરવા રથમાં બેસીને ચંદ્રાવતરાયણ ચૈત્ય તરફ રવાને થયા. રથ જ્યારે ચૈત્યની નજીક આવ્યો, એટલે તે બંને રાજકુંવરીઓ રથમાંથી નીચે ઉતરી પરિવાર સાથે જ્યાં પ્રભુ વિરાજમાન હતા, ત્યાં આવી શુદ્ધ ભાવથી વીર ભગવાનને વંદના કરી અને તે પછી તેઓ તેમની પર્ષદામાં યોગ્ય સ્થાને બેઠી.

આ વખતે કૌશાંબીપતિ ઉદાયન રાજા પણ પોતાના પરિવાર સાથે પ્રભુને વંદવા આવ્યો હતો. પરોપકારી વીર પ્રભુએ સર્વને દેશના આપી, જે દેશના સાંભળી રાજા ઉદાયન વગેરે બધા હૃદયમાં અતિ આનંદ પામ્યા હતા. દેશના સમાપ્ત થઈ એટલે લોક સર્વ પરિવાર પોતપોતાને સ્થાને ચાલ્યો ગયો.. માત્ર ઉદાયન રાજા, રાણી મૃગાવતી અને જયંતી એ ત્રણજ પ્રભુની પાસે બેસી રહ્યા હતા.

સતી જયંતી બુદ્ધિમતી હતી અને આર્હત ધર્મના તત્ત્વજ્ઞાનને જાણનારી હતી. તેણીએ પ્રભુને વિનયથી પુછયું કે, "હે ભગવન્, આ જીવો જલદી ભારે કર્મી કેવી રીતે થાય છે?" જયંતીનો આ પ્રશ્ન સાંભળી પ્રભુએ ઉત્તર આપ્યો કે, "જયંતી, અઢાર પાપસ્થાને કરી જીવ જલદી ભારેકર્મી થાય છે" જયંતીએ પુનઃ કહ્યું, "સ્વામી, એ અઢાર પાપસ્થાન વિષે કૃપા કરી અમને સમજાવો."

પ્રભુ બોલ્યા—જયંતી, તે અઢાર પાપસ્થાનને સાવધાન થઈ સાંભળ. જીવની હિંસા કરવી તે પહેલું પાપસ્થાન છે. જુઠું બોલવું, એ બીજું પાપસ્થાન છે. કોઈની ચીજ ચોરી લેવી એ ત્રીજું પાપસ્થાન છે. સ્ત્રીઓને પુરુષથી વિષય સેવવા એ ચોથું પાપસ્થાન છે. દરકાર ઉપરાંત ધન, ઘરેણાં અને વસ્ત્ર વગેરે ચીજોનો સંગ્રહ કરવો એ પાંચમું પાપસ્થાન છે. ગુસ્સો કરવો એ છઠ્ઠું પાપસ્થાન છે. માન કે અહંકાર રાખવો એ સાતમું પાપસ્થાન છે. માયા—કપટ રાખવું એ આઠમું પાપસ્થાન છે. લોભ રાખવો એ નવમું પાપસ્થાન છે. કોઈ માણસ ઉપર અથવા કોઈ વસ્તુ ઉપર અતિશય રાગ રાખવો એ દસમું પાપસ્થાન છે. કોઈની ઉપર દ્વેષ કરવો એ અગીઆરમું પાપસ્થાન છે. કોઈની સાથે કજીઓ—કલેશ કરવો

તેઓ સુતા રહેતા હોય તો વધારે સારૂં. પણ હમેશાં કોઇ જીવ સુતો
રહી શકતો નથી તો મારે આપને એટલુંજ પુછવાનું છે કે "જીવો
સુતા સારા કે જાગતા સારા ?" જયંતીનો આ પ્રશ્ન સાંભળી
વીર પ્રભુ પ્રસન્ન થઇને બોલ્યા—હે જયંતી, કેટલાએક જીવો સુતા
સારા અને કેટલાએક જીવો જાગતા સારા. જયંતીએ વિન-
યથી કહ્યું, મહાનુભાવ ! કયા જીવો સુતા સારા અને
કયા જીવો જાગતા સારા ? એ મને સારી રીતે સમજાવો.
પ્રભુ બોલ્યા—સતી જયંતી, સાંભળ, જે જીવો ચારિત્ર-
ધર્મને અંગીકાર કરી તેને પાળતા ન હોય, જેઓ
તેને અનુસરવા ન હોય, જેઓ પૂજ્ય કે વડિલ જનને માન આ-
પતા ન હોય, જેઓ ધર્મજ્ઞાન મેળવી બીજાને ઉપદેશ કરતા ન
હોય, જેઓ ધર્મને માન આપતા ન હોય, જેઓ ધર્મને વિષે
પ્રેમ ધરતા ન હોય, જેઓ પોતાના કુળાચારને પાળતા ન હોય,
જેઓ અધર્મ તથા અનીતિથી પોતાની આજીવિકા ચલાવતા હોય
અને જેઓ દુરાચારને સેવનારા હોય તેવા જીવો હમેશાં સુતા
સારા, જાગતા સારા નહિ; કારણ કે જો તે જીવો જાગતા હોય
તો બધા પ્રાણીઓને દુઃખ અને પરિતાપ કરનારા થાય છે. અને જો
તેઓ સુતા હોય તો પ્રાણીઓને દુઃખ અને પરિતાપ કરનારા થતા
નથી. માટે એટલા રૂપી જીવો છે, તે બધા સુતાજ સારા છે.
હે જયંતી, જે જીવો ચારિત્રધર્મને પાળનારા, તેને અનુસરનારા,
પૂજ્ય તથા વડિલવર્ગને માન આપનારા, ધર્મકરણીથી પ્રસિદ્ધિ
પામેલા, ધર્મનો ઉપદેશ કરનારા, ધર્મને આદર આપનારા, ધર્મને
વિષે પ્રેમ રાખનારા, સદાચારને સેવનારા, ધર્મ તથા નીતિથી પો-
તાની આજીવિકા ચલાવનારા અને દુરાચારનો ત્યાગ કરનારા હોય,
તેવા જીવો જાગતા સારા; કારણ કે જો તે જીવો જાગતા હોય તો
સર્વ પ્રકારે પ્રાણીઓને સુખ આપનારા અને તેમના પરિતાપને
હરનારા થાય છે; તેમજ તેવા જીવો આ દુનિયામાં અનેક પ્રકા-
રના ઉપકાર કરનારા થાય છે. હે જયંતી, એટલાજ માટે મેં તને
કહ્યું છે કે, આ જગતમાં કેટલાએક જીવો સુતા સારા છે અને કેટ-

તે રીતે ક્રોધને વશ થયેલા પ્રાણી વિષે પણ સમજી લેવું."

વીર પ્રભુની આ વાત સાંભળી સતી જયંતીના મનમાં અતિ આનંદ આવી ગયો અને તે પછી તે મહાસતી ઉત્તમ ભાવના ભાવતી પ્રભુને વારંવાર વંદના કરવા લાગી. પછી જયંતીના હૃદયમાં વૈરાગ્યભાવ ઉત્પન્ન થઇ આવ્યો. તેથી તેણીએ પ્રભુની પાસે વ્રત લેવાની માગણી કરી. દયાળુ પ્રભુએ એ મહાસતીને અધિકારિણી જાણી પંચમહાવ્રત ધારણ કરાવ્યાં. તે વખતે તેના ભત્રીજા ઉદાયન રાજાએ પોતાની ફઇ જયંતીની દીક્ષાનો ભારે ઉત્સવ કર્યો હતો.

સતી જયંતીએ સાધ્વી થઇ પૃથ્વીમાં વિચરી આર્હત ધર્મનો પવિત્ર ઉપદેશ આપી ઘણી શ્રાવિકાઓનો ઉદ્ધાર કર્યો હતો. આથી સતી જયંતીનું ચારિત્ર ભારતવર્ષે ઉત્તમ કીર્તિને પ્રાપ્ત થયું હતું. એ રાજપુત્રીએ પોતાની ક્ષત્રિયવટ પેતે ધારણ કરેલા મહામનોમાં દર્શાવી હતી. તેણીએ શ્રાવિકાધર્મ અને સાધ્વીધર્મને સારી રીતે ઉન્નતિએ પહોંચાડ્યો હતો. આખરે તે ધી સતી જયંતીએ આર્હત ધર્મની વૈજયંતી બની જૈન સતીઓમાં પ્રખ્યાત થયેલ છે.

સાધર્મી બ્હેનો, આ મહા સતીના પવિત્ર જીવનમાંથી સાર ગ્રહણ કરજો. સતી જયંતીના જીવનની પ્રભાએ જૈન પ્રજામાં ભારે પ્રકાશ પાડ્યો છે. જૈન સતી મંડળમાં અગ્રવર્તી થયેલી જયંતીનું ગુણકીર્ત્તન જૈન આર્ય પ્રજા કરતી હતી, કરે છે અને કરશે. આ પ્રભાવ શેનો છે? એમ પ્રશ્ન થતાં તેનો ઉત્તર એટલોજ મળશે કે, શીલરૂપ કલ્પલતાનો એ દિવ્ય પ્રભાવ છે. શીલવલ્લીથી આર્ય અબળાઓ ધર્મમાં પ્રબળ થઇ છે, સ્ત્રીજાતિનું લાઘવ છતાં તેમણે ગૌરવતા મેળવી છે. સ્ત્રીજાતિ પરતંત્ર છતાં તેણે સ્વતંત્રતાના જેવું સુખ મેળવ્યું છે. જે ગુણ અબળાનું મનોહર ભૂષણ છે, જે ગુણશ્રી અબળા પોતાની પવિત્રતાથી રોગ તથા શોકવાળા આ સંસારમાં સુખ અને શાંતિનું રાજ્ય ફેલાવે છે, તે ગુણથી સાધ્વી જયંતી હંમેશાં વાસ્તે અલંકૃત હતી. તેણે કરીને મહાનુભાવા આ જગતમાં અક્ષય કીર્ત્તિ રાખી ગઇ છે. ધન્ય છે તેણીના અવતારને!

રની રાહ જોઈ રહ્યો હતો. તેમ વળી વિદ્વાન્ અને વ્યવહાર
મને જાણનારા દેવકે ઉત્તમ કેળવણી લીધી હતી, તેથી તે
વક પુત્રી કેવા વરને આપવી જોઇએ, એ વાત સારી રીતે
મજતો હતો. "જે દંપતી વય, સ્વભાવ અને ગુણથી સમાન
ય તે આલોક તથા પરલોકમાં સુખી થાય છે." એ સિદ્ધાંત ચ-
તુર દેવકે સિદ્ધ કર્યો હતો. જેની સાથે યાવજ્જીવિત રહી સુખ
દુઃખ ભોગવવાનું છે અને જેને આધારે આ સંસારનો મહા માર્ગ
પ્રસાર કવાનો છે, તેવો યોગ્ય પુરૂષ સ્ત્રીને મળવો જોઇએ અને તેવી
યોગ્ય સ્ત્રી પુરૂષને મળવી જોઇએ. આ વ્યવહારનું આદિસૂત્ર
દેવક સારી રીતે જાણતો હતો. આજકાલ લાકડે માકડું વળગાડી
દેવાની કુરીતિ તે સમયે પ્રવર્ત્તતી નહતી. વર કન્યાના પરસ્પર
યોગ્ય ગુણ જોઈ તેમનો સંબંધ જોડવામાં આવતો હતો. ઘણે ભાગે
કન્યાઓને પણ સ્વતંત્રતા આપવામાં આવતી અને તે સદુપયોગ
કરતી હતી. કોઇપણ પુરૂષના ગુણ સાંભળી આર્ય કન્યા તેને વર-
વાનો નિશ્ચય કરતી અને પોતાની ઇચ્છા વડિલ જનને જણાવી તે
સમતમાં પણ લાવતી હતી. એકવાર મનમાં ધારેલા પુરૂષને તે
આગ્રહથી વરતી અને મનથી વરેલા પતિને તે વિવાહિતના જેવો
ણતી હતી. આ ઉત્તમ રીતિથી સાંપ્રતકાળે આર્ય જૈનપ્રજા દુર
તી જાય છે. વરનો બાપ કન્યા ગમે તેવી હોય તે પણ ધન તરફ
ડે છે અને કન્યાનો પિતા વરના ગુણદોષ જોયા વગર કુલ અને
લા (લક્ષ્મી) તરફ આકર્ષાય છે. કુલવાનનો પુત્ર પારણા-
માથી વરે છે અને તે વય, ગુણ અને સ્વભાવના કજોડાના મહા ક-
ષ્ટનો ભોગ થઇ પડે છે. આ હાનિકારક રીવાજો પૂર્વકાલે હતા નહીં
અને કેળવાએલી જૈનપ્રજા તેવા રીવાજોની ઉત્પત્તિને પ્રથમથીજ અ-
વકાશ આપતી નહતી. એથી તે સમયે શ્રાવકપ્રજા સાંસારિક સુખ-
નો અતિ આનંદ મેળવતી અને પોતાની સર્વ પ્રકારની ઉન્નતિ
સંપાદન કરી શકતી હતી.

આ સમયે યદુવંશમાં સમુદ્રવિજય રાજા રાજ્ય કરતા હતા.
તેને વસુદેવ નામે એક ભાઈ હતો. એક વખતે રાજા સમુદ્રવિજયે


ઘાત કરવાને ઉપાય શોધવો.

એક વખતે કંસ મથુરા નગરીમાં વસુદેવની પાસે ગયો. મોઢું પડી ગયેલ ને શ્યામ થયેલું જોઇ કંસને વસુદેવે કહ્યું, કે મિત્ર, ઉદાસીન કેમ દેખાય છે ને મારી પાસે આવવાનું કારણ જણાવ, આપણે બધા એકજ છીએ, માટે જે કાંઇ ઇચ્છા હોય તે ખુશીથી માગ, જે કરીશ ને બધું આપવા ખુશી છું. ત્યારે કંસે દેવકીના સાતે ગર્ભની માગણી કરી. આ વખતે દેવકી પણ પાસેજ હતી, તેથી વસુદેવે દેવકી સામું જોયું. કંસના દુષ્ટ અભિપ્રાયને નહીં જાણવાથી ને બંને દંપતીએ કબુલ કર્યું; કારણ કે બંનેને ગાઢ પ્રીતિ હોવાથી કદાચ મારા છોકરાંઓને કંસ મોટા કરે અગર કંસના છોકરાઓને હું પાળી મોટા કરૂં તેમાં કશું અંતર નથી: આમ સહુ જોવા આવવાથી તે દંપતીએ સાતે ગર્ભ આપવા હા પાડી. અનુક્રમે દેવકીને ગર્ભ રહ્યો ને પુત્રનો જન્મ થયો. આવા અવસરે ભદ્દિલપુરના નાગશેઠની સ્ત્રી સુલસા નામની હતી, જેને ઉત્પન્ન થતા છોકરાઓ જન્મતાંની વારજ મરી જતા. તેણીએ હરિણૈગમેષી દેવનું આરાધન કરવાથી તે પ્રસન્ન થયો ને જે દેવકીને પુત્ર જન્મે પામે તેજ પુત્ર ત્યાંથી ઉપાડી સુલસાને સોંપ્યો ને પોતાને જે પુત્ર મરેલ જન્મે તે પુત્રને ઉપાડી દેવકીની પાસે મુકી દીધે. આવી રીતે છ પુત્રો સુલસાને આપ્યા ને તેના છ પુત્રો જે મૃતસ્વરૂપ જન્મેલા હતા તે પુત્રો દેવકી પાસે રાખ્યા. તે મરેલ પુત્રોને નિર્દય કંસે પથ્થરની શીલા ઉપર પછાડી તેમના કટકે કટકા કરી નાખ્યા. આ બધું સ્વરૂપ દેવકી તથા વસુદેવના જાણવામાં આવ્યું, પણ પોતે વચનથી બંધાયેલ તથા દેવકી પતિવ્રતા હોવાથી કાંઇ બોલી નહીં. તેઓને ખબર નહતી કે આ બધા બાળકો દેવ રૂપાથી જીવે છે ને તેમને બાળકે મરેલ ગર્ભ મુકી દે છે. વળી દેવકીના મનમાં પણ ધીરજ હતી કે મેં ધીરજ રાખી હતી. જ્યારે જન્મ થયા કે તરતજ દેવે લઇ જઇને સુલસાને સોંપ્યા, તેણે તેમને ઉછેરી મોટા કર્યા. તેઓના અનુક્રમે નામ અનીકયશ, અનંતસેન, અજિતસેન, નિહતારિ, દેવયશા અને શત્રુસેન એવા નામ હતા.

એ પ્રેમાળ દંપતી ઉપર ઘણો વિશ્વાસ હતો, અને તેથીજ કંસના ભયથી છુપી રીતે પોતાનો પુત્ર કૃષ્ણ તેમને સોંપ્યો હતો. સદ્‌ગુણી યશોદા કૃષ્ણને પોતાના ખાસ પુત્રવત્ જાણતી હતી, અને તેની ઉપર અપાર વાત્સલ્ય ધારણ કરતી હતી. યશોદાએ બાલ કૃષ્ણને ઉત્સંગમાંથીજ સારી કેળવણી આપવા માંડી હતી અને નાની વયમાં સર્વ પ્રકારની કળાઓ તેને સંપાદન કરાવી હતી, જે કૃષ્ણ વાસુદેવને તેના જીવનમાં કીર્તિદાયક થઇ પડી હતી. માતાએ આપેલી કેળવણી સંતાનોને કલ્પતરૂપ થઈ પડે છે, એ વાત પ્રાચીન સતીઓના જીવનચરિત્રમાં સ્થાને સ્થાને મળી આવે છે.

એક વખતે શ્રી નેમિનાથ ભગવાન્ દ્વારકામાં સમોસર્યા હતા. તે ખબર જાણી સતી દેવકી તેમને વંદના કરવા ગઇ હતી. સતીએ પ્રભુને વંદના કરી તેમની પાસેથી ધર્મ સાંભળ્યો હતો. પ્રભુની ઉપદેશવાણીએ સતી દેવકીના હૃદયમાં સારી અસર કરી હતી અને તેથી તેણીએ પ્રભુની પાસે ગૃહસ્થના બાર વ્રત અંગીકાર કર્યા હતા. ત્યારપછી દેવકી શુદ્ધ શ્રાવિકા બની હતી. અનુક્રમે શુદ્ધ ધર્મ પાળી એ શુદ્ધ શીલવતી દેવકી મૃત્યુ પામીને સ્વર્ગે ગઈ હતી. એ મહા- [illegible] પાછી સ્વર્ગમાંથી ચ્યવીને મનુષ્યલોકમાં અવતરશે અને તે ભવમાં કર્મનો ક્ષય કરી મુક્તિને પ્રાપ્ત કરશે.

સતી દેવકીના જીવનનો છેડો મુક્તિ સુધી પહોંચવાનો છે. એ મહાસતીના સુકૃતો એવા પ્રબલ થયા હતા કે, જેથી તેણીનું પવિત્ર જીવન આ માનવલોકમાં યાવચ્ચંદ્ર દિવાકર સુધી ગવાશે. ધન્ય છે એ વાસુદેવની માનનીય માતા દેવકીને !



પૂર્વે ચંપાનગરીમાં સોમદેવ, સોમભૂતિ અને સોમદત્ત નામના ત્રણ બ્રાહ્મણ ભાઇઓ વસતા હતા. તેમને અનુક્રમે નાગશ્રી, રતિભૂતિ અને યક્ષશ્રી નામની સ્ત્રીઓ હતી. ત્રણે સ્ત્રીઓ પોતપોતાને વારે તેમના સર્વ કુટુંબની રસોઇ કરતી હતી. એક વખતે રસોઇ કરવાનો વારો સોમદેવની સ્ત્રી નાગશ્રીનો હતો. તેણીએ ઉત્તમ રસવતી બનાવી અને સાથે સરસ તુંબડાનું શાક બનાવ્યું; શાકના દેખાવ ઉપરથી તેણીએ વિચાર્યું કે; આ તુંબડીનું શાક તો કડવું હશે, પણ એના વઘાર વિગેરેમાં પૈસાનો ખર્ચ થયો છે, માટે બહારથી એ નાખી કેમ દેવાય? એમ ધારી તે એક જુદા પાત્રમાં કાઢી નાખ્યું, ને બીજું નીપજાવી સર્વ કુટુંબને જમાડ્યું. એવામાં તે નગરમાં ધર્મઘોષ મુનિ આવેલા હતા, તેમના શિષ્ય ધર્મરૂચિ માસખમણને પારણે નાગશ્રીને ઘેર ભિક્ષા અર્થે આવ્યા. યતિ ઉપર દ્વેષ રાખનારી તે દોલી નાગશ્રીએ પેલું રાખી મુકેલું કડવા તુંબડાનું શાક તે મુનિને વહોરાવ્યું. તે લઇને શિષ્ય ગુરૂ પાસે આવ્યા. તેણે આલોચ્યો તુંબડીનો આહાર જોઇને ગુરૂએ કહ્યું, આ તુંબડીનું અતિ કડવું છે; તેથી પ્રાણનાશક છે, માટે એને કોઇ નિરવદ્ય સ્થાનને વિષે પરઠવી આવ. ગુરૂનો આદેશ સાંભળી શિષ્ય ઉદ્યાનમાં ગયા. ત્યાં જ્યાં જ્યાં એક બિંદુ ભૂમિ ઉપર પડી ગયું. તેથી એકી વખતે હજારો કીડીઓ મરી ગઇ! તે જોઇ ધર્મરૂચિ શિષ્યે વિચાર્યું — જો હું આ તુંબડીનું શાક ભૂમિને વિષે પરઠવીશ, તો ઘણા જીવની હાનિ થશે, માટે હું એનું ભક્ષણ કરૂં: "એવું વિચારી પોતે તે ખાઇ ગયા, તેથી તે શુદ્ધ સંયમ આરાધક મુનિ પંચપરમેષ્ઠીના ધ્યાનમાં પરાયણ થઇ મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. પછી ધર્મરૂચિ બહુ સમય થયો છતાં પાછા ફર્યા નહિ એમ જાણી ગુરૂએ બીજા સાધુઓને તેની શોધમાં મોકલ્યા. સાધુઓએ તેનું મૃત્યુ થયેલું જોઇ તેનાં ઉપકરણો ગુરૂ પાસે આણ્યાં. પછી ગુરૂએ જ્ઞાનથી જોયું કે, "તે સર્વાર્થસિદ્ધ વિમાને ગયો છે." પછી તેમણે એ વાત બીજા સાધુઓને જણાવી કે, "ધર્મરૂચિ મૃત્યુ પામેલ છે, પણ એને...

હતો, ત્રીજો પુરૂષ તેણીને પંખાવડે પવન નાખતો હતો, ચોથો તેણીના મસ્તક ઉપર છત્ર ધરીને રહ્યો હતો અને પાંચમો તેણીના કોમળ શરીરનો થાક ઉતારતો હતો. આ પ્રમાણે પાંચ પુરૂષોથી સેવાતી ગણિકાને જોઈ સુકુમારિકાએ વિચાર્યું—" અહો ! આ સ્રીને ધન્ય છે, કે જેની પાંચ પાંચ પુરૂષો સેવા કરે છે અને મને તો આજ ભવમાં પતિએ ફરી ફરીને ત્યજી છે." આવું વિચારી એ સાધ્વી સુકુમારિકાએ એવું નિયાણું કર્યું કે, "જો મેં આદરેલા આ તપનું કાંઇ પણ ફળ થવાનું હોય તો, મને પણ એનીજ પેઠે પાંચ ભર્તાર મળજો." તેણી પોતાના ઉગ્ર તપનું ઉત્તમ ફળ ઘુમાવી બેઠી.

પ્રવર્તિનીએ સુકુમારિકાને જુદા ઉપાશ્રયમાં રાખી હતી. સાધ્વી સુકુમારિકા અનુક્રમે આઠ માસસુધી સંલેખના કરી અંતે સૌધર્મ દેવલોકને વિષે નવ પલ્યોપમની આયુષ્યવાળી દેવી ઉત્પન્ન થઇ. ત્યાંથી ચ્યવીને તે આ કંપિલપુરને વિષે દ્રુપદ રાજાની પુત્રી પણે અવતરી છે. તેણીએ પૂર્વે કરેલા નિયાણાને લીધે અર્જુનના કંઠમાં આરોપેલી વરમાળા પાંચે પાંડવોના કંઠને વિષે પડીછે. એ પ્રમાણે એણીના પૂર્વ કર્મનો ઉદય થયો છે. હે દ્રુપદરાજા, હવે તે વિષેનો અફસોસ કરશો નહિ. કર્મની શક્તિ પ્રબળ છે. તેની મહાન્ શક્તિ આગળ કોઇ પણ ઘુરી શકતું નથી. પુરૂષ ગમે તેટલો બુદ્ધિશાળી હોય, પણ તેના કર્મથી પ્રેરાતો હોય, ત્યાં તે શું કરી શકે ? કારણકે, માનવ બુદ્ધિ તેના કર્મને અનુસરનારી હોય છે. પૂર્વ જન્મમાં ઉપાર્જન કરેલા શુભ અથવા અશુભ કર્મને દેવ કે દૈત્ય પણ અન્યથા કરી શકતા નથી. દ્રુપદીના પૂર્વભવનું આવું વૃત્તાંત સાંભળી ઘણાં માણસોએ તે ચારણ મુનિની પાસે આર્હતધર્મ અંગીકાર કર્યો હતો. રાજા દ્રુપદ શુદ્ધ શ્રાવક થઈ ધર્માચરણ કરવામાં તત્પર થયો હતો.

તે મુનિના ગયા પછી દ્રુપદરાજાએ પાંચે પાંડવોની સાથે દ્રુપદીને પરણાવી અને આ બનાવથી લોકોને મોટું આશ્ચર્ય થયું હતું.

પછી પાંચે પાંડવો દ્રુપદીને લઈ પોતાના નગરમાં આવ્યા

સાંભળી સતી દ્રૌપદી વિચારમાં પડી ગઈ. આ દેશ કયો, હું ક્યાં
અહીં મને કોણ ઉપાડી લાવ્યું વિગેરે વિચાર કરવા લાગી. પદ્મો-
ત્તરે તેને જણાવ્યું કે આ ધાતકી ખંડ નામા દ્વીપ છે. તેમાં અમરકંકા
નામે આ મારી નગરી છે નારદના મુખથી તારી પ્રશંસા સાંભળી
આ દેવે તને મારી પ્રિયા કરવા આણી છે. આવાં તેનાં વચન
સાંભળી દ્રૌપદી વિચારમાં પડી "હવે કેમ કરવું વળી આ દુષ્ટ પાસે
મારૂં શીલ કેવી રીતે હું સાચવીશ તેને ઘણી રીતે સમજાવ્યો છતાં
જ્યારે તે ન માન્યો ત્યારે દ્રૌપદીએ વિચાર કર્યો કે હમણાં જેવો
તેવો ઉત્તર આપી કાલનું ઉલંઘન કરૂં તેટલામાં કોઈ મારી શોધ
માટે આવશે તો ઠીક નહીં તો પછી અગ્નિ શરણ કરી પ્રાણત્યાગ
કરેશ" આમ વિચાર કરી તેણે પદ્મોત્તરને જણાવ્યું કે છ માસ
સુધી જો કોઈ મારી શોધ માટે અહીં નહીં આવે તો પછી તું
કહીશ તેમ હું કરીશ. આવું વચન દ્રૌપદીનું સાંભળી પદ્મોત્તર ઘડી-
ભર વિલંબ સહવા સમર્થ ન હતો તોપણ તેણે વિચાર્યું કે સાહ-
સક કરિશ તો કદાચ આ સ્ત્રી પ્રાણત્યાગ કરશે તોપણ સારૂં નહીં
વળી છ માસ હમણાં ચાલ્યા જશે વળી આ દીપમાં આટલે
બધે દૂર કોણ આવનાર છે એમ ધારી દ્રૌપદીનું વચન માન્ય
કર્યું. પછી રાજાએ દ્રૌપદીને ગામબહાર રહેલ બગીચામાં જાપ-
તામાં રાખી હતી. ત્યાં તે મહાસતી પંચપરમેષ્ઠીના ધ્યાનમાં
લીન થઈ છઠ અઠ્ઠમ વિગેરે તપસ્યા કરતી રહેતી હતી.

અહિં પાછળ હસ્તિનાપુરમાં દ્રૌપદીનું હરણ થયેલું જાણી
પાંચે પાંડવો ચિંતાતુર થઈ ગયા. તેઓએ સતીની શોધ કરવા
ઘણો પ્રયત્ન કર્યો, પણ કોઈ ઠેકાણે તેણીનો પત્તો લાગ્યો નહીં.
પછી પાંચે પાંડવો પોતાની માતા કુંતી જે કૃષ્ણની ફોઈ થાય છે
તેને કૃષ્ણની પાસે મોકલ્યા અને તે સર્વ વૃત્તાંત તેને નિવેદન ક-
ર્યો તે સાંભળી કૃષ્ણ પણ ચિંતામાં પડ્યા. ત્યાં નારદ મુનિ અ-
ચાનક આવી ચડ્યા. નારદને જોતાંજ કૃષ્ણે કહ્યું, "હે સતત
વિહારી મુનિ, તમે ક્યાંયે પણ દ્રૌપદીને જોઈ છે? નારદે કહ્યું,
"ધાતકીખંડમાં આવેલી અમરકંકા નગરીના રાજા પદ્મોત્તરના

લાગ્યો. હેમદાસની, મને બચાવ. કૃષ્ણ પાસેથી મેં ગાઢ અપરાધને
માટે ક્ષમા માગી છે. આ વખતે કૃષ્ણ પણ ત્યાં આવી પહોંચ્યા ને દ્રૂપ-
દીની પાસે આજીજી કરતો પદ્મોત્તરને જોયો. સતી દ્રૂપદીના વચન-
થી પદ્મોત્તરને અભય કર્યો ને પાછા દ્રૂપદી મહાસતીને લઈ પાંડવોને
મળી પાછા વળ્યા હતા. આ વખતે એવું બન્યું છે, ધાતકીખંડ-
ના જિનેશ્વર પાસેથી ત્યાંના વાસુદેવે સાંભળ્યું છે, "જંબૂદ્વીપનો
વાસુદેવ શ્રીકૃષ્ણ અહીં આવ્યો છે" તે ઉપરથી તે સમુદ્રને કાંઠે
તેને મળવા ગયો, ત્યાં બંને વાસુદેવે શંખ પૂર્યો પછી બધાએ સ-
મુદ્ર ઉતરી ગંગાને કાંઠે આવ્યા હતા. અહિં એવું બન્યું છે, પાં-
ડવો ત્યાંથી પહેલા નાવમાં બેસીને નદી ઉતરી ગયા હતા. પણ તે-
મણે કૃષ્ણના બળની પરીક્ષા કરવાને એ નાવને પાછું મોકલ્યું ન-
હિં જ્યારે નાવ આવ્યું નહીં એટલે સમર્થ કૃષ્ણ વાસુદેવ ભુજા-
વટે નદી ઉતરી પાંડવોની પાસે આવ્યા હતા. પોતાને માટે પાંડ-
વોએ નાવ મોકલ્યું નહીં, એથી કૃષ્ણ પાંડવોની ઉપર કોપાયમાન
થયા અને તેમણે તેમનું હસ્તિનાપુરનું વિશાળ રાજ્ય લઈ લીધું
હતું. માત્ર તેમને રહેવાને દક્ષિણ મથુરાનો થોડો પ્રદેશ
આપ્યો હતો.

દ્રૌપદીના આવવાથી કુંતી હર્ષ પામી અને પોતાની સતી પુત્ર-
વધૂને જોઈ તેણીના નેત્રમાંથી આનંદના અશ્રુઓ પડ્યા હતા વળી
સતીના આવવાથી તેણીએ ઘણાં પુણ્યદાન કર્યાં હતા અને નગરમાં
મોટી ધામધુમથી ઉત્સવ કર્યો હતો.

સતી દ્રૂપદી જ્યારે પોતાની પૂજ્ય સાસુને પગે પડ્યા ત્યારે
તેણીએ જે પોતાના સ્નેહના ઉદ્ગાર કાઢ્યા હતા, તે દરેક પવિ-
ત્ર સ્ત્રીએ મનન કરવા યોગ્ય છે. પવિત્ર હૃદયની કુંતીએ પોતાની પુત્ર-
વધૂને નીચે પ્રમાણે કહ્યું હતું.—

"વત્સે, તું કુશળક્ષેમ પાછી આવી તેથી મને ઘણો આનંદ
થાય છે. તારા વિના આ મારું સમૃદ્ધિવાન્ ઘર પણ મને સ્મશાન
જેવું લાગતું હતું. તારો પ્રેમ, તારી નમ્રતા, તારો વિનય, તારી ભક્તિ
અને તારું ઉંચી જાતનું વર્તન મને વારંવાર યાદ આવતું અને

પ્રકાર કરતી હતી સતી દ્રૂપદીને વાંચન અને લેખનનો ઘણો શોખ હતો. જ્યારે ગૃહકાર્યમાંથી અને પતિઓની સેવામાંથી પરવારતી ત્યારે તે નવા નવા પુસ્તકો વાંચતી અને ઉપયોગી વિષયોના લેખ લખતી હતી. સતીને બધા અનુયોગ વાંચવામાં પ્રેમ હતો, તથાપિ તેઓને દ્રવ્યાનુયોગ અને ચરિતાનુયોગ ઉપર વિશેષ પ્રેમ હતો. તે સર્વે તેઓ બીજાને કેળવણી આપવાને વધારે ઉત્સુક રહેતી હતી. પાંડવોના ધાર્મિક દરબારમાં દ્રૌપદી તરફથી બાળશ્રાવકો અને બાળ શ્રાવિકાઓને કેળવણીમાં સારી મદદ આપવામાં આવતી હતી. તેમજ તેમને ઉત્તમ પ્રકારનું ઉત્તેજન આપવામાં આવતું હતું.

એક વખતે શ્રી નેમિ ભગવાન્ મથુરામાં આવી સમોસર્યા. તે ખબર સાંભળી કુંતી પાંચે પુત્રો તથા દ્રૌપદીને લઈ તેમને વંદન કરવા ગઈ. ત્યાં પ્રભુએ તેમને ધર્મોપદેશ આપ્યો હતો. જેમાં માનવ જન્મ, આર્ય ક્ષેત્ર, ઉત્તમ જાતિ, સારૂં કુળ, સુંદર રૂપ, આરોગ્ય, દીર્ઘ આયુષ્ય, સદ્ બુદ્ધિ, શાસ્ત્રશ્રવણ અને શુદ્ધ સંયમ–એ સર્વ પામવાની દુર્લભતા જણાવી હતી. અને તે ઉપર અસરકારક દૃષ્ટાંતો આપી શ્રોતાઓના મનને રંજન કર્યા હતા. તે સાંભળી કુંતી, પાંચ પાંડવ અને દ્રૂપદીએ સમકિતમૂલ બાર વ્રત અંગીકાર કર્યાહતા.

અનુક્રમે સતી દ્રૂપદીને ઉત્તમ સંતાનો પ્રાપ્ત થયા હતા. જે ઓને એ સુજ્ઞ માતાએ સારી કેળવણી આપી ધર્મ તથા સંસારને લાયક બનાવ્યા હતા. પાંડવો જ્યારે વૃદ્ધ વયે પહોંચ્યા ત્યારે તેમણે પોતાના પુત્રોને રાજ્ય સોંપી માતા કુંતી અને સતી દ્રૂપદીની સાથે ગુરૂ પાસે દીક્ષા લીધીહતી.

આર્યા સતી દ્રૂપદી ચારિત્ર લઈ ભારતના જૈન તીર્થોમાં વિચરી હતી અને અનેક શ્રાવકતથા શ્રાવિકાઓને તેણીએ ધર્મનો ઉપદેશ આપ્યો હતો. દ્રૂપદીએ ચારિત્ર લઈ વિવિધ જાતની તપશ્ચર્યા કરીહતી. છે વટે એ મહાસતીસૌરાષ્ટ્ર દેશના વિખ્યાત તીર્થ રાજ સિદ્ધ ગિરિ ઉપર આવી હતી. ત્યાં તપસ્યા કરી આયુષ્યનો ક્ષય થતાં મૃત્યુ પામી પાંચમા દેવલોકમાં ગઈ હતી. ત્યાંથી ચવીને એ મહાસતી અલ્પ ...રમાં મોક્ષપદની અધિકારી થશે."

સદા પ્રસન્ન રહેતી. તે હંમેશ, પાપી અને શાપથ હતી. સંકેત નમયે નહીં સમરતાં અને તેટલે ઉપયોગ નેથી, તે વ્યવહારમાં કેળવ હતી. તેણીનામાં પુરૂષના જેવું જ હતું. અને તેના પ્રસંગે પણ તે નિત્ય ઉપયોગ આપતી. ધારિણી પોતાના પિતા, ચેટક અને પરસ્ત્રીને ખબર આપી કે ગવરાવી લીધી હતી તે શુદ્ધ કેળવણીને લીધે હતું. પણ હવે - હતી. ચેટકે તેણીનું ઘણું વર્ણન શુદ્ધ હતું. આજ કાલ ઘણી સ્ત્રીઓ કેળવાયેલી દેખાય છે, પણ તે ભણતર ખરી નથી. એ તેમની શુષ્ક કેળવણી છે, પણ તે પ્રમાણે વર્તન પછી જેને પડી જવું અને તે તેનું વર્તવું નહિ એ કેળવણી કહેવાતી નથી. કારણકે ... કેળવણી ધર્મના સંસ્કાર વગરની હોવાથી શુષ્ક કેળવણી કહેવાય છે. આથી ઘણી યુવતિઓ કેળવણી લઈ વિદુષી થયાં તેમના પ્રવર્તન દૂષિત દેખાય છે. સતી ધારિણી તેવી શુષ્ક કેળવણી પામી નહતી, તે યથાર્થ કેળવણી પામી હતી. આથી ધર્મ, નીતિ અને રીતિના સંરક્ષણમાં તે ઘણી તત્પર થઈ હતી.

સતી ધારિણી પોતાના પતિ દધિવાહન ઉપર પવિત્ર અને શુદ્ધ પ્રેમ રાખતી હતી તેમજ રાજા દધિવાહન પણ તેણીની ઉપર તેવો પ્રેમ રાખતો હતો. પવિત્ર પ્રેમરાગ અને દંપતી પોતાના ગૃહવાસમાં ઘણાંજ સુખી હતા. સંસારના વૈભવ સુખની સાથે તેઓ વિવિધ વિલાસ કરતાં અને ધર્મની ચર્ચાઓ કરી આત્માને અનુપમ આનંદ આપતા હતા.

સતી ધારિણીને વસુમતી નામે એક પુત્રી થઈ હતી. તેણીની માતા ધારિણીની પાસેથી ઉત્તમ શિક્ષણ મેળવ્યું હતું. માતા અને પુત્રી હંમેશા સાથે રહી વિદ્યા વિનોદ કરતાં અને ધાર્મિક ક્રિયા તથા તપ આચરતા હતાં. સતી ધારિણીએ પોતાના રાજમહેલની પાસે એક પૌષધશાળા રચાવી હતી, તેમાં તે હંમેશા વસુમતીની સાથે સામાયિક પ્રતિક્રમણ વગેરે આવશ્યક ક્રિયા કરતી. કોઈ પર્વનો દિવસ આવે ત્યારે તે સતી નગરની શ્રાવિકાને બોલાવતી અને શ્રાવિકાઓના મંડળમાં પોતે મુખ્ય થઈ સારા

...ધિવાહન રાજાની રાણી અને ચેટક રાજાની દુહિતા છું. મા... ...કુળ શુદ્ધ અને નિષ્કલંક છે. તેમ વળી હું આર્હતધર્મ... ...સના કરનારી શુદ્ધશ્રાવિકા છું. અરે દુરાચારી, તું અજ્ઞાની... , શ્રાવિકાઓના શીલનાપ્રભાવ ન ... ... સાંભળ્યાં નથી ? ... નહીંતો તું આવાં દુર્વચનો બોલે નહિ. સતીશ્રાવિકા ... પ્રાણ જાય તોપણ શીલનો ભંગ કરતી નથી. અરે પા... ...રા આત્માનો વિચાર કર. પરનારીના ભોગની ઇચ્છા કરવા ... જીવન કલંકિત થશે એટલુંજ નહીં પણ તારે ભયંકર નરક... ...ડીઓ ભોગવવી પડશે. અરે ભાઈ, આ ચિંતામણિ જેવા માન... ...ને મેળવી તું શા માટે તેને વૃથા ગુમાવે છે ? તું દીર્ઘ વિચાર... ...જે. આ ધન, યૌવન વગેરે નશ્વર છે માત્ર ક્ષણિક સુખની ...ર તારી જીંદગીને તું શામાટે મલિન અને કલંકિત કરે છે? તમ... તું ગમે તેટલું કરીશ તોપણ જ્યાંસુધી પ્રાણ હશે ત્યાંસુધી આ ...નું શુદ્ધ શરીર તારા હાથમાં આવવાનું નથી. સતીના શરીર... ...ત્રતાં પતિ અને પુત્ર પછી અગ્નિજ સ્પર્શ કરે છે તે શિવાય ...નું કોઈ સ્પર્શ કરી શકતું નથી. "

સતીધારિણીના આ વચનો તે દુરાચારી સુભટની પાસણાને ... શકયા નહીં તેથી તે સ્ત્રીના શીલનું ખંડન કરવા બહુ બહુ ... માંડયું, પણ તે શીલવતીનું મન લેશ માત્ર પણ ડગ્યું નહીં. ... દુરાચારી સુભટે તે સ્ત્રીની ઉપર બળાત્કાર કરવા માંડ્યા, અં... ...ધારિણીએ શીલના રક્ષણ માટે પોતાના પ્રાણનો ભોગ કરી... ...ર્યો. મહાસતીએ શીલરત્નને અર્થે પોતાના પ્યારા પ્રાણ... ...ભોગ આપ્યો. ધન્ય છે, એ મહાસતીના જીવનને. આવી ...વતી શ્રાવિકાઓ એક વખતે આ ભારતભૂમિને અલંકૃત કર... ...તી. એ સમય પાછો હવે કયારે આવશે? આવી સતીઓથી જ ...ભારતવર્ષ વિશ્વમાં સર્વોત્કૃષ્ટ કહેવાયું છે. એથી દેવતાઓ ... આ સર્વોત્તમ આર્યભૂમિ ઉપર ચ્યવીને અવતાર લેવા ... છે.

જ્યારે સતીધારિણી પ્રાણરહિત થઈ ભૂમિ ઉપર સુતી તેવખતે

કરીશ. હું હમણાંજ જઈને રાજાને સર્વ વાત જણાવી દઈશ. જો ચોકય કદિ દાસી રૂપે આવે તોપણ હું તેણીને પાસે રાખવા ખુશી નથી. ચોકયવાળું કદિ રાજ્ય મળતું હોય તોપણ મારે તેનું કામ નથી; માટે આ છોકરીને બીજે મૂકી આવો." પોતાની સ્ત્રીના આવાં વચન સાંભળી તે સુભટ કોપી ચાલ્યો અને તે વસુમતીને બજારમાં વેચવા લઇ ગયો હતો. અને આખરે તે કોઈ ધનાવહ શેઠને ત્યાં વેચાણી અને તેણે પુત્રી તરીકે રાખી તે ચંદનબાળાના નામથી પ્રખ્યાત થઈ હતી. તે ચંદનબાળાના જીવન ચરિત્રનું આગળ વર્ણન કરવામાં આવ્યું છે.

સતી ધારિણીનું જીવનચરિત્ર અદ્ભુત છે. શીળને માટે પ્રાણાર્પણ કરનારી એ મહાસતી આ ભારત ઉપર પોતાની અક્ષયકીર્ત્તિ મૂકી ગઈ છે. ભારતની ધાવક મંડળીઓમાં ઉજ્વળ કીર્તિ ધારણ કરનારી ધારિણીનું યશોગાન જૈનસતી મંડળમાં અદ્યાપિ થયા કરે છે.

શત્રુથી પલાયન કરી ગયેલા રાજા દધિવાહને જ્યારે સાંભળ્યું કે, "પોતાની પ્રિયાએ પ્રાણાર્પણ કરી શીળની રક્ષા કરી છે." ત્યારે તે મહારાજાએ અતિ પરિતાપ સાથે ઉંચે સ્વરે જણાવ્યું હતું કે, "પ્રાણેશ્વરી ધારિણી, ધન્ય છે તારા જીવનને. તારા જેવી સતીને મેદાનમાં નિરાધાર મૂકી નાશી જનારા આ નિર્વીર્ય નૃપને ધિક્કાર છે. પ્રિયા, તેં તારા સતીજીવનને વર્ણવીને સુધાર્યું છે. પુત્રી વસુમતીને માટે મને ઘણો ખેદ થાય છે, પણ મને ખાત્રી છે કે, તારા જેવી કેળવાયેલી માતાની પાસે ઉછરેલી વસુમતી શીળની રક્ષા કરશે તેમાં કાંઈ પણ આશ્ચર્ય નથી."

"સુશિક્ષિત માતાની પુત્રીઓ સુશિક્ષિત થાય"—એ નીતિશાસ્ત્રનું વચન છે. પ્રાણ પ્રિયા, તને સ્વર્ગમાં શાંતિ મળશે અને તારો પવિત્ર આત્મા ચિરસુખનો સંપાદક થશે."

બ્હેનો, તમે સતી ધારિણીની પેઠે તમારા શીળની રક્ષા કરજો અને તમારા સતીજીવનને પરપુરૂષના પ્રસંગથી મલિન અને કલંકિત કરશો નહીં. વળી તે સાથે વિચાર કરજો કે, શીળ

જેવું છે, ને ચપેટું ખાધું ભાવતું નથી. ”

મંદિરની આવી દેશના સામની [illegible]

[illegible] હૃદયમાં [illegible] હૃદય[illegible] [illegible]

[illegible] લીધી હતી.

[illegible] અને [illegible] નામે બે પુત્રો [illegible] હતા. [illegible]

[illegible] હતી. [illegible]

[illegible]

[illegible] તે બન્ને પુત્રોને [illegible]

[illegible]

[illegible] હતી.

જેવું છે, તે ગયેલું પાછું આવતું નથી. ”

સૂરિવરની આવી દેશના સાંભળી આસ્તિક હૃદયવાળા ગોપાલના હૃદયમાં વૈરાગ્યભાવના જાગ્રત થઈ આવી. તેને આ સંસાર અને તેના પદાર્થો નાશવંત ભાસવા લાગ્યા. તે ઉપરથી ગોપાળે તે સૂરિવરની પાસે દીક્ષા લીધી હતી.

ગોપાલનો ભાઈ પાલક ગૃહાવાસમાં રહ્યો હતો. તેને દંતિવર્દ્ધન અને રાષ્ટ્રવર્દ્ધન નામે બે પુત્રો થયા હતા. બંને ભાઈઓને તેના પિતા પાલકે ધાર્મિક કેળવણીની સાથે વ્યવહારની કેળવણી આપી હતી. તેઓ ધર્મશાસ્ત્રમાં ઘણાં પ્રવીણ થયા હતા. તેઓમાં દંતિવર્દ્ધનની મનોવૃત્તિ ઉપર ધાર્મિક અસર જોઇએ તેવી થઇ ન હતી. કર્મયોગે તેણીની વૃત્તિ શંકા આકાંક્ષા વિગેરે દોષથી દૂષિત થયેલી હતી.

રાજા પાલકે તે બંને પુત્રોને બે રાજપુત્રીઓની સાથે પરણાવ્યા હતા. જ્યારે પુત્રો લાયક ઉમ્મરના થયા એટલે રાજા પાલકે દંતિવર્દ્ધનને રાજ્ય અને રાષ્ટ્રવર્દ્ધનને યુવરાજ પદવી આપી પોતે સંયમ ગ્રહણ કર્યું હતું. સંયમ લેતાંજ તેની પવિત્રવૃત્તિ ઉપર ચારિત્ર ધર્મની સારી પ્રભા પડી હતી. પાલકે જ્યારે પોતાની રાજ્ય લક્ષ્મીને તૃણવત્ ત્યજી દીધી ત્યારે લોકો કહેતા કે, ધન્ય છે રાજા પાલકને કે જેણે ક્ષણમાં રાજ્ય લક્ષ્મીને ત્યજી દીધી. આ ઉપરથી શાસ્ત્રનું વચન સત્ય થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે, “ જેટલા સમયમાં ચક્રવર્ત્તી પોતાની વિસ્તારવાળી સમૃદ્ધિને ત્યજે છે, તેટલા સમયમાં કોઇ ભુખભિક્ષુક પોતાના ખપ્પરને છોડી શકતો નથી.”

યુવરાજ રાષ્ટ્રવર્દ્ધનની સ્ત્રીનું નામ ધારિણી હતું. તેણીએ બાલ્યવયથી સારૂં જ્ઞાન સંપાદન કર્યું હતું. સતી ધારિણી સદ્‌ગુણવતી અને સ્વરૂપવતી હતી. તેણીના પવિત્રહૃદયમાં ધર્મભાવનાનો સારો પ્રકાશ પડયો હતો, તેણીએ ” કલ્પલતાના ફળ ચાખ્યાં હતાં, તેથી તે ” નારી અને તેનો પરમપ્રભાવ વધ્યર ર- સતીધારિણીને

થયો

રીને નદગુણી બન્યો હ-
ન અને આર્હતધર્મમાં
ખરો એક વીરપુત્ર
સેવી ઉત્તમ શિક્ષણ
મનન કરવા યોગ્ય છે.
ઉપરમતેઃ
લકે માતાને વિ
માતાએ કહ્યું,
કહેવાય? બાલકે
કહેવાય'
આપણા હાથીઓ
જે શરીરે મોટા
છે. શરીરની
અને ત્યારથી

તાના પુત્રને નમ-
પોતાના
કરતી હતી,
ને સુંદર રમ
તેના હૃદયમાં
ધારણ કરવા
સુકૃતીને શિખા-
આવી સતીને એ-
છે. તમારા જે-
કરવા ઇચ્છે છે.
છે." દૂતીના
આશ્ચર્ય પામી ગઇ.
રાજાને કહેજે
માન છું. વળી

જો તમે તમારી ઉન્નતિ કરવા ઇચ્છતા હો તો આવા અવનતિના માર્ગમાં જશો નહિ. પરસ્ત્રી ગમનથી પુરૂષ દેવતાના જેવો હોય, તોપણ આ લોકમાં દુઃખી થઈ પરલોકમાં નરકની પીડા ભોગવે છે. તે વિષે પોતાના પરાક્રમથી વિશ્વનો વિજય કરનાર રાવણનું ચરિત્ર યાદ કરજો. વિશેષમાં તે અધમ રાજાને જણાવજે કે, પરસ્ત્રીને દેખી વૃષભની જેમ નીચું જોઈ ચાલનારા પુરૂષો આ જગતને વંદન કરવા યોગ્ય થાયછે. જેઓ અકાર્ય કરવામાં આળસુ, પરજીવનો વધ કરવામાં પાંગળા, પારકી નિંદા સાંભળવામાં બ્હેરા, પારકા દોષ કહેવામાં મુંગા અને પરસ્ત્રીને જોવામાં આંધળા હોય છે, તેવા પુરૂષોનું જીવિત આ જગતમાં ધન્ય ગણાય છે. સ્વદારાસંતોષી બ્રહ્મચારિઓને દેવ, દાનવ, યક્ષ, રાક્ષસ અને કિંનર દેવતાઓ નમસ્કાર કરે છે." હે દાસી, તું આ મારા સુખના અસુર મારા જેઠ રાજા દતિવર્દ્ધનને જણાવજે.

દૂતીએ જઈ રાજાને ધારિણીના બધા વચનો કહ્યાં, જે સાંભળી રાજા નિરાશ થઈ ક્રૂર મને ચિંતવવા લાગ્યો. છેવટે તેણે નિશ્ચય કર્યો કે, "જ્યાંસુધી ભાઈ રાષ્ટ્રવર્દ્ધન જીવતો છે, ત્યાંસુધી એ ધારિણી મને અંગીકાર નહિ કરે. માટે પ્રથમ એનો ઘાત કરૂં. પછી એ એકલી અબળાને હું સુખે મેળવી શકીશ."

વાચકવૃંદ, જુઓ, વિષયવિકારની કેવી પ્રબળતા છે? માત્ર ક્ષણિક સુખને માટે દુરાચારી દતિવર્દ્ધન પોતાના સહોદર ભાઈને મારવા તૈયાર થયો. તેણે ભ્રાતૃહત્યાનો અને પંચેંદ્રિય જીવહિંસાનો જરાપણ વિચાર કર્યો નહિ. આનું નામજ શુષ્ક કેળવણી છે. ધર્મના પૂરે પૂરા સંસ્કાર થયા વગર કેળવણી લેનાર અને મનના વિકારી વેગનો રોધ નહીં કરનાર પુરૂષ વાસ્તવિક કેળવણી પ્રાપ્ત થયા છતાં પણ સન્માર્ગના સાથી થતા નથી. ઉજ્જયિનીના પતિ રાજાએ પોતાના બંને પુત્રોને સરખી કેળવણી આપી હતી, પણ રાષ્ટ્રવર્દ્ધનના હૃદયમાં જે ધાર્મિક સંસ્કારો લાગી ગયા, તે દતિવર્દ્ધનના હૃદયમાં લાગ્યા નહીં. જો કે આમાં કર્મપ્રકૃતિની સત્તા રહેવાની છે, તથાપિ કેળવણીરૂપ કલ્પવૃક્ષનો આશ્રય આપનારાએ

આંગણામાં મૂકી આવી. [illegible] વાર પછી રાજા અવંતિસેન ત્યાંથી પસાર થયો ત્યાં તે બાળક તેના જોવામાં આવ્યો. રાજાએ તેને લઈ લીધો. તેને બીજો પુત્ર ન હોવાથી તેને ઘેર લાવી પુત્રપણે સ્થાપી તેનો મહોત્સવ કર્યો. અને તે બાળકનું નામ મણિપ્રભ પાડ્યું. કુમાર મણિપ્રભ લાયક વયનો થતાં રાજા અવંતિસેન મૃત્યુ પામ્યો એટલે પ્રધાનોએ મળી મણિપ્રભને રાજ્યાભિષેક કર્યો હતો.

અહિં [illegible] કરી. પછી તપાસ કરતાં સતી પદ્મિની તેના જોવામાં આવી નહીં એટલે તેને ઘણો પશ્ચાત્તાપ થયો. પછી પોતાને સંતતિ ન હોવાથી પદ્મિનીના પુત્ર અવંતિસેનને રાજ્ય સોંપી પોતે વૈરાગ્યથી દીક્ષા ગ્રહણ કરી હતી.

અવંતિસેન ઘણો બળવાન રાજા થયો. તેનામાં તેજ, પ્રતાપ અને પરાક્રમ અગાધ રહ્યા હતા, તેથી તે ભારતવર્ષના ઘણાં રાજાઓને તાબે કરતા હતો. વીર્યના બળથી ગર્વ પામેલા અવંતિસેને એક વખતે કૌશાંબીના પતિ મણિપ્રભ પાસે દંડ માગ્યો. પણ માની મણિપ્રભે તેને દંડ આપ્યો નહીં. દંડ ન મળવાથી તેણે પોતાના સર્વ સૈન્ય સહિત આવીને કૌશાંબીને ઘેરો ઘાલ્યો હતો.

આ વખતે સાધ્વી પદ્મિની તે પ્રદેશમાં વિચરતા હતા, તેણીના જ્ઞાનમાં આવવાથી તેણીએ વિચાર્યું કે, "આ એકજ માતાના પુત્રો પરસ્પર અજાણ્યાથી લડાઈ કરે છે, માટે તેમને જઈને વારવા જોઈએ." આવું વિચારી સતી પદ્મિની ત્યાં આવી અને તેણીએ પોતાના પૂર્વના પુત્રોને સર્વ સ્વરૂપ જણાવી સમજાવ્યા. અને તેમને યુદ્ધથી નિવાર્યા. તે પછી બંને ભાઈઓ એક બીજાને ઓળખી પરસ્પર મળ્યા, અને પ્રીતિવાળા થયા હતા. પછી અવંતિસેન અને મણિપ્રભે [illegible] માતાને વિનંતિ કરી કે, "માતા આ અજ્ઞાન ભાઈઓને ઉપદેશ આપો." તે ઉપરથી સાધ્વી પદ્મિનીએ પોતાના પુત્રોને નીચે પ્રમાણે બોધ આપ્યો હતો.—

"પુત્રો, એ તમે તમારા [illegible]ને ઉત્તમ રીતિમાં મૂક્યું છે અને મનુષ્ય જન્મની સાર્થકતા કરી છે. તે તમે [illegible]

જકુમાર જયસેનને બચાવી લીધો. રાજા વિજયસેન તેથી ઘણો ખુશી થયો અને તેણે દત્તને ભારે સત્કાર કરી પોતાને ત્યાં રાખ્યો હતો.

એક વખતે રાજાએ તે દત્તને પોતાની સભામાં બોલાવીને કહ્યું, "ભાઈ દત્ત, તેં તારા ભાઈ જયસેન ઉપર જેવો ઉપકાર કર્યો છે, તેવી રીતે તારી બ્હેન કળાવતીને યોગ્ય સ્વામી શોધી આપી તે-ણીના ઉપર ઉપકાર કર અને મને આ ચિંતાસાગરમાંથી પાર ઉતાર." રાજા વિજયસેનના કહેવાથી દત્તે તેમ કરવાની હા પાડી અને પછી સતીકળાવતીનું સુંદરચિત્ર આલેખી લઈ તે વિદેશ જવાને તૈયાર થયો હતો.

કળાવતી કળાવતીનું ચિત્ર લઈ દત્ત ભારતના વિશાળ પ્રદેશમાં ભમવા લાગ્યો. અનેક નગર, ગામ, શહેર અને પીઠોમાં ફરતો ફરતો, અને કળાવતીને યોગ્ય એવા પતિને શોધતો શોધતો તે પોતાના શંખપુર નગરમાં આવ્યો. તે નગરમાં શંખ નામે રાજા રાજ્ય કરતો હતો. એક વખતે રાજા શંખ સભાભરી સિંહાસન ઉપર બેઠો હતો તેવામાં પેલો દત્ત રાજકુમારી કળાવતીનું ચિત્ર લઈને આવ્યો. રાજાએ ગજશેઠના પુત્ર દત્તને ઓળખ્યો અને કહ્યું, "દત્ત, આ-પૃથ્વી ઉપર ફરતાં તેં કાંઈ કૌતુક જોયું હોય તો કહે." દત્ત બોલ્યો:—"હું વેપાર અર્થે દેવશાળ નગરમાં ગયો હતો. તે નગરમાં મેં જે કૌતુક જોયું છે, તેનું સ્વરૂપ હું કહી શકતો નથી." એમ કહી-ને દત્તે રાજા શંખને એક પાટી બતાવી. તેમાં આલેખેલી કળા-વતીની સુંદર છબી જોઈને તેણે તો એમજ ધાર્યું કે, 'આ છબી કોઈ દેવાંગનાની છે.' પછી દત્ત હસીને બોલ્યો.—"રાજન્ એ દેવી નથી પણ માનુષી છે. દેવશાળ નગરના રાજા વિજયસેનની એ કળાવતી નામે પુત્રી છે. આ પુત્રી રૂપ લાવણ્યમાં દેવકુમારીને પણ પરાભવ કરે તેવી છે. વળી તે ધર્મ તથા વિદ્વત્તામાં કુશળ છે. જ્યારે તે વિવાહ યોગ્ય થઈ ત્યારે તેનો પિતા યોગ્ય પતિના શોધની ચિંતારૂપ સાગરમાં પડ્યો હતો. પછી તેણે પોતાની પુત્રીની ઇચ્છા જાણી સ્વયંવર રચવાનો નિશ્ચય કર્યો છે. 'જેમાં જે પુરૂષ તે કળાવતીના ચાર પ્રશ્નનો ઉત્તર આપે તેની સાથે તેનો વિવાહ કરવો." એ

કૃતાર્થ થયેલો શંખરાજ દત્તને સાથે લઈને સત્વર દેવશા-
લ નગર તરફ ચાલ્યો. તેને આવતો સાંભળી વિજયસેન રાજા-
એ પોતાના પુત્ર જયસેનને સામો મોકલ્યો. અને મહોત્સવ પૂર્વક
તેને નગર પ્રવેશ કરાવ્યો.

જ્યારે સ્વયંવરનો સમય થયો, ત્યારે ભારતવર્ષના સર્વ ભૂપતિઓ
સ્વયંવર મંડપમાં આવી માંચા ઉપર બેઠા. પછી જેને માટે છત્ર
ધારણ કરેલું છે એવી કલાવતી વિદ્યુતની જેમ મંડપને પ્રકાશ
કરતી સુખાસન ઉપર બેસી સખીઓના પરિવાર સહિત ત્યાં આવી.
તેનું અનુપમ સૌંદર્ય જોઈ સર્વ રાજાઓ ચકિત થઈ ગયા. અને
તેઓને વરવાની ઉમંગ ભરેલી આશાએ ધારણ કરવા લાગ્યા.
સુંદર પાણી કલાવતીની આજ્ઞાથી તેની એક પ્રતિહારી ઉભી રહી
બોલી — " મહારાજાઓ, આ રાજકુમારી કલાવતીના ચાર પ્ર
શ્નો છે ઉત્તર આપશે, તે આ કલાવતીના હસ્તકમળમાં રહેલી
વરમાળાને યોગ્ય થશે. તે ચાર પ્રશ્ન આ પ્રમાણે છે." દેવ કોણ?
ગુરૂ કોણ? તત્ત્વ શું? અને સત્વ કોને કહેવું? આ ચાર પ્રશ્નોના
ઉત્તર આપનાર નરપતિ રાજકુમારી કલાવતીનો પતિ
થશે."

તે સાંભળી સર્વ રાજાઓ પોતપોતાની બુદ્ધિ અનુસારે તેનો
ઉત્તર આપવા લાગ્યા, પણ અરિહંતની પ્રમાણ જેવી ક[illegible]
બીજો કોઈ મન્ય રાજાએ નહિ ત્યારે શંખરાજ ઉભો થઈને
બોલ્યો — "આ ચારે પ્રશ્નોના ઉત્તર આ સ્તંભ ઉપર રહેલી પૂતળી
આપશે." એમ કહી સ્તંભ ઉપર રહેલી પૂતળીના
મસ્તક ઉપર શંખરાજે હાથ મૂક્યો; એટલે પૂતળી બોલી —
"સાંભળો, હું એ ચાર પ્રશ્નોનો ઉત્તર આપું છું. વીતરાગ એ
દેવ છે, પંચ મહાવ્રત ધારણ કરનાર એ ગુરૂ છે,
સર્વજીવ ઉપર દયા રાખવી એજ તત્ત્વ છે અને ઇન્દ્રિય ઉપર
નિગ્રહ રાખવો એનું નામ સત્વ છે." પૂતળીના મુખથી આ
ઉત્તરો સાંભળી કલાવતી હૃદયમાં હર્ષ પામી. પછી તેણે મન-
કામના પૂર્ણ થયેલી માની તે દિવ્ય શંખરાજના કંઠને વિષે વર

ની ઉપર સ્નેહ જણાવા સારો પોશાક અને બે રત્નજડિત બેરખા તે આવનાર માણસોની સાથે મોકલાવ્યા હતા. માણસોએ જઈ શંખરાજાને કહ્યું, "અમારા રાજા વિજયસેને કહેવરાવ્યું છે કે, કળાવતીને મોકલો." સેવકોએ કહ્યાં છતાં શંખરાજાએ માન્યું નહીં અને કળાવતીને ન મોકલી. પછી તેઓ જયસેને મોકલેલ પોશાક તથા બે બેરખા કળાવતીને આપી પોતાને સ્થાનકે પાછા વળ્યા હતા.

એક વખતે કળાવતી પોતાના ભાઈ ઉપરના સ્નેહને લીધે પોતાના હાથમાં તે બન્ને બેરખા પહેરી સમાનવયની સખીઓની સાથે હસતી હસતી ગોખ ઉપર બેઠી હતી. વાત પ્રસંગે હર્ષિત થયેલી કળાવતીએ પોતાની સખીઓને કહ્યું, "અહો! જેણે આજ મને આવા અદ્ભુત બેરખા મોકલ્યા, તે ચિરંજીવીનો મારા ઉપર કેવો સ્નેહ! આવી સુંદર વસ્તુ મને બહુ દિવસે પ્રાપ્ત થઈ છે, તે મારા હસ્ત ઉપર એવી શોભે છે કે, આજ મારો જન્મ હું સફળ થયો માનું છું." તે વખતે તેણીની સખીઓ પણ કહેવા લાગી "મહાદેવી, જેવીરીતે ચંદ્રની પ્રીતિ કુમુદિની ઉપર હોય છે, તેવીરીતે નેની તમારા ઉપર પ્રીતિ છે."

કળાવતી અને સખીઓની આ વાતચિત ગોખ નીચે જતાં રાજાએ સાંભળી લીધી. તે સાંભળતાંજ રાજાના મનમાં શંકા ઉત્પન્ન થઈ. કારણકે, તે વાતચીતમાં કોઈએ તેવું સ્પષ્ટીકરણ થયું ન હતું, આથી રાજાને ખાત્રી થઈ કે, કળાવતી કલંકિત છે અને તે તેણીના કોઈ પ્રેમીની વાત કરતી હતી. તેથી રાજા શંખ અતિશય ક્રોધાયમાન થઈ ગયો અને કળાવતીના વચનો તેના શરીર ઉપર અંગારા જેવા લાગી આવ્યા. તેણે પોતાના મનમાં વિચાર્યું કે. "મને ધિક્કાર છે, બાહેરથી રક્ત એવી ચણોઠી ઉપર રૂચિ બતાવનારા મૂર્ખ વાનરની પેઠે હું પણ બાહેરથીજ રક્ત એવી કળાવતી ઉપર પ્રીતિ બતાવી કામથી મૂઢ બન્યો! અહા! સ્ત્રીઓ કેવી વિચિત્ર છે! જેની ઉપર હું તન, મન અને ધનથી પ્રેમ દર્શાવું છું, તે સ્ત્રી મારાથી વિરક્ત થઈ બીજા ઉપર રક્ત થઈ છે.

ના ભયથી તેઓ તેણીના બેરખાવાળા બે હાથ કાપી લઈ ચાલ્યા ગયા હતા.

સતી કલાવતી ઘોર અરણ્યમાં એકલી રહી અને પંચપરમેષ્ઠીના પ્રભાવિક મંત્રનું સ્મરણ કરવા લાગી. થોડીવાર પછી તે સગર્ભા મહાસતીએ એક પુત્રને જન્મ આપ્યો. જ્યારે પુત્ર જન્મી રૂદન કરવા લાગ્યો, ત્યારે એ સતી મધુર અને કરૂણ સ્વરે બોલી, "બેટા, શામાટે રૂવે છે ? જો તારો આ જન્મ પિતાને ઘેર થયો હોત તો, અનેક પ્રકારની ધામધુમથી તારો જન્મોત્સવ થાત અને વાજિંત્રોના નાદ થાત, પણ અહિં તો સિંહ, શિયાળ વિગેરે પ્રાણીઓના નાદથીજ તારો ઉત્સવ થાય છે." એવામાં ત્યાં આવેલી એક નદીમાં ભારે પૂર આવ્યું, તે પૂર આસપાસના વૃક્ષોનું ઉન્મૂલન કરવા લાગ્યું, તે બાલપુત્રસહિત પોતાને એ પૂર ઘસડી જાય, એવું લાગવાથી તે મહાસતી પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતી બોલી—"જો શુદ્ધ મન, વચન અને કાયાએ કરીને મેં મારો પતિવ્રતા ધર્મ બરાબર પાળ્યો હોય અને મારા શીળવ્રતની સારીરીતે રક્ષા કરી હોય તો મારા આ બંને હાથ નવા થજો અને આ નદીનો પ્રવાહ અનુકૂળ થઈ જજો." સતીના મુખમાંથી આ વચનો નીકળતાંજ તેણીના હાથ નવા થયા અને નદીનું પૂર અનુકૂળ થઈ ગયું. અહા ! ધન્ય છે, સતી ધર્મને શીળનો પ્રભાવ દિવ્ય છે. એ મહાપ્રભાવથી જળને સ્થાને સ્થળ અને સ્થળને સ્થાને જળ થાય છે. શીળરૂપ સિંહની આગળ અંતરાયરૂપ મૃગલાઓ ક્ષણવાર પણ ટકી શકતા નથી. શીળના પ્રભાવથી ભારતવર્ષની સતીઓએ આ જગત્ ચકિત કરી નાખ્યું છે. સ્વર્ગના દેવતાઓ પણ શીળવતી સતીના સેવક થઈને રહે છે.

કલાવતી નિર્ભય થઈ તે અરણ્યમાં પોતાના બાળ પુત્રને ધવરાવતી બેઠીહતી, ત્યાંકોઈ એક કુળપતિ તાપસ આવીચડ્યો. કલાવતીને બાળક સાથે રહેલી જોઈ તે મહાનુભાવ તેણીની પાસે આવ્યો—તેણે દયા લાવીને પુછ્યું, "બાઇ, તમે આવા નાના બાળકને લઈ અહિં કેમ રહ્યા છો ? આ જંગલ ભયંકર છે, માટે તમારે

[illegible] લો. હું તમને મારા આશ્રમમાં રા-
[illegible] સાંભળી સતીએ કહ્યું, " મહા-
[illegible] કોઈના ભય નથી. વળી મારી
[illegible], તે મારી સર્વદા રક્ષા કરે છે. તા-
[illegible] છે? અને કોણ છે? સતી બો-
[illegible] નામ શીળ છે અને તે મારા
[illegible] ની રક્ષા કરે છે. તે સાંભળી તાપસ
[illegible] સતીએ તેને પોતાના વનવાસ સંબંધી
[illegible] તે સાંભળી તાપસે કહ્યું, "બ્હેન ખેદ
[illegible] જણાય છે કે, ફરી તારો ઉદયથશે."
[illegible] વચનો સાંભળી કલાવતી ખુશી
[illegible] પસીઓના સહવાસમાં રહેવા

[illegible] રાણી કલાવતીના હાથ છે.
[illegible] રાજાએ તે બેરખા ઉપર 'જય-
[illegible] રાજા આકુળવ્યાકુળ થઈ ગ-
[illegible] લાગ્યો. પછી તેણે દત્તને બોલાવી-
[illegible] અહિં કોણ આવ્યું હતું?
[illegible] સેનના સેવકો આવ્યા હતા,
[illegible] તેમની સાથે એ બેરખા મો-
[illegible] એ સાંભળી રાજાને વજ્રનો
[illegible] સિંહાસન ઉપરથી પડી
[illegible] ચારથી સચેત થયો.
[illegible] અહા! કેવી, મારી મૂઢતા!
[illegible] વિચારીપણું અને કેવી મારી
[illegible] એ આવીને પુછ્યું. 'આ શું'
[illegible] ક્યાં જાઉં? કોને કહું?
[illegible] આત્માનેજ કષ્ટ દીધું છે!
[illegible] શું છે? એ મેં વિચારજ

કર્યો નહીં. એ મહાસતીનો મેં વૃથા અનાદર કર્યો. અહો! મેં ચંદ્ર
લેખામાં કલંક, ને દૂધમાંથી પૂરા કાઢવા જેવું કર્યું ! કારણ
કે, મારી બુદ્ધિમાં જે દોષનો અસંભવ, તેજ દોષનો મેં સં
ભવ ગણ્યો ! હવે હું કોને મુખ બતાવું ? મેં મૂર્ખતાથી મારી
પરમ પવિત્ર પત્નીને ત્યજી દીધી છે, હવે તો મારે બીજું
કાંઈ કર્તવ્ય નથી. માત્ર ચિતા ખડકાવી હું અગ્નિ પ્રવેશ ક
રીશ." રાજાના આવાં વચનો સાંભળી પ્રધાનોએ કહ્યું, "મહારાજા,
આપ ધૈર્યવાન્ થઈ આવા ક્ષુદ્ર વિચાર કરો નહીં. એક તો કર્મયો
ગે નિર્દોષ દેવી મૃત્યુ પામ્યાં, ત્યાં તો વળી બીજા તમે આત્મહત્યા
કરવા તૈયાર થયા છો ! તે વિવેકથી સમજો, ને આ કદાગ્રહ મૂકી
દો." આ પ્રમાણે મંત્રીઓએ અને નગરજનોએ ઘણો સમજા
વ્યો પણ રાજા શંખે તેમનું કહ્યું માન્યું નહીં અને છેવટે તે સ
તીના વચનનો અનાદર કરી મૃત્યુ પામવા જંગલમાં જવાને તૈયાર
થયો.

આ વખતે અવસરને જાણનારો રાજાનો પિતા રાજઋષી ત્યાં
આવ્યો અને તેણે વિનયથી રાજાને જણાવ્યું—"સ્વામી, આપ
જૈનધર્મના જાણ છો, આપને આવું અનુચિત કામ કરવું—યોગ્ય
નથી. આપ જિનેશ્વરનું પૂજન કરો કે જેથી આપની આપત્તિ
નાશ પામશે." રાજઋષીનું કહેવું શંખરાજાને ઉચિત લાગ્યું,
અને તેથી તે જિનેશ્વરની પૂજા કરવાને અર્થે જિનાલયમાં ગયો,
જિનપૂજા કરી પાછો વળ્યો ત્યાં સાંભળવામાં આવ્યું કે, અ-
મિતતેજ નામે એક મુનિ આવ્યા છે, એટલે રાજા મુનિને વંદ-
ન કરવા ગયો. મુનિએ નીચે પ્રમાણે ધર્મદેશના આપી—

"આ સંસાર એક ભયંકર અટવી છે, તેમાં સર્વ જીવો પો-
તાના પૂર્વ કર્મરૂપી વંટોળીયા વાયરાથી પ્રેરાઇને વારંવાર ભ્રમણ
કર્યા કરે છે. તેમાં જે સુખ લાગે છે, તે માત્ર ભ્રાંતિ છે, પણ પ-
ગલે પગલે દુઃખ રહેલું છે. આ સંસારથી ઉદ્વેગ પામી જે જીવ
આ લોક તથા પરલોકને વિષે સુખ આપનારી જિનપ્રભુની સેવા
કરતાં નથી, તેઓ આંગણામાં ઉગેલા કલ્પવૃક્ષને ઉન્મૂલન કર્યા

ના દર્શનરૂપ અમૃતની વૃષ્ટિથી તારા વિયોગી પતિને સુ-
શ્વાસન આપ. તારા પતિ શંખરાજા પૂર્ણ પશ્ચાત્તાપ થ-
કાળે અગ્નિ પ્રવેશ કરવા હતા, પણ અમે તેને આજ સુ-
ી રાખ્યા છે." દત્તના મુખથી આવા વચન સાંભળી કુ-
ળાવતીએ પોતાના પ્રિયસ્વામી ઉપર કરૂણા કરી. તેણીએ કુળ-
પસને નમન કરી તેની આજ્ઞા માગી. પછી દયાળુ તાપસે
ને આશીર્વચન સહિત આજ્ઞા આપી એટલે કલાવતી
થઈ દત્તની સાથે ચાલી નીકળી.

ની કલાવતી રથમાં બેસી શંખપુરના સીમાડા ઉપર આવી
પછી દત્તે રાજા શંખને વધામણી મોકલાવી તે ઉપરથી
પછી ધામધૂમથી તેણીનો નગર પ્રવેશનો મહોત્સવ કરા-
જાએ આવી સતીની ક્ષમા માગી અને કહ્યું કે, "દેવી, તું
છતાં મેં તારી આવી વિટંબના કરી અને ઘોર જંગલમાં
વી દીધી, એ મારા અપરાધને ક્ષમા કરજે. તારા ઉદા-
ગા બને હાથ પાછા ઉત્પન્ન થયેલા જોઈ મને અતિ આનંદ
છે અને તારા સતીધર્મ ઉપર હૃદયમાં પવિત્ર ભાવ પ્રગટ
." આ પ્રમાણે કહી રાજાએ પોતાના પુત્રને લેઈ ઉત્સંગમાં
ં અને વળી ધામધૂમથી તેનો પુનઃ જન્મોત્સવ કરાવ્યો.
. સ્વપ્નને અનુસારે પુત્રનું પુષ્પકલશ એવું નામ પાડ્યું.
ા શંખ પોતાની પવિત્ર પ્રિયાની સાથે રહી રાજ્ય સુખ
વા લાગ્યો. અને અવિરોધ પણે ધર્મ, અર્થ અને કામ
ા સાધ્યો. કલાવતીએ પણ શંખનગરમાં કેટલાએક નવીન
કરાવ્યા અને પૂર્ણ ઉત્સાહથી તેમાં જિન ભગવંતની પ્રતિમા-
પ્રતિષ્ઠા કરાવી. તે સાથે ધર્મનું આરાધન કરવાને ધર્મશાળા-
ઉપાશ્રયો અને જ્ઞાનશાળાઓની મોટા પાયા ઉપર સ્થાપ-
ા. આથી શંખપુર એક આર્હત ધર્મની રાજધાની હોય તેવું
ાતું હતું. એક વખતે કલાવતી એ પોતાના પતિને પુછ્યું
સ્વામી તમે મારો શો દોષ જોઈને મારો ત્યાગ કર્યો હતો?"
ઉત્તર આપ્યો, "પ્રિયા, તારો લેશ પણ દોષ નહતો, એતો

તારા પૂર્વ કર્મને લીધે થયું છે. તેં જ્યારે પેલા બે બેરખા પ
તે વખતે તેં ગોખમાં બેસી તારી સખીઓને કહ્યું કે, 'મારા
પાસે એ મોકલ્યા છે,' એ મેં સાંભળ્યું, તેથી મને ક્રોધ ચઢી આ
એટલે મેં તારી ભુજા છેદાવી અને વનમાં મોકલાવી. જેનું સ્મ
કરતાં અત્યારે મને પાછો પશ્ચાત્તાપ પ્રગટ થાય છે. સ
તારા જેવી પવિત્ર શ્રાવિકાને મેં ઘણીજ દુઃખી કરી
એમ કહેતાં કહેતાં રાજાના નેત્રમાંથી અશ્રુની ધારા ચા
કલાવતી બોલી—"પ્રાણનાથ, ખેદ કરો નહીં. જે બન્યું તે ખ
કર્મની ગતિ વિચિત્ર છે. આપનો શો દોષ છે? એ બધાનુ મુ
કારણ મારા પૂર્વના કર્મ છે." રાજા શંખે સાવધાન થઈને ક
પ્રિયા, મને એક વાત સ્મરણમાં આવી. આ નગરમાં અમિતતે
નામે એક મુનિ પધાર્યા છે, ચાલો આપણે તેમની પાસે
તારા પૂર્વકર્મનું સ્વરૂપ પુછીએ. પછી તે બંને દંપતી મુનિની પ
ગયા અને વંદના કરી તેમની પાસે બેઠા. જ્ઞાની મુનિએ તે
ધર્મોપદેશ આપ્યો. ઉપદેશ આપી રહ્યા પછી શંખરાજાએ વિન
થી પુછયું, "હે મુનિશ્વર, આ કલાવતીએ પૂર્વે એવાં શા ક
કર્યા હશે કે જેને લીધે એ નિર્દોષ છતાં પણ એની ભુજા મેં
દાવી?" આ પ્રમાણે રાજાના પુછવાથી જ્ઞાની મુનિએ નીચે પ્રમ
કલાવતીના પૂર્વભવની કથા કહી હતી—

'મહાવિદેહ ક્ષેત્રમાં મહેંદ્રપુર નામે નગર છે જેમાં નર
ક્રમ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **લીલાવતી** નામે
સ્ત્રી હતી. તેણીને એક સુંદર પુત્રી અવતરી હતી. તેનું ના
સુલોચના પાડ્યું હતું. સુલોચના ખરેખર સુલોચના હતી. એ
વખતે રાજા નરવિક્રમ સુલોચનાને ઉત્સંગમાં બેસારી રમાડ
હતો. તેવામાં કોઈએ આવીને રાજાને એક ઉત્તમ પોપટ ભેટ અ
પ્યો. પોપટ સારી રીતે પઢેલો અને ચાલાક હતો. રાજાએ કૌ
તુકથી પોપટને કાંઈ પણ બોલવા કહ્યું એટલે તે નીચે પ્રમા
આશીર્વચન બોલ્યો. "હે રાજન્, વિશ્વને પ્રકાશ કરનારો આપ
નો પ્રતાપરૂપી સૂર્ય શત્રુરૂપ અંધકારને ક્ષયકારો અને રાજ તેજ

કરનારો થાઓ."

ાપટના મુખની આ વાણી સાંભળી રાજા થયો પ્રસન્ન થયો
તેણે પોપટ લાવનારને સારૂં ઈનામ આપ્યું. પછી તે પોપટ
ી પુત્રી સુલોચનાને રમવા આપ્યો. રાજકુમારી સુલોચના
ને લઈ મનમાં હરખાતી હરખાતી પોતાને સ્થાને ગઈ અને
ને એક સુવર્ણના પાંજરામાં નાંખ્યો. અને સાકરના કટકા,
. તથા દાડમના બીજ વિગેરેથી તેનું પોષણ કરવા લાગી. વળી
પટને હાથ ઉપર હૃદય અને ખભા ઊપર રાખે ને એ પ્રકારે
ર જાતનો આનંદ મેળવે. જેમ યોગી પુરૂષ મનની એકાગ્રતા
ા નથી, તેમ સુલોચના પોપટને ક્વાંય પણ ત્યજતી નહીં. ભો-
અને શયન સમયે, રાજસભામાં જાય ત્યારે, અથવા વનને વિ-
ુ તે તેને પોતાની પાસેજ રાખતી.

એક વખતે સુલોચના પોતાના પ્રિય પોપટને લઈ સખીઓની
વનમાં ગઈ હતી. ત્યાં શ્રીમંધર સ્વામીનું એક દેરાસર હતું.
તે પોપટને લઈ દર્શન કરવા ગઈ. ત્યાં પોપટે તે દેરાસરમાં
ાગની પ્રતિમા દીઠી. તે જોઈને તેણે ચિંતવ્યું કે, "મેં આવું
પૂર્વે કોઈ સ્થાને જોયું છે." એમ ભાવના ભાવતાં તેને જાતિ
ૃ જ્ઞાન થઈ આવ્યું. અને તેથી પોતાનો પૂર્વ ભવ યાદ આવ્યો.
પૂર્વ ભવે ચારિત્રને પ્રાપ્ત કર્યું હતું. તેમાં ક્ષયોપશમને લીધે
શાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો; પરંતુ ક્રિયા ઉપર મારી આસ્થા
તી, તેથી હું લેશ પણ ક્રિયા કરતો નહીં. સર્વથા અભ્યાસમાંજ
ચિત્ત હતું. હું વસ્ત્ર, પુસ્તક અને પાત્ર વિગેરેની મૂર્છામાં
ા થયો. તત્ત્વ જ્ઞાન છતાં પરોપકારી કૃત્યને વિષે મિથ્યા અજ્ઞા-
ચેમવાળો રહેતો. તેથી અંતે મનની વિરાધનાથી આલોયણ
ા વિ ા મૃત્યુ પામી આ વનમાં શુકરાજ થયો છું. પૂર્વ ભવે
ાનો અભ્યાસ કરેલો તેથી આ તિર્યંચના ભવમાં પણ પંડિત
છું. મને નિશ્ચય થાય છે કે, એ જન્મમાં જ્ઞાન રૂપી દીપક
ા હાથમાં છતાં મેં પુણ્ય કર્યું નહિ અને સ્ખલનાથી ચારિત્ર
યું, તેથીજ આ ભવમાં હું તિર્યંચયોનિ રૂપ સાગરમાં પડયો છું."

આ પ્રમાણે પૂર્વ ભવનું સ્મરણ કરી અને હૃદયમાં અતિ પશ્ચાત્તાપ કરી એ પક્ષીએ ત્યાં શુદ્ધ હૃદયથી અભિગ્રહ ધારણ કરે " "હવેથી મારે સીમંધરપ્રભુનાં દર્શન કર્યાં પછીજ અન્ન લેવુ આ અભિગ્રહથી તેના શુદ્ધ પરિણામ વૃદ્ધિ પામ્યા અને તે મા સારીના પવિત્ર અધિકારનો પાત્ર થવા યોગ્ય થયો હતો.

પછી સુલોચના પ્રભુને નમન કરી ભક્તિસહિત પૂજન પોપટના પાંજરા સહિત ઘર તરફ પાછી ફરી. બીજે દિવસે સુલોચના પોપટને લઇ ભોજન કરવા બેઠી, ત્યારે પોપટને પો નિયમ યાદ આવ્યો; તેથી તે "नमो अरिहंताणं" એમ ઉડી ગયો અને આકાશ માર્ગે ઉડી જ્યાં સીમંધર પ્રભુનું ચૈત્ય ત્યાં આવ્યો. ત્યાં પોતાની ઇચ્છાથી ત્રિકરણ શુદ્ધિવડે સીમંધર સ્વામીને નમી પછી પુષ્પના ઉદ્યાનમાં ગયો અને ત્યાં ફળનો આહાર કરી આમતેમ ફરવા લાગ્યો.

અહિં પાછળ રાજકુમારી સુલોચના પોતાના પ્રિય પક્ષીના વિયોગથી આક્રંદ કરવા લાગી, એટલે તેને પકડી લાવવાને જેમ ગરૂડ સર્પને પકડવાને દોડે તેમ રાજ્યસેવકો પોપટની પાછળ દોડ્યા. તેઓએ ધીમે ધીમે જઇને કોઈવૃક્ષની શાખા ઉપર બેઠેલા તે પોપટને પકડ્યો અને તેને પાશાથી બાંધી લીધો. અને ફરી તેને રાજપુત્રીની પાસે લાવવામાં આવ્યો. તે પોપટ ઉપર શુદ્ધ પ્રેમભાવ રાખનારી સુલોચના પોતાના પ્રિય પક્ષીને હાથમાં લઇને બોલી– "પક્ષી, હું માતાની જેમ તને રાખું છું, તે છતાં મને ત્યજીને તું ક્યાં ગયો હતો? હવે પછી હું તારો વિશ્વાસ નહીં કરૂં." આ પ્રમાણે કહી તેની ઉડવાની ગતિ બંધ કરવાને તેણીએ તેની પાંખો છેદી નાંખી. અને તેને એક કાષ્ટના મજબૂત પાંજરામાં પૂરી દીધો."

સુલોચનાએ જ્યારે તેની આવી સ્થિતિ કરી એટલે તે ચતુર પક્ષી વિચારમાં પડ્યો—" અહો! મને ધિક્કાર છે! કે મેં સ્વાધીન પણે ક્રિયા ન કરી તો હવે મારે પરાધીનપણે વેદના ભોગવવી પડે છે." પછી તેણે પોતાના શરીરને સંબોધીને કહ્યું, "અરે પક્ષીશરીર, ખેદ કરીશ નહીં. તારી સ્થિતિ તો એવીજ

થવી જોઈએ. તું સ્વાધીનતાનું પાત્ર થયું નહીં, તો હવે તારે પરાધીનતાનું દુઃખ ભોગવવુંજ પડે." આવું ચિંતવતાં તે શુકના નેત્રમાં અશ્રુધારા ચાલવા લાગી. અને તેણે તત્કાળ અનશન વ્રત ગ્રહણ કર્યું. અનશનથી કેટલેક દિવસે મૃત્યુ પામી તે સૌધર્મ દેવલોકમાં દેવતા થયો.

સુલોચના પણ પોપટના વિયોગથી દુઃખ પામી અનશન લઇ મૃત્યુ પામી. સ્વર્ગ લોકમાં તેનીજ પ્રિયા થઈને ઉત્પન્ન થઇ. મુનિ અમિતતેજ કહે છે—હે શંખ રાજા, તેઓ બંને ત્યાંથી આયુક્ષયે ચ્યવીને આલોકમાં અવતર્યા. તેમાં પોપટનો જીવ તું શંખ રાજા થયો અને એ સુલોચનાનો જીવ આ તારી પ્રિયા કલાવતી થઈ. કલાવતીએ શુકની પાંખો છેદી હતી, તેથી તેણીના બંને હાથ તેં આ ભવમાં છેદ્યા હતા."

મુનિના મુખથી આ પ્રમાણે પોતાના પૂર્વભવનો વૃત્તાંત સાંભળી તે બંનેને જાતિસ્મરણ જ્ઞાન થઈ આવ્યું અને તેથી તેમને આ સંસાર ઉપર વૈરાગ્ય થતાં ચારિત્ર લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ.

રાજા શંખ પોતાના પુત્ર પુષ્પકલશને રાજ્ય સોંપી ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરવા તૈયાર થયો એટલે સતી કળાવતી પણ તેની સાથે વ્રત લેવાને તૈયાર થઇ. પછી બંને રાજ્દંપતીએ માનવ જન્મને ચરિતાર્થ કરનારૂં ચારિત્ર ગ્રહણ કર્યું હતું.

સતી કલાવતીએ ચારિત્રધર્મ પાળતાં ભારતની જૈનપ્રજાનો ભારે ઉપકાર કર્યો હતો. સ્ત્રીકેળવણીની વૃદ્ધિ કરવાને તેણીએ ભગીરથ પ્રયત્ન કરી જૈન અબળાઓનો ઉદ્ધાર કર્યો હતો. અને તેથી ભારત વર્ષની આર્ય જૈનપ્રજા તેણીના પ્રશંસનીય ગુણોનું કીર્તન કરતી અને તેને હૃદયથી અભિનંદન આપતી હતી.

આ પવિત્ર સાધ્વીના જીવન ચરિત્રમાંથી મોટો ધડો તો એ લેવાનો છે કે, મનુષ્ય જીવન કેવું મહત્ કાર્ય કરી શકે છે અને તેના ઉત્તમ સ્વરૂપમાં શું અસાધ્ય છે? એ સારી રીતે બતાવી આપે છે.

કલાવતીની માતા શ્રીમતીના જીવનમાંથી માતાના ખરેખરા

કર્તવ્યનું ભાન થાય છે. તેણીએ પુત્રીનું કલાવતી એ નામ સાર્થક કરવાની જે પ્રતિજ્ઞા લીધી હતી, તે તેણીએ કેવી રીતે પાળી હતી? એ વાચકના હૃદયને અસર કર્યા વિના રહેશે નહિ. શ્રીમતીના જેવી અનેક શ્રાવકમાતાઓ આર્ય દેશમાં પ્રગટ થાય તો આ જૈનકોમની ઉન્નતિ સત્વર થાય, તેમાં કાંઇપણ આશ્ચર્ય નથી. આવી સતીઓના ઉચ્ચ ચરિત્રો બીજાઓને સતેજ અને જાગ્રત કરે છે. માનવ જીવન કેટલે સુધી ઉચ્ચતામાં આવી શકે એમ છે, તે આ જીવનચરિત્ર ઉપરથી જણાય છે. તેણી આત્મિક વાચકનું ચૈતન્ય સતેજ થાય છે, ઉન્નતિની આશાને જીવન આપે છે. નવી હીંમત અને શ્રદ્ધા અર્પે છે અને કાર્ય સિદ્ધિમાં સારી રીતે પ્રવર્તન કરાવે છે. એવી પવિત્ર સતીઓની સાથે તેમના જીવનચરિત્ર દ્વારા રહેવું અને જીવવું, તેમના હાખતા જોઈને સ્ફુરાયમાન થવું, તે ઉત્તમ આત્માઓના સમાગમમાં અને ઉત્તમ મંડળમાં નિવાસ કરવા બરાબર છે.

સતી કલાવતી પોતાનો પતિવ્રતાધર્મ પાળી પતિ પ્રેમમાં તત્પર રહી હતી. તથીજ તેના પતિ શંખરાજાને પોતે કરેલા અપરાધને માટે પશ્ચાત્તાપ કરવો પડ્યો હતો અને એ મહાસતીની ક્ષમા માગવાનો પ્રસંગ આવ્યો હતો. છેવટે એ બંને દંપતી પરસ્પર પવિત્ર પ્રેમના પાત્ર બન્યા હતા. પછી એ જોડું કદિપણ વિખુટું પડ્યું ન હતું. ગૃહાવાસમાં અને ચારિત્રમાં પણ તે સહચારી થયું હતું, અને છેવટે તે સ્વર્ગની ભૂમિ ઉપર પણ સાથે રહી ત્યાંથી આવી. પુનઃ ચારિત્ર લઇ કેવળ જ્ઞાન પામી મુક્તિપુરીનું અધિકારી થયું હતું. ધન્ય છે, એવા પવિત્ર દંપતીને! જૈનપ્રજામાં તેવા અનેક દંપતીઓ ક્યારે પ્રગટ થશે?



પુષ્પચૂલા.



આ નદીને કીનારે પુષ્પભદ્ર નામના નગ[illegible]
પુષ્પકેતુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેની
પુષ્પવતી નામે રાણીને બે બાળક પ્રસવ્યા હ[illegible]
તેમાં પુત્રનું નામ પુષ્પચૂલ અને પુત્રીનું ના[illegible]
પુષ્પચૂલા [illegible] તેમના નામ પાડ્યા હતા. [illegible]

[illegible]

રાજાએ માન્યા નહીં અને તેણે સર્વનો અનાદર કરી પુષ્પચૂલ અને પુષ્પચૂલાનો વિવાહ કર્યો.

એક વખતે રાણી પુષ્પવતીએ ફરીવાર પોતાના પતિ પુષ્પકેતુને જણાવ્યું કે, "સ્વામી, તમે આપણા પવિત્ર શ્રાવક કુલને કલંકિત કર્યું છે. ભાઈ અને બ્હેન કે જેઓની વચ્ચે સહોદરપણાનો પવિત્ર પ્રેમ રહેલો હોય, તેઓ વિવાહિત થઈ સ્ત્રી પુરૂષ બને- એ ધર્મ અને દુરાચાર ભરેલી રીતિ તમારે હાથે થઈ- એ ઘણુંજ નીચ કૃત્ય થયું છે." પુષ્પવતીના આવા ભારે પડતાં વચનો સાંભળી રાજાને કોપ ચડ્યો. અને તેણે તિરસ્કાર કરીને કહ્યું, "રાણી, બસ કર. વધારે તે ઠ નહીં, જો ફરીથી એવું બોલીશતો તારો ઘાત કરીશ." તિરસ્કાર પામેલી પુષ્પવતીને તરત વૈરાગ્ય ઉત્પન્ન થઈ આવ્યો, અને તેથી તેણે ગુરૂ પાસે જઈ ચારિત્ર ગ્રહણ કર્યું. યથાર્થ સંવિગ્નપણે તીવ્રતપશ્ચર્યા કરી અનુક્રમે પુષ્પવતીનો જીવ સ્વર્ગને વિષે દેવતા પણે ઉત્પન્ન થયો. તે પછી કેટલેક કાળ જતાં રાજા પુષ્પકેતુ પણ મૃત્યુ પામ્યો હતો અને પુષ્પભદ્રનગરની રાજ્યગાદી ઉપર પુષ્પચૂલ બેઠો હતો.

હવે પુષ્પવતીનો જીવ જે દેવ થયો હતો, તેણે અવધિ જ્ઞાન વડે પોતાના પુત્ર પુષ્પચૂલ અને પુત્રી પુષ્પચૂલાનું લોકવિરૂદ્ધ અપકૃત્ય જોઈ તેનું નિવારણ કરવાને પુષ્પચૂલાને સ્વપ્નામાં નરકની ભૂમિઓ બતાવી. તેમાં નારકીના જીવોના ભયંકર દુઃખ જોઈ તે કંપાયમાન થઈ જાગી ગઈ. પુષ્પચૂલા ભયભીત થઈ પોતાના પતિ પાસે આવી અને તેણીએ તે સર્વ નિવેદન કર્યું. રાજા પુષ્પચૂલે પણ ભયભીત થઈ તેને માટે શાંતિક પૌષ્ટિક વગેરે ઉપાયો કરાવ્યા. પણ પેલા પુષ્પવતીના જીવ દેવતાએ તો નારકીના દુઃખ દેખાડવા શરૂ રાખ્યાં. તેથી રાજાએ સર્વ ધર્મના આચાર્યોને બોલાવીને પુછ્યું કે, "અહો, નરકનું સ્વરૂપ કેવું હશે?" ત્યારે કોઈએ કહ્યું, 'ગર્ભવાસ જેવું', કોઈએ કહ્યું, દારિદ્ર જેવું અને કોઈએ કહ્યું, પરતંત્રતા જેવું, પણ પુષ્પચૂલાએ મુખ મરડીને 'કોઈનું કહેવું ખરૂં નથી,' એમ કહ્યું.

રવાથી, પંચેંદ્રિય જીવના ઘાતથી અને માંસનો આહાર કરવાથી જીવ તે નરકગતિમાં ઉત્પન્ન થાય છે.

સૂરીશ્વરની આ વાણી સાંભળી પુષ્પચૂલ અને પુષ્પચૂલા હર્ષ પામતાં પોતાને ઘેર આવ્યા.

તે રાત્રે પુષ્પવતીનો જીવ જે દેવ થયેલો છે, તેણે પુષ્પચૂલાને સ્વપ્નામાં દેવલોકનું સ્વરૂપ દેખાડ્યું. રાણીએ તે વાર્ત્તા આનંદપૂર્વક પતિને જણાવી, એ ઉપરથી રાજાએ પહેલાની જેમ સર્વ ધર્મના આચાર્યોને બોલાવી "સ્વર્ગનું સુખ કેવું હોય?" તે પુછવામાં આવ્યું. મિથ્યાત્વી આચાર્યોએ કહ્યું કે, "જ્યાં ઉત્તમ પકવાન્ન વિગેરેનો આહાર મળે, પહેરવા પટકુળ મળે, બેસવાને ઉત્તમ આસન અને વાહન મળે—તેજ સ્વર્ગ કહેવાય છે. પણ રાણીએ તે વાત માન્ય કરી નહીં. પછી ગુરૂ અન્નિકાપુત્રને તે વાત પુછવામાં આવી, એટલે તેમણે જણાવ્યું—"સમ્યક્ પ્રકારે આરાધેલો બારવ્રતરૂપ ગૃહસ્થધર્મ કે, પંચમહાવ્રતરૂપ યતિધર્મ, તેના સેવવાથી બાર દેવલોકના સુખ પ્રાપ્ત થાય છે. એ દેવતાઓના બધા મળીને બાર લોક છે. પહેલા દેવલોકનું નામ સૌધર્મ છે, તેમાં બત્રીશ લાખ વિમાનો રહેલા છે, બીજા ઇશાન નામના દેવલોકમાં અઠ્યાવીશ લાખ વિમાનો રહેલા છે, ત્રીજા સનત્કુમાર દેવલોકમાં બાર લાખ વિમાનો રહેલા છે, ચોથા માહેંદ્ર દેવલોકમાં આઠ લાખ વિમાનો રહેલા છે, પાંચમા બ્રહ્મ નામના દેવલોકમાં ચાર લાખ વિમાનો છે, છઠ્ઠા લાંતક નામના દેવલોકમાં પચાશ હજાર વિમાનો છે, સાતમા મહાશુક્ર દેવલોકમાં ચાલીશ હજાર વિમાનો છે, આઠમા સહસ્રાર દેવલોકમાં છ હજાર વિમાનો છે, નવમા આનત અને દશમા પ્રાણત—એ બે દેવલોકમાં મળીને ચારસો વિમાનો છે તથા અગીઆરમા આરણ અને બારમા અચ્યુત—એ બે દેવલોકમાં મળીને ત્રણસો વિમાનો છે. શ્રેષ્ટ મુગટ ધારણ કરવો ઉજ્જ્વળ તથા ચંચળ કુંડળ વિગેરે આભૂષણો પહેરવા, અને ઐરાવત હસ્તી ઉપર સ્વારી કરવી આટલી ઇંદ્રની સમૃદ્ધિ હોય છે."

હતું અને તેમાં અરિષ્ટનેમિ ભગવાનની પ્રતિમા સ્થાપી હતી.

સતી પુષ્પચૂલાના સમયમાં ઉદાયન રાજાનું રાજ્ય ચાલતું હતું અને તેણે મહાસતી પુષ્પચૂલાના દર્શન કર્યા હતા, અને તેણીના ઉપકારી ગુરૂ અન્નિકાપુત્રના ઉપદેશથી તેણે અનેક પ્રકારના ધાર્મિક મહોત્સવો કર્યા હતા. એના ન્યાયી રાજ્યમાં પુષ્પચૂલા સતી ધર્મનો પ્રસાર કરી અને શ્રાવિકાના કર્ત્તવ્યનો ઉપયોગી ઉપદેશ આપી કેવળ જ્ઞાન ધારી મુક્તિમાર્ગની પથિક બની હતી.

પદ્માવતી.





મહાસતી દ્વારકા પતિ કૃષ્ણ વાસુદેવની પત્ની હતી. કૃષ્ણની આઠ પટરાણીઓમાં તે અગ્રણી હતી. તેણીની ધર્મ તથા જ્ઞાન ઉપર ઘણી પ્રીતિ હતી. તેણીએ પોતાના પિતાને ઘેર, રહી સારી કેળવણી સંપાદન કરી હતી. આથી કૃષ્ણ વાસુદેવ તેણીની પર ઘણી પ્રીતિ રાખતા હતા.

જ્યારે કૃષ્ણ પદ્માવતીને મંદિર આવતાં ત્યારે તે બન્ને દંપતી ર્મ તથા વ્યવહારની બોધક ચર્ચા કરતાં અને તેમાંથી જે સાર હ તેને ગ્રહણ કરી તે પ્રમાણે પ્રવર્તવા પ્રયત્ન કરતાં હતાં. પદ્માવતીની વાણીમાં ઘણું માધુર્ય હતું અને તે શિક્ષણ આપવાની શૈલી ઘણી સારી રીતે જાણતી હતી. જ્ઞાન ઉપર પ્રીતિવાળા અને સ્ત્રીઓની વિદ્વત્તાને માન આપનારા કૃષ્ણ ઘણીવાર કૌતુકપણ પ્રેમે કરી પદ્માવતીના મુખથી ઉપદેશ સાંભળતાં અને તે સાંભળી હૃદયમાં અતિશય આનંદ પામતા હતા.

મારા વ્યાધિની વાત જણાવી, ત્યારે તેણે કહ્યું કે, "જે ગૃહાવાસમાં સ્ત્રીથી સુખી હોય, "ત્યાં જઇ તું આ મારી આપેલ મંત્રવિધાનું આરાધન કરજે, એટલે તારો રોગ મટી જશે. પછી મે તેમને પુછ્યું કે, "સ્ત્રીથી સુખી એવો ગૃહાવાસ શી રીતે જણાય ?" પછી તેણે કહ્યું કે, "જે ભૂમિ સ્ત્રીના આંસુથી ભીંજાયેલી હશે તે ભૂમિમાં તું જઈશ એટલે તારા હૃદયને પરિતાપ થશે. અને જ્યાં તારા હૃદયને શાંતિ મળે ત્યાં તારે જાણવું કે, આ ભૂમિ સ્ત્રીથી સુખી છે." ભદ્ર, આ પ્રમાણે હું ઘણી ભૂમિમાં ફર્યો પણ હજુ સુધી સ્ત્રીથી સુખી એવો કોઈ ગૃહાવાસ મારા જોવામાં આવ્યો નથી. હવે હું કોઇ બીજા દેશમાં જવા ધારૂં છું કે, જ્યાં મને એવી સુખી સંસારની પવિત્ર ભૂમિ પ્રાપ્ત થાય—તે વિદ્વાનના આવા વચન સાંભળી તે ગૃહસ્થ ખુશી થયો અને તેણે તેની આગળ પોતાની સ્ત્રીને સુખી રાખવાની પ્રતિજ્ઞા કરી અને તે વિદ્વાન માણસને પોતાને ત્યાં રોકી આખરે મૂર્છાની વ્યાધિથી મુક્ત કર્યો હતો.

કૃષ્ણ કહે છે—"હે દાસી, તેથી ગૃહસ્થાવાસમાં સ્ત્રીને સુખી કરવી અને તેણીને રાજી રાજી રાખવી. ખરેખર સ્ત્રીના પ્રસન્ન મુખની શોભાજ ઘરનો અંધકાર દૂર કરે છે. કુલીન પુરૂષે પોતાની પત્ની ઉપર ખરી પ્રીતિ રાખવી, તેનેજ પોતાના જીવિતનું સર્વસ્વ ગણવી જોઈએ. તે ગમે તો કુઢી હોય, કે પાંગળી, તે ગમે તો બહેરી હો કે મુંગી, ગમે તો આંધળી હો કે કુરૂપી, પણ જેનો હાથ જૈન વિધિ પ્રમાણે દેવ, અગ્નિ અને લોકોની સાક્ષીએ પ્રતિજ્ઞા લઈ ગ્રહણ કર્યો છે, તેને યાવત્ જીવિત પ્રેમસહિત પાળવી એ પુરૂષનો ધર્મ છે.

જેમ સ્ત્રીને પોતાના પતિ સિવાય બીજા પુરૂષનું સુખ જોવું પણ કહ્યું નથી, તેમ પુરૂષે પણ પોતાની વિવાહિત સ્ત્રી સિવાય બીજી સ્ત્રીનું સુખ પણ દ્રષ્ટિએ જોવું ન જોઇએ. જેમ સ્ત્રીએ પોતાના પતિનેજ રૂપ, ગુણ અને શીળથી ઉત્તમ ગણવો જોઇએ, તેમ પુરૂષે પણ પોતાની એક વિવાહિત પત્નીનેજ રૂપ, ગુણ અને

કૃષ્ણ—શા વિષે વાત છે?

અંધારી—પ્રાણનાથ, અત્યારે તો સ્ત્રી ધર્મની વાત ચાલે છે.

કૃષ્ણ—સ્ત્રીધર્મ એટલે શું તે તમે જાણો છો?

અંધારી—પ્રાણનાથ, જેટલું માતપિતાને ઘેર શીખ્યા છીએ, તેટલું જાણીએ છીએ.

કૃષ્ણ—ત્યારે તમારામાં વધારે કોણ જાણે છે?

અંધારી—આ લક્ષ્મણા જાણે છે.

લક્ષ્મણા—ના સ્વામીનાથ, આ ગૌરી બ્હેન વધારે જાણે છે.

ગૌરી—ના સ્વામી, આ અંધારી બ્હેન વધારે જાણે છે.

કૃષ્ણ—તમે માંહોમાંહી વાદ કરો નહીં, જો તમારી મરજી હોય તો હું પરીક્ષા કરી લેઉં.

બધી—હા, એ ખરીવાત આપ અમારી પરીક્ષા કરી જુવો.

કૃષ્ણ—પ્હેલા ગૌરીને પુછું છું " પતિ વશ કેમ થાય?" તે કહે. ગૌરી હસતી હસતી બોલી—સ્વામી, એ પ્રશ્ન તો આપની ઉપર લાગુ પડે છે, તેથી મને કહેતાં શરમ આવે છે.

કૃષ્ણ—એમાં શરમ શાની? જે તું જાણતી હો તે ખુશીથી કહે.

ગૌરી—સ્વામી, એ પ્રશ્ન પહેલા અંધારીને પુછો.

અંધારી—બ્હેન ગૌરી, જેને જે પુછવામાં આવે તેનો ઉત્તર તેણેજ આપવો જોઇએ.

કૃષ્ણ—હા, એ ખરી વાત છે.

ગૌરી—(વિનયથી)—સ્વામી, જેવી આજ્ઞા. પણ મારી માતાએ જે મને શીખવ્યું છે, તે હું કહીશ.

કૃષ્ણ—ખુશીથી તું જે જાણતી હો તે કહે.

ગૌરી—કેટલીક સ્ત્રીઓને પોતાનો પતિ વશ કરવાના કોડ હોય છે. જે સ્ત્રીને પતિ વશ થાય, તે સ્ત્રી પૂર્ણ ભાગ્યવાન ગણાય છે. એક વખતે મારી માતાએ મને કહ્યું કે, " બ્હેન ગૌરી, જ્યારે તું સાસરે જા, ત્યારે તારા પતિને વશ કરી લે જે. મંત્ર, યંત્ર, દોરા ધાગાથી પતિને વશ કરવાની જે વાત છે, તે મૂર્ખતા ભરેલી છે.

આટલી વાત મારી માતાએ મને સમજાવી હતી.

કૃષ્ણે ગાંધારીની સામું જોઈને કહ્યું, પ્રિયા, ગૌરીએ જે વાત કહી તે યથાર્થ છે અને તે મારી પરીક્ષામાં બરાબર પસાર થઈ છે. હવે "પતિને બીજા કયા ઉપાયથી વશ કરવો ?" એ વાત તમે કહો.

ગાંધારી મંદહાસ્ય કરી બોલી—સ્વામી, મને મારી માતાએ જે શીખવ્યું છે, તે હું કહું છું, તેમાં કાંઈ ખામી હોય તો ક્ષમા કરી જણાવશો—"અહંકાર, કામ, ક્રોધ તથા લોભનો ત્યાગ કરી પતિની સેવા કરવી. ઈર્ષા છોડી દઈ મનને વશ કરી પતિ જેમ પ્રસન્ન થાય, તેમ કરવું. દૂરથી બોલાવે અગર ઇશારો કરે તો તરત પતિની પાસે હાજર થવું. તેમની ઇચ્છા પ્રમાણે ચાલવું. પતિને ખોટું લાગે એવું કાંઈ બોલવું નહિ. બારણે ઉંબરે ઊભા રહેવું નહિ. જે સ્ત્રી લોકોમાં કદાચિત્ કે નઠારી ગણાતી હોય, તેની પાસે બેસવું નહીં, કે ઊભા રહેવું નહિ. પોતાના પતિ વિના દેવ, મનુષ્ય, ગંધર્વ કે વિદ્યાધર ગમે તેવા રૂપાળા, યૌવનવાળા અને વસ્ત્રાલંકારથી શોભિત હોય તોપણ તેમને તુચ્છ લેખવા. પતિ જાગ્યા પછી જાગવું. અને પોતાના મનમાં જાણવું કે, આ જગતમાં સ્ત્રીની શોભા પતિ છે. પતિ વિનાની સ્ત્રી શોભતી નથી. પતિ વિનાની સ્ત્રીનો સર્વ સંસાર [illegible] છે. આ સંસારમાં સ્ત્રીના માનનો હેતુ પતિ છે. પતિ જ સ્ત્રીને સર્વ પ્રકારનું સુખ દાયક છે. આવું વિચારી મન, વચન અને કાયાથી પતિની ભક્તિ કરવી. અંતઃકરણમાં સત્ય રાખી પ્રેમપૂર્વક પતિની સેવા કરવી. આમ કરવાથી પતિ વશ થાય છે."

ગાંધારીનાં આવાં વચનો સાંભળી કૃષ્ણ પ્રસન્ન થઈને કહ્યું—"પ્રિયા, યથાર્થ છે. તું પણ પરીક્ષામાં સારી પેઠે પસાર થઈ."

પછી કૃષ્ણે લક્ષ્મણાની સામે જોઈને કહ્યું, "પ્રિયા લક્ષ્મણા! હવે તારો વારો આવ્યો."

કૃષ્ણ—[illegible] શું? અને સ્ત્રીએ કેવી રીતે [illegible] રાખવી જોઈએ?

લક્ષ્મણા—સ્વામી, મારા બ્હેન ગૌરી અને ગાંધારીએ જે

તતી અને દરેક ચૈત્યના સુંદર અને વિશાળ ચોકમાં પ્રભુના ગુણો-
ના રસિક રાસડા ગાતી હતી. તેણીનો મધુર સ્વર સાંભળવાને લો-
કો ઉમંગથી આવતા અને તે સાંભળી સર્વે ધર્મી થઈ જતા હતા.
સુસીમાએ પોતાના અંતઃપુરના મહેલની પાસે એક ગૃહચૈત્ય
કરાવ્યું હતું. તેમાં તે હમેશાં ત્રિકાલ જિનપૂજા કરતી અને સખી-
ઓની સાથે ગીતસ્વરથી પ્રભુની પૂજા ભણાવતી હતી.

જંબૂવતીએ પણ પોતાના પિતૃગૃહમાં રહી શ્રીધર્મનું સારું
સંપાદન કર્યું હતું. જંબૂવતીની સ્મરણશક્તિ ઘણીજ ઉચ્ચ
પ્રકારની હતી. તેથી તેણીએ આર્હતધર્મના તાત્વિક અને નૈતિક
ગ્રંથોનો સારો અભ્યાસ કર્યો હતો.

આ બંને પટરાણી ઉપર કૃષ્ણની સારી પ્રીતિ હતી. એક વખ-
તે કૃષ્ણ તેઓના મહેલમાં આવી ચડ્યા. કૃષ્ણ સુસીમાની સાથે ધર્મની
અને નીતિની વાતોમાં ચડ્યા, એટલે ઘણો વખત થઈ ગયો.
તેવામાં એક દૂત કૃષ્ણને તેડવા આવ્યો. તેણે આવી વાસુદેવને
જણાવ્યું કે, "મહારાજ, રુક્મિણીને મહેલ કોઈ મીજમાન આ-
વ્યા છે, તે આપની રાહ જુવે છે. ભોજનનો સમય થઈ ગયો છે."
તે સાંભળતાજ કૃષ્ણ ચિંતાતુર થઈ બોલ્યા—"અરે આજે
પ્રથમ પહોરે મારે ઘેર અતિથિ આવેલ અને તે અત્યાર સુધી
અપવાસી રહેલ, અતિથિને દુઃખ થાય એ ઘણુંજ વિપ-
રીત કહેવાય," આટલું કહી કૃષ્ણ ઊભા થઈ જવાને તૈયાર થયા—
એટલે જંબૂવતીએ કહ્યું. "પ્રભુનાથ, તમે મોટી ભૂલ કરી, અ-
મારા જેવી સ્ત્રી પણ એવી ભૂલ કરતી નથી, તો આપ સુજ્ઞ
પુરુષ થઈને આવી ભૂલ કરો એ કેવી શરમની વાત !"

જંબૂવતીએ જ્યારે આ પ્રમાણે કહેવું માંડ્યું, એટલે કૃષ્ણે હૃદ-
યમાં વિચાર કર્યો કે, આ સ્ત્રી અતિથિનો ધર્મ જાણતી નથી, તે
છતાં મને સર્વથી સારું બોલે છે. માટે તે વિષે તેની પરીક્ષા કરી
જોવી. જો તેને અતિથિની સેવા ભક્તિ વિષે પૂરે પૂરું જ્ઞાન ન હોય
તો પછી તેણીનું ઉપહાસ કરવું. આવું ચિંતવી કૃષ્ણ ત્વરાથી
રુક્મિણીને ઘેર આવ્યા અને તે મીજમાનની ક્ષમા માગી તેને

આંગણે આવેલા સાધુ અતિથિ કે ગૃહસ્થ અતિથિનો સારી રીતે સત્કાર કરવો જોઇએ. તેને આદર ભાવ આપવો, ખુશી ખબર પુછવા અને કહેવું કે, અહો ! ભલે પધાર્યા, તમે અમારે ત્યાં કયાંથી ? વિગેરે વિવેક ભરેલા વચનોએ આદર સત્કાર થવાથી પરોણો ખુશી થાય છે. પછી ભલે ખાન, પાન, જે આપણાં ઘરમાં હોય તેવું આપીએ તેની દરકાર નહિ, પણ ઘરધણીનું હસતું મુખ અને વિવેક જોઈ બીજા પણ તેના વખાણ કરે છે, તેથી ઘરની પ્રતિષ્ઠામાં વધારો થાય છે. તેમજ ઘર આગળ હરકોઈ નમ્ર, વિદ્વાન, ગૃહસ્થ, સભ્ય, વૃદ્ધ, પ્રતિષ્ઠિત અને સદ્ગુણસંપન્ન મનુષ્ય આવે તો તેમને આસન આપી બેસાડવા, પછી જળપાન આપી કુશળ ખબર પુછવા. તે જતાં સુધી જો આવવાનું કારણ ન કહે તો પછી જવાનું કારણ પુછવું. જતી વખતે વિવેક, વિનય ભરેલા મધુર વચનો કહી, બને ત્યાંસુધી વળાવા જવું. જો પતિ કે ઘરનો કોઇ પુરૂષ એ વખતે હાજર ન હોય, તો પોતાની મર્યાદા સાચવી તેમનો ઘટતો સત્કાર કરવો. પોતાના શીળને હાનિ ન પહોચે તેમ એની તજવીજ રાખવા જવી. એકદમ અજાણ્યા માણસનો ભરોસો કરી દેવો નહિ. તેમ તેમને ખોટું લાગે તેવું વર્તન પણ કરવું નહિ. બધી રીતના વિચાર રાખી કાર્ય સાધવું, એ ચતુર સ્ત્રીનું કામ છે. આવી રીતે પ્રવર્તન કરવાથી ગૃહસ્થના ઘરની શોભામાં અને સત્કીર્તિમાં વધારો થાય છે.

જંબૂવતીના આવાં વચનો સાંભળી કૃષ્ણ હૃદયમાં ચરમાઈ ગયા અને પોતાની સ્ત્રી જંબૂવતી સારી રીને સત્કાર ધર્મ જાણે છે, એવી તેને ખાત્રી થઈ ગઇ. પછી કૃષ્ણે હસતાં હસતાં કહ્યું, “ પ્રિયા, ધન્ય છે તને તારા જેવી કેળવાએલી સ્રીથી મારો ગૃહાવાસ સંપૂર્ણ શોભા વાળો છે; એવી મને આજે ખાત્રી થઇ છે.”

સતી સુસીમા અને જંબુવતીએ કૃષ્ણ વાસુદેવના ગૃહાવાસને સારી રીતે શોભાવ્યો હતો. તેમના ગૃહાવાસમાં એવું આતિથ્ય થતું કે જેથી લોકોમાં તેની ભારે પ્રશંસા થઈ હતી. સુસીમા અને જંબૂવતીના મહેલમાં ઉંચે પ્રકારે સાધર્મિવાત્સલ્ય થતું અને

તથાપિ તે સ્વભાવે રીસાળ અને રૂપગર્વિતા સ્ત્રી હતી. સત્યભામાને સર્વથી શ્રેષ્ઠ રહેવાની અને બહુમાન મેળવવાની સતત ઇચ્છા રહ્યા કરતી હતી. તથાપિ તે શીલનું રક્ષણ કરવામાં હમેશાં તત્પર રહે-નારી હતી. તેનામાં પતિ ભક્તિ ઘણી હતી ગમે તેવે પ્રસંગે પણ તે પતિનું અનિષ્ટ ઇચ્છતી ન હતી.

એક વખતે એવું બન્યું કે, ક્રીડાના કૌતુકી અને સતત વિચર-નારા નારદ મુનિ કૃષ્ણના દરબારમાં આવી ચડ્યા. તેઓને આવતા જોઈ દ્વારકાપતિ કૃષ્ણે કેટલાક પગલા સન્મુખ જઈ નારદને પ્રણામ કર્યા અને ઘણાં આદરથી આસન વિગેરે આપી એ મહર્ષિનું સન્માન કર્યું. ત્યાં કેટલીક વાર રહી એ ચપલ સ્વભાવવાળા મુનીશ્વર ત્યાંથી ઉઠી તેના અંતઃપુરમાં આવ્યા. ત્યાં રૂપગર્વિતા સત્યભામા દર્પણને વિષે પોતાનું મુખ જોતી હતી.

આવા વખતે ભસ્મ શરીરે લગાડેલ એવા નારદનું આગમન તેણીના પાસે થયું, પણ સત્યભામાએ તેને દ્રષ્ટિથીપણ જોયા નહીં. પણ ભસ્મ લગાડેલ જોયાથી તેની સામુ થુત્કાર કર્યો. નારદને પ્રણામ કર્યો નહિ, તેથી નારદને રોષ થયો અને તેણે વિચાર્યું કે, "આ કૃષ્ણની પ્રિયા છતાં સત્યભામા મારી અવજ્ઞા કરે છે અને અહંકા-રને લીધે તે ઉચિત આચાર પણ આચરતી નથી. માટે આને કોઈ દુઃખમાં નાખું.' આમ વિચારી આકાશ માર્ગે ચાલતા થયા. આ અ-વસરમાં કુંડિનપુર નગરમાં ભીમકરાજા રાજ્ય કરતોહતો. તેને રૂક્મી નામે પુત્ર અને રૂક્મિણી નામે પુત્રી હતી. રૂક્મિણીએ પોતાના પિતાને ઘેર રહી સારી કેળવણી સંપાદન કરી હતી. તેણીએ સ્ત્રી ધર્મ, સ્ત્રીનીતિ અને સ્ત્રીકર્ત્તવ્ય વિષે સારૂં જ્ઞાન મેળવ્યું હતું. તે સાથે એ રાજકુમારીએ આર્હતધર્મનું અને આર્હતધર્મના આચારનું પણ વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

સત્યભામાથી નારાજ થયેલા નારદે આકાશમાર્ગે જતાં વિચાર કર્યો કે, "જો કોઈ સુંદર અને સદ્ગુણી રાજકુમારીનો કૃષ્ણની સાથે યોગ થાય તો સત્યભામાનું અભિમાન તુટી જાય અને તેણીએ કરેલા મારા અપમાનનો બદલો લેવાય." આવું ચિન્તવી નારદ

ભે છે, જ્યોત્સ્ના ચંદ્રની સાથેજ શોભે છે; અને નાગવલ્લી મુખમાં-
જ શોભે છે, તેમ રાજકુમારી રાજકુમારની સાથેજ શોભે છે, અને
ખરેખરો રાજકુમાર શિશુપાળજ છે. માટે જા, તારા કૃષ્ણને ક-
હે કે, તમારે રાજકુમારી રૂક્મિણીની ઇચ્છા રાખવી નહીં એમ
કહીને તેણે દૂતને પાછો વાળ્યો. એ દૂતે આવીને રૂક્મિરાજાના
સ્હેજ: પ્રમાણે કૃષ્ણને નિવેદન કર્યું જે સાંભળી કૃષ્ણના હૃદયમાં રો-
ષ ઉત્પન્ન થયો.

રાજા રૂકમીએ કૃષ્ણનું માગું સ્વીકાર્યું નહીં એ વાત તે તેની
એક ફુઇના જાણવામાં આવી, ને ફુઇની પોતાની ભત્રીજી રૂક્મિણી
ઉપર પ્રીતિ હતી. તેણીએ જઇને રૂક્મિણીને કહ્યું કે, "દ્વારકાના
રાજા કૃષ્ણ તારે માટે માગું મોકલ્યું હતું, પણ તારા ભાઇએ ના
કહી અને શિશુપાળની સાથે તારા વિવાહ કરવાની વાત જણાવી".
તે સાંભળી રૂકમિણી શોકાતુર થઇ બોલી—"ફુઇમા, ભાઇ રૂકમી-
એ મોટી ભુલ કરી. હું કૃષ્ણ સિવાય બીજા કોઇને વરવાની નથી."
આ પ્રમાણે તેણીએ કહ્યું એટલે તેની ફુઇએ ગુપ્ત રીતે કોઇ માણ-
સને મોકલી કૃષ્ણને કહેવરાવ્યું કે, "રૂક્મિણી તમારી ઉપર અનુ-
રાગવાળી છે માટે તમારે ગુપ્ત રીતે અહીં આવવું. માઘમાસની અષ્ટમી-
ને દિવસે હું રૂક્મિણીને ગુપ્ત રીતે નાગદેવની પૂજાને બ્હાને વનને વિષે
લઇશ, તે વખતે તમારે આવીને તેણીને અંગીકાર કરવી." આ વા-
ત સાંભળી કૃષ્ણે સામું કહેવરાવ્યું કે, "હું તે દિવસે સત્વર આવી
પહોંચીશ. કોઇ જાતની ચિંતા રાખશો નહીં." આ વખતે કુંડિ-
નપુર નગરને વિષે રૂક્મિણીના વિવાહનો મહોત્સવ થઇ રહ્યો હ-
તો. રાજા શિશુપાળ રૂક્મિણીના પાણીગ્રહણને અર્થે કુંડિનપુરમાં
આવ્યો હતો. જેને કલહ પ્રિય છે એવા નારદજીએ આ ખબર આ-
પીને કૃષ્ણ તથા બળભદ્રને કહી. તે સાંભળતાંજ તેઓ બન્ને રથમાં
આરૂઢ થઇને ત્યાં આવ્યા. તે ખબર ગુપ્તરીતે જાણી લેઇ ફુઇએ
આવી રૂક્મિણીને કહ્યું, "બાઇ, જા, તારો વાંછિત પતિ આવી પ-
હોંચ્યો છે હવે વિલંબ કરીશ નહીં. તેના રથને વિષે જઇને બેશી
જા." આ પ્રમાણે ફુઇના કહેવાથી રૂક્મિણી નાગદેવની પૂજાનું

ડુશ્મનોના પર્વત જેવા હસ્તીઓને પાડી નાંખ્યા. આમ દારૂણ યુદ્ધ
પ્રહારથી શિશુપાલ કંપાયમાન થઇને નાશી ગયો, પણ ક્ષણવાર પછી
પાછો તે પુનઃ યુદ્ધ કરવાને આવ્યો, એટલે શ્રી કૃષ્ણે કમળના નાળની
પેઠે તેનું મસ્તક છેદી નાખ્યું. બલભદ્ર રૂકમી રાજાની સામે થયા
હતા. અને તે પોતાના વજ્ર જેવા હલથી તેના પ્રાણ લેત, પણ
રૂક્મિણી વહુનં વચનથી તને જવા દઊં છું” એમ કહી તેણે તેને
જીવતો છોડી મુકયો. પછી એ રૂકિમ રાજા લજ્જાથી પાછો પોતાના
નગરમાં આવ્યો નહીં અને ત્યાંજ નગર વસાવીને રહ્યો.

કૃષ્ણ સતી રૂક્મિણીને લઇને દ્વારકા તરફ આવ્યા. દ્વારકાનગરીની બાહેર રહેલા ઉદ્યાનમાં કૃષ્ણે પડાવ નાખ્યો. ત્યાંથી સુવર્ણપુરી દ્વારકાનો સુંદર દેખાવ દેખાતો હતો. કૃષ્ણે તે વખતે પોતાની પ્રિયાને ત્યાં રહી દ્વારકા નગરી બતાવી. ગગન સુધી ઊંચા જેના શિખર છે, એવા રાજમેહેલો, અટારીઓ અને દેવાલયોની શ્રેણીબંધ શોભા જોઈ સતી રૂક્મિણી હૃદયમાં પ્રસન્ન થઈ હતી. આવી ઉત્તમ રાજધાની જોઇ રૂક્મિણીના હૃદયમાં શંકા આવી કે, આ મેહેલમાં કૃષ્ણને બીજી ઘણી સ્ત્રીઓ હશે, તેમાં મારો ભાવ કયાં પુછશે? આવી શંકા લાવી તે રાજપુત્રીએ લજ્જાથી મંદસ્વરે કહ્યું, પ્રાણનાથ, આ નગરી તો ઉત્તમ છે, પણ તમે મને અહીં બળાત્કારે લાવ્યા છો. તેનું શું સાહસ? પ્રિયાના આ પ્રશ્નથી તેણીના હૃદયની શંકા કૃષ્ણના જાણવામાં આવી ગઇ અને તરતજ કૃષ્ણે હસતા હસતા કહ્યું, ‘પ્રિયા, તારા હૃદયની શંકા મારા જાણવામાં આવી ગઇ છે. તું જરાપણ ખેદ કરીશ નહીં. હું તને મારા અંતઃપુરમાં પટરાણી તરીકે રાખીશ અને મારા પવિત્ર પ્રેમનું તનેજ પાત્ર બનાવીશ. પતિના આ વચનો સાંભળી રમણી ખુશી થઈ. પછી કૃષ્ણે ગાંધર્વ વિવાહથી તેજ સ્થળે તેણીનું પાણિગ્રહણ કર્યું. પછી તે ઉદ્યાનમાં એક લક્ષ્મીનું મંદિર હતું, તેમાં લક્ષ્મીની સુવર્ણ પ્રતિમા સ્થાપિત કરેલી હતી. કૃષ્ણે તે પ્રતિમાનું ઉત્થાપન કરી તેને બદલે આ પ્રત્યક્ષ રૂક્મિણીને સ્થાપી. પછી પોતે દ્વારકામાં ગયા. ઘેર આવેલા ગૃહપતિ કૃષ્ણને સત્યભામાએ પુછયું. સ્વામી, મેં સાંભળ્યું છે કે, તમે નવી

વિષે મનન કર્યું હતું અને તેમાં સપત્નીઓએ પરસ્પર કેમ વર્તવું
જોઈએ? તેને માટે સારું વિવેચન કર્યું હતું. રૂક્મિણીના વચનની
અસરથી કૃષ્ણપત્નીઓએ પરસ્પર સંપ કર્યો હતો અને સ્ત્રી
જીવનની સાર્થકતા શેમાં છે! એ વિષે સારી સમજૂતી મેળવી
હતી. રૂક્મિણીના પછીના ઉપદેશથી બધી સપત્નીઓમાં ભગિની
ભાવ થયેલો જોઈ દ્વારકાપતિ કૃષ્ણ અત્યંત પ્રસન્ન થયા હતા અને
તેણે સર્વની વચ્ચે એ સતીની મુક્ત મુખે પ્રશંસા કરી હતી.

સતી રૂક્મિણી પોતાના મધ્યજીવનમાં સંસાર તરફના ઉપેક્ષા
રાખી વર્તતી હતી. તેણીની ધાર્મિક વૃત્તિ વિશેષ થઈ હતી. તે
સાથે તે દ્વારકાનગરીની શ્રાવિકાઓને બોધ થવાના અનેક કાર્યો
આરંભતી હતી. ધાદરોની શ્રાવિકાઓનો મોટો સમાજ એકઠો
કરી પોષધ, પ્રતિક્રમણ અને સામાયિક કરતી અને ઉત્તમ પ્રભાવ-
ના કરી આર્હત ધર્મનો મહાન્ ઉદ્યોત કરતી હતી.

એક વખતે શ્રીનેમિનાથ પ્રભુ ગિરનાર પર્વતથી ઉતરી દ્વાર-
કાનગરીમાં સમોસર્યા. પ્રભુના આગમનના ખબર સાંભળી સતી
રૂક્મિણી પતિની આજ્ઞા લઈ તેમને વાંદવા આવી. પ્રભુએ દયામય
ધર્મની દેશના આપી, જે દેશના સાંભળી સતી રૂક્મિણીના હૃદય-
માં વૈરાગ્ય ભાવના જાગ્રત થઈ આવી. તેણીને રાજ્યવૈભવ ઉપર અ-
ભાવ થઈ ગયો. અને તરત જ પોતાના સ્વામી ગિરિધરની આજ્ઞા લ-
ઈ તેણીએ પ્રભુની પાસે દીક્ષા લીધી. જે દીક્ષાના મહોત્સવમાં દ્વા-
રકાના રાજકુટુંબે અને પ્રજાજને સારો ભાગ લીધો હતો. સતી
રૂક્મિણી પોતાની રાજધાનીને છોડી સાધ્વી થઈ ચાલી નીકળી હ-
તી. તે મહાસતીએ ખડ્ગધારા સમાન તીવ્ર તપ આચરી અને આ-
ર્યાવર્તની શ્રાવિકાઓને બોધ આપી પોતાના ચારિત્રને ચરિતાર્થ
કર્યું હતું. સતી અને સાધ્વી રૂક્મિણીએ પોતાના જીવનમાં જે
સ્ત્રી ધર્મ અને ચારિત્રધર્મ બજાવ્યો છે, તે યાવચ્ચંદ્ર દિવાકર સુધી
જૈનપ્રજાને સ્મરણમાં રાખવા જેવો છે. તે મહાસતીનું યશોગાન
અદ્યાપિ જૈનપ્રજા ઉંચે સ્વરે ગાય છે અને તેણીના પવિત્ર નામને
ભક્તિપૂર્વક જપે છે. ધન્ય છે એ મહાસતીના જીવનને.

એવી રીતે અનુક્રમે સાતમીને સાતવાર સાંભળેલું યાદ આવ-
ી જતું હતું. મંત્રી શકડાળ આવી તેમની વિશાળ બુદ્ધિ જોઈ
ઘણો પ્રસન્ન થતો અને તેમને કેળવણી આપવાને સદા તત્પર રહેતો
હતો. યક્ષા સર્વની મોટી બ્હેન હતી, ને પોતાની ૭ નાની
બ્હેનોને પોતે શીખીને શિક્ષણ આપતી હતી. તેઓ સાતે સર્વદા
વિદ્યાભ્યાસ કરતી અને પરસ્પર પ્રશ્નો પુછી બુદ્ધિના આનંદનો
અનુભવ કરતી હતી. કોઈવાર તે સાતે બ્હેનોના મંડળમાં તેમના
ભાઈ સ્થૂલભદ્ર અને શ્રીયક આવતા અને તેમની પરીક્ષા લઈ પર-
મ સંતોષ પામતા હતા.

મંત્રી શકડાળે પોતાના સંતાનોને માટે પોતાના ઘરના એક
ભાગમાં પાઠશાળાનું સ્થાપન કર્યું હતું અને તેમાં પાટલીપુત્રના
નંદ વંશમાંથી પણ કેટલાએક જૈન બાળકો અને બાળિકાઓ આ-
વી તે પાઠશાળાનો લાભ લેતા હતા. કોઈકોઈ વાર શકડાળ અ-
ને તેની સ્ત્રી લક્ષ્મીવતી ત્યાં આવતા અને પોતાના સંતાનોના વિ-
દ્યાવિનોદ જોઈ પરમ આનંદ પામતા હતા.

એક વખતે શકડાળે પોતાની પુત્રીઓની પરીક્ષા કરવાને પુ-
છયું કે, ધર્મથી શું શું મળે છે? તે તમે જુદા જુદા બતાવો. તે
વખતે યક્ષા: "ધર્મથી ઉત્તમ કુળમાં જન્મ મળે છે." યક્ષદત્તા
"શરીરે આરોગ્ય રહે છે." ભૂતા "સૌભાગ્ય વધે છે." ભૂતદ-
ત્તા "અદ્ભુત સુખ મળે છે." એણા "લક્ષ્મી પ્રાપ્ત થાય છે."
વેણા "આયુષ્ય વધે છે." રેણા—"યશ, વિદ્યા, ચક્રવર્તી કે
ઇંદ્રની પદવી મળે છે."—સાતે પુત્રીઓના મુખથી આવા જુદા
જુદા ઉત્તર સાંભળી શકડાળ ઘણો પ્રસન્ન થતો હતો.

તે વખતે નંદરાજાના દરબારમાં વરરૂચિ નામે એક બ્રાહ્મણ
રહેતો હતો. તે એક સારો વિદ્વાન કવિ હતો. તેની કાવ્યશક્તિ
અદ્ભુત હતી. તે હમેશા નંદરાજાના દરબારમાં જતો અને પ્રતિ-
દિન એકસોને આઠ નવા કાવ્ય રચતો અને તેની નંદરાજાને ભેટ
કરતો હતો તેથી નંદરાજા તેની ઉપર પ્રસન્ન રહેતા હતા. વરરૂચિ
કવિતા સારી કરતો પણ તે મિથ્યાત્વી હોવાથી તેના કવિતામાં મિ-

વપરાય છે.

સ્થૂલભદ્ર જ્યારે વેશ્યાસક્ત થયો ત્યારે રાજાનંદને તેનોભાઈ શ્રીયક વધારે વિશ્વાસપાત્ર થયો હતો. શકટાલે વરરૂચિનું અપમાન કર્યું એટલે તેણે તેની ઉપર દ્વેષ કરવા માંડ્યો. આખરે તે દ્વેષનું પરિણામ એવું આવ્યું કે, રાજાનંદે શકટાલના કુટુંબને મારી નાંખવાનું ધાર્યુંહતું.આ ખબર જાણી મંત્રી શકટાલે ઝેર ખાધુ અને પોતાના પુત્ર શ્રીયકને બોલાવીને કહ્યું કે,હું રાજાની પાસે જાઉં છું, ત્યાં આવી તું મને રાજદ્રોહી કહીને મારી નાખજે એટલે આપણાં કુટુંબનું રક્ષણ થશે. ત્યાર પછી શકટાલ રાજાની સભામાં જઈ રાજાને નમવા લાગ્યો, ત્યારે રાજાએ અવળું મુખ કર્યું, ત્યાં તો પાછળથી શ્રીયક આવીને બોલ્યો —" જેણે રાજ્યનો દ્રોહ કર્યો છે, તેનું મસ્તક આખર છેદી નાખવું," આમ કહી તેણે પોતાના પિતાનું મસ્તક છેદી નાખ્યું. એટલે રાજા સન્મુખ થઈને બોલ્યો — તેં પિતાનો વધ વૃથા કેમ કર્યો? ત્યારે શ્રીયકે તેનું કારણ કહી સમજાવ્યું અને વિશેષમાં પેલા વરરૂચિ બ્રાહ્મણના કપટજાલની પણ વાતકરી એટલે રાજાએ તેવરરૂચિને પોતાના દેશની હદ પાર કર્યો. પછી રાજા શ્રીયક ઉપર બહુ ખુશી થયો અને તેણે મંત્રીનો હોદ્દો મુદ્રા સાથે આપવા માંડ્યો. ત્યારે શ્રીયકે વિનંતિ પૂર્વક જણાવ્યું, મહારાજ, જ્યાંસુધી મારો મોટો ભાઈ સ્થૂલભદ્ર હોય, ત્યાં સુધી મારાથી એ હોદ્દો ન લેવાય. તેથી તેને બોલાવીને મંત્રીની પદવી આપો. રાજાએ પુછ્યું, " તારો મોટો ભાઈ સ્થૂલભદ્ર ક્યાં છે?" તેણે કહ્યું—એ આજ ઘણો વખત થયા કોશ્યા ગણિકાના આવાસમાં રહે છે. શ્રીયકની આવી પવિત્ર અને નિર્લોભીવૃત્તિ જોઈ રાજાનંદ ઘણો ખુશી થઈ ગયો. તેણે વિચાર્યું, આવો નિર્લોભી પુરૂષ મેં કોઇ જોયો નથી. લોભ અને તૃષ્ણા એ પુરૂષને આકર્ષ્યાવિના રહેવાનથી. તે ઉપર એક વિદ્વાન લખે છે કે, " દાંત પડી ગયા. બુદ્ધિ જાડી થઇ ગઇ, હાથ પગ કંપવા લાગ્યા, આંખમાંથી પાણી ઝરવા લાગ્યું, સૌંદર્ય નાશી ગયું. અને યમરાજની મોટી દાસી રૂપ જરા આવી તે છતાં તૃષ્ણા રૂપી સુભટી હૃદય રૂપી નગરમાં નૃત્ય કર્યા કરે છે." આવી

પણ મુદ્રા આ પ્રમાણે પાંચ મુદ્રાવાળો આ વ્યાપાર છે. રાજાએ તે-મનું આવું મહાન્ કાર્ય જોઈ તેને ધન્યવાદ આપ્યો. પછી સ્થૂલભદ્ર નંદરાજાને ધર્મ લાભ કહીને વનમાં ચાલ્યા ગયા હતા. અને તેમ-ણે સંભૂતિવિજયની પાસે વિધિ પ્રમાણે જૈન દીક્ષા ગ્રહણ કરી હતી.

પાછળથી નંદરાજાએ મન્ત્રિપદની મુદ્રા શ્રીયકને આપી હતી. શ્રીયક શુદ્ધ શ્રાવક ધર્મને પાળનારો હતો. તે રાજ્યકાર્ય કરતાં છતાં ત્રણ વખત જિન પૂજા કરતો અને પ્રતિક્રમણાદિ ક્રિયા પણ કરતો. વળી સાત ક્ષેત્રોને વિષે ધન વાપરતો હતો. તેણે એકમો જિનાલય અને વણસો ધર્મશાળાઓ કરાવી હતી. સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જિનભવન, જિનપ્રતિમા અને પુસ્તક એ સાત ક્ષેત્રોમાં શ્રીયકનું ઘણું દ્રવ્ય વપરાયું હતું.

સ્થૂલભદ્ર અને શ્રીયકની સાત બ્હેનોનું હૃદય પ્રથમથીજ સં-સાર તરફ વિરક્ત થયું હતું, તેથી તેઓ સંસારના પ્રપંચમાં પડી ન હતી. જ્યારે રાજા નંદના કોપથી શકડાલે ઝેરખાઈ પોતના પુત્ર શ્રીયકને હાથે શિરચ્છેદ કરાવ્યો, ત્યારથી તે સાત મહાસતીઓની મનોવૃત્તિ વૈરાગ્ય વાસનાથી ભરપૂર થઈ હતી. તેઓએ સંસાર-વાસમાં પણ બહુ પ્રકારે ધર્મારાધન કર્યું હતું. પાટલી પુત્ર નગર-ની જૈન સ્ત્રી પ્રજાને તે મહાસતીઓએ સારી કેળવણી આપી હતી તે વખતે ત્યાંની જૈન બાલાઓ વિદુષી કહેવાતી અને સર્વદા વિદ્યા વિનોદ કરનારી હતી.

છેવટે એ મહાસતીઓ દીક્ષા લઈ પિતાના ઘરમાંથીજ ચાલી નીકળી હતી તેમનું ચરિત્ર ભારતની જૈન પ્રજામાં વિશેષ પ્રશંસ-નીય થયું હતું. હજારો શ્રાવકો તે મહાસતીઓનો ઉપદે-શ લેવાને અને તેમના પવિત્ર દર્શન કરવાને આવતા હતા. સહસ્ર શ્રાવિકાઓ તેમના ઉપદેશથી શુદ્ધ શ્રાવિકાધર્મને પાળનારી અને સતી ધર્મથી અલંકૃત થઈ હતી. તે સાતેમાં યક્ષા સાધ્વી મુખ્ય હતી અને તેણીની આજ્ઞામાં બીજી બ્હેનો વર્ત્તતી હતી. ધર્મમૂર્તિ શ્રીયકે છેવટે પોતાના પુત્રને નંદની પ્રધાન પદવી આપી પોતે શ્રીગુરૂની પાસે દીક્ષા અંગીકાર કરી હતી.

[illegible] પર્યુષણ પર્વ આવતાં યક્ષાસાધ્વીએ શ્રીયકનેક[illegible]
[illegible] કે, આજ જે પુણ્ય કરીએ, તેનું અનં[illegible]
[illegible] માટે આટલું શાસ્ત્રમાં લખ્યું છે કે,—[illegible]
[illegible] જિનશાસનની પ્રભાવના
[illegible] અને એકવીશ વાર કલ્પસૂત્ર
[illegible] સમુદ્રને તરી જાય છે. વળી સંવ[illegible]
[illegible] જિનપૂજા અને તપ-
[illegible] એમ કહી તેણીએ શ્રી[illegible]
[illegible] પછી પોરશીનું પચ્ચખાણ,
[illegible] પુરિમડ્ઢનું અને એકાશણાનું—એમ
[illegible] દૈવયોગે શ્રીયકે

[illegible]

[illegible] તેણીએ "શ્રીયકને
[illegible] થવાથી અભિધાનના
[illegible] પ્રાયશ્ચિત્ત લેવા સીમંધર સ્વામીપાસે
[illegible] શાસન-
[illegible] યક્ષા સાધ્વીને મહાવિદેહ ક્ષેત્ર વિષે
[illegible] જઇને મુકી. ત્યાં તેણીએ પોતાના
[illegible] પાસે જવા નિમિત્તે થયેલ કુશ-
[illegible] સીમંધર સ્વામીએ કહ્યું, "શ્રીયક
[illegible] થવાથી કાળ ધર્મને પામ્યો છે.
[illegible] સમજાવી શકતું નથી. [illegible]
[illegible] અધ્યયનો, [illegible]
[illegible] શારીરિક [illegible]
[illegible] તેનું પ્રાયશ્ચિત્ત હોતું નથી.
[illegible] યક્ષાના મનને શાંતિ વળી
[illegible] પછી યક્ષાએ પુનઃ પ્રશ્ન કર્યો–
[illegible] છે?" પ્રભુએ ઉત્તર આપ્યો.
[illegible] છે, તે પછી ધર્મના

પ્રભાવને લીધે મુક્તિ પામશે." તે સાંભળી યક્ષા ચાલવાનું કરેછે, ત્યાં પ્રભુએ ચાર ચૂલિકા વિષે વ્યાખ્યાન કર્યું, તે સાંભળી તે વ્યાખ્યાન ચતુર યક્ષાને આવડી ગયું. પછી શાસનદેવીએ તેણીને ત્યાંથી લઈને સંઘમાં મુકી. ત્યાં યક્ષાએ ગુરૂની અને સંઘની સમક્ષ શ્રીયકની સદ્ગતિની વાત કહી અને તે ચારે ચૂલિકા શ્રી ગુરૂને આપી. શ્રી ગુરૂએ તેમાંની બે ચૂલિકા દશ વૈકાલિક સૂત્રને અંતે અને બીજી બે ચૂલિકા આચારાંગ સૂત્રને અંગે પ્રરોપી. પછી યક્ષા સાધ્વી પોતે વિશેષ તપ કરવા લાગી, ત્યારે ગુરૂએ કહ્યું,-"જે પ્રાણી અષ્ટમી વગેરે પર્વોમાં તપશ્ચર્યા કરે છે, તેમના કર્મ ક્ષીણ થઈ જાય છે અને તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે; કારણ કે, તપ નિકાચિત કર્મને ભેદનારૂં છે." ગુરૂનું આવું અનુમોદન મળવાથી સાધ્વી યક્ષાએ પોતાની બ્હેનોને તપ કરવાનો ઉપદેશ કર્યો હતો. તેથી તેઓ બધી તપશ્ચર્યા કરવામાં પરાયણ થઈ હતી.

યક્ષાવિગેરે સાત સાધ્વીઓએ ભારત ભૂમિઉપર વિહાર કરી મહાન્ ઉપકાર કર્યો હતો. યક્ષા ખરેખરી સમર્થ વિદુષી થઈ હતી. તેમ તેણીની ઉપદેશ આપવાની શક્તિ ભારે હતી. યક્ષા જ્યારે ઉપદેશ આપવા બેસતી ત્યારે હજારો લોકો તેનો ઉપદેશ સાંભળવાને આવતા હતા. તેણીની મધુર વાણીનો પ્રવાહ અમૃતની ધારાને અનુસરતો હતો. તે સાથે તેનામાં વિવેક, વિનય વિગેરે ગુણો ઘણાં ગુપ્ત રહેલા હતા. બીજી સાતે સાધ્વીઓ યક્ષાના આશ્રય નીચે રહી જ્ઞાન તથા ધર્મનું આરાધન કરતી હતી. તેઓ પણ પોતાના કર્તવ્યધર્મને અનુસરી આર્ય બાલિકાઓને સારો બોધ આપતીહતી.

એક વખતે તે સાતે સાધ્વીઓ પોતાના પૂર્વ બંધુ સ્થૂલભદ્રને વંદન કરવાનેગઈ. ત્યાં તેમના ગુરૂ સંભૂતિવિજય આચાર્યનાં દર્શન થયા. તેમણે આચાર્યને નમીને પુછ્યું, "સ્વામી, અમારા ભાઈ સ્થૂલભદ્રમુનિ ક્યાં છે ?" ગુરૂએ કહ્યું "આગળ જાઓ, અશોકવૃક્ષ દેખાય છે, તેની નીચે તે યોગને સાધ્ય કરતા હશે." સાતે સાધ્વીઓ ત્યાં ગઈ, ત્યાં પોતાના ભાઈની જગ્યાએ તેમણે એક વિકરાલ સિંહને જોયો. તે જોઈ ભય પામી તેઓ પાછી આવી રહી આચાર્યને ગુરૂને

કહ્યું "અમારા ભાઇને સિંહ ભક્ષણ કરી ગયો લાગે છે. કારણ ત્યાં તે નથી. ફક્ત એક સિંહ બેઠો છે." આચાર્યે કહ્યું, "એમ નહીં, તમારો ભાઇ કુશળ છે, ફરી જાઓ અને તેને વંદના કરો." પછી બધી [illegible] ત્યાં ગઇ, ત્યાં મુનિ સ્થૂલભદ્ર જોવામાં આવ્યા [illegible] તેમને વંદના કરી પછી તેમને પુછ્યું કે, "અ[illegible] સિંહ હતો, તેનું શું કારણ?" સ્થૂલભદ્રે કહ્યું, "એ સિંહનું રૂપ [illegible] વિકુર્વ્યું હતું." પછી એ વાત સાધ્વીઓએ જઇને સંભુતિ[illegible] જ્ઞાન કરી.

જ્યારે સ્થૂલભદ્ર સ્વાધ્યાય કરીને પોતાના ગુરૂ પાસે વાચના સે[illegible] આવ્યા, એટલે ગુરૂએ તેમને કહ્યું હતું કે, "સિંહના રૂપને વિ[illegible] [illegible] હું વાચના નહીં આપું." પછી સ્થૂલભ[illegible] ક્ષમા માગી હતી. [illegible] ગુરૂએ [illegible] હતું કે, હવે [illegible] વિષમ આવ્યો છે આ કાળના [illegible] સાધુઓને જ્ઞાનનું અજી[illegible] [illegible] પછી જ્યારે મ[illegible] [illegible] સાધુઓને છેલ્લા ચ[illegible] પૂર્વ નહીં [illegible] સ્થૂલભદ્રને [illegible] આપે[illegible] હતો, પણ છેલ્લાં પૂર્વ શીખવ્યાં હતાં અને તેનો અર્થ શીખવ્યો ન હતો.

[illegible] બનાવને દીધ[illegible] [illegible] આ[illegible] [illegible] કેટલા[illegible] [illegible] ક્રિયા [illegible] ડી નીકળી હતી. ભાગવત[illegible] સાધ્વીઓએ તે મહામતિમાન[illegible] [illegible] અને વર્ણમાળાની ઓળખાણીની જે પ[illegible] ની [illegible] અત્યારસુધી જૈન[illegible] [illegible] [illegible] [illegible] તેમના ધર્મને[illegible] [illegible]

ધાર થશે અને જૈનધર્મની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના ઉચ્ચ શિખર ઉપર તેઓ આરૂઢ થઇ આર્હત ધર્મના મોટા મહિમાને વધારશે. શાસનદેવના એ સમય ક્યારે આવશે?

શ્રીસુદત્તી.



આ મહાસતીનો જન્મ મંગળપુરીના જિનદત્ત શેઠને ઘેર થયો હતો. જિનદત્તશેઠ જૈનધર્મી હતો. તેનું હૃદય ધર્મથી વાસિત હોવાથી પવિત્ર હતું. તેને વ્યાપાર કળામાં સારી લક્ષ્મી મેળવી હતી. તે લક્ષ્મીનો સદુપયોગ કરવામાં તત્પર રહેતો. ધર્મના સાત ક્ષેત્રોમાં તેના દ્રવ્યનો વ્યય થતો હતો. જૈનધર્મિણી શીલવતી ખરેખર શીલવતીજ હતી. તેને ઘેર અને ગુણનું-કમલ સૌંદર્ય પ્રકાશમાન થઇરહ્યું હતું. તેણીનામાં રૂપનું બાળાએ બાલ્ય વયમાંથીજ સારી કેળવણી લીધી હતી. એ બુદ્ધિમતી મનોવૃત્તિમાંઆર્હત ધર્મની ઉત્તમ આસ્થા સ્થાપિત થઇ હતી, તેથી તે મંગળપુરીની જૈનમંડળમાં પ્રશંસનીય કન્યા ગણાતી હતી.

એક વખતે જિનદત્ત શેઠને ઘેર કોઇ વ્યાપાર અર્થે મીજમાન આવ્યો. જ્યારે તે શેઠની સાથે ભોજન લેવા બેઠો તે વખતે ચતુર બાળા શીલવતી તેને પીરસવા આવી. તે બાળા સવિકાની મનોહરતા જોઇ તે મીજમાન પ્રસન્ન થઇ ગયો. તે સાથે તેણીના રૂપ ગુણ જોઇને તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે, “જેના ઘરમાં આ બાળા વસે, તે પુરૂષ ખરેખરો સુખી થશે. આવા કન્યારત્નથીજ સંસાર પૂર્ણ શોભાને પ્રાપ્ત કરે છે. જો આ કન્યા

મારા શેઠના પુત્ર અજિતસેનને પ્રાપ્ત થાય તો ઘણોજ ઉત્તમ યોગ થયો ગણાય. અજિતસેનનો પુણ્યરાશિ આ કન્યારત્નને સંપાદન કરાવવામાં સહાયભૂત થશે ”

આ પ્રમાણે વિચારી તે અતિથિએ જિનદત્તશેઠને પુછ્યું, “ શેઠજી, આ દેવકન્યા જેવી કન્યા કોણ છે?” શેઠે ઉત્તર આપ્યો–“એ મારી શીળવતી નામની કન્યા છે. તે વર યોગ્ય થઇ છે, પણ તેણીને યોગ્ય વર મળતો નથી. તેની મને બહુ ચિંતા થાય છે.”અતિથિએ કહ્યુ, શેઠજી તમે કહો છો, તે સત્ય છે. ‘કન્યાને યોગ્ય વર મળશે કે નહીં? તે તેણીને પ્રિય થશે કે નહીં? વળી તે કન્યા સાસરીઆને પોતાના ગુણથી સંતોષ આપશે કે નહીં? પોતાનું શીળ પાળશે કે નહીં? અને તે પુત્રાદિકને પ્રસવશે કે નહીં?’ આવી આવી ચિંતા કન્યાના માબાપને થાય છે. વળી તેણીના ઉપર શોકય ન આવે અને તેની માતા પણ દુઃખ ન પામે એવી પણ તેણીના પિતાને ફીકર રહેછે. શેઠેકહ્યું ભદ્ર. આ મારી પુત્રી ગુણરૂપી માણિક્યની ખાણ છે. રૂપ તથા ગુણથી તેણીના સરખો વર હું ક્યાંય પણ જોતો નથી.

જિનદત્તશેઠના આવા વચન સાંભળી તે મીજમાન બોલ્યો—શેઠજી, તમે ચિંતા કરો નહીં. નંદપુરનગરને વિષે મારા શેઠ રત્નાકર શ્રેષ્ઠીને અજિતસેન નામે એક પુત્ર છે, તે તમારી પુત્રીને યોગ્ય વર છે. તેના આવાં વચન સાંભળી જિનદત્ત શેઠ ખુશી થયો જાણે ચિંતાના ભારમાંથી તે મુક્ત થઇ ગયો હોય, તેમ તે દેખાવા લાગ્યો. જિનદત્તે આનંદ પૂર્વક કહ્યુ, ભદ્ર, તમે બહુ સારૂં કર્યું, વર શોધવાની ચિંતારૂપ સમુદ્રમાંથી તમે મારો ઉદ્ધાર કર્યો છે.એ કહું કરી તેણે બીજે દિવસે તે વર અને ઘર જોવાને નિમિત્તે પોતાના પુત્ર જિનશેખરને તેની સાથે નંદનપુર મોકલ્યો.

નંદનપુર જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં આવેલું છે. તે નગર ઘણું સુશોભિત છે. તે નગરમાં તે વખતે **અરિમર્દન** નામે રાજા રાજ્ય કરતો હતો. તેમાં **રત્નાકર** શ્રેષ્ઠી રહેતો હતો. તે રાજાનો માનીતો હોવાથી નગરશેઠ કહેવાતો હતો. તેને ગુણરૂપ મણિની ખાણરૂપ એવી **શ્રી** નામે સ્ત્રી હતી. તે શ્રી તે સાક્ષાત્ શ્રીજ હતી.

તે શુદ્ધ શ્રાવિકા થઈ જૈનધર્મ પાળતી હતી. રત્નાકર અને શ્રી-એ બંને શ્રાવક દંપતીનો સંસાર સુખે ચાલતો હતો. જેવું પ્રવર્તન શ્રાવક સંસારમાં હોવું જોઈએ, તેવું પ્રવર્તન રાખી તે બંને દંપતી આર્હત ધર્મની ઉપાસના આચરતા હતા.

એ પ્રમાણે ચિરકાળ સાંસારિક સુખ ભોગવતાં પણ તેમને કોઈ પણ સંતતિ થઈ નહીં. સંતતિના અભાવથી શેઠાણી શ્રીના હૃદયમાં ચિંતા રહેવા લાગી. સાંસારિક સર્વ સામગ્રી છતાં પણ સંતાન વિના તેને સર્વ સંસાર શૂન્ય દેખાવા લાગ્યો. એક વખતે શેઠાણીએ પોતાના પતિને કહ્યું, સ્વામી, આ નગરની બહાર એક ઉપવન છે. તેની અંદર જિનાલયની પાસે મહા પ્રગટ શક્તિવાળી અજિતબલા નામે એક દેવી છે. તે પુત્ર રહિતને પુત્ર આપે છે, નિર્ધનને ધન આપેછે. દુર્ભાગીને સૌભાગ્ય આપેછે, અને અવિદ્વાન્‌ને વિદ્યા આપે છે, દુઃખીને સુખી કરે છે, અંધને ચક્ષુ આપે છે, અને રોગીને નીરોગી કરેછે. એવા એ ચમત્કારી દેવી સેવવા યોગ્યછે. એની સેવાથી આપણું વાંછિત પૂર્ણ થશે. હે આર્યપુત્ર, એ મહાદેવીની પાસે જઈને પુત્રને માટે પ્રાર્થના કરવી. ઘણાં તો પુત્ર મેળવવાને એ મહાશક્તિને પોતાના પ્રાણ સમર્પણ કરેછે. શેઠાણીના આવા વચન સાંભળી રત્નાકરશેઠ ઉપવનમાં ગયો અને ત્યાં તેણે શુદ્ધ હૃદયથી તે દેવીની આરાધના કરી. તેની શુદ્ધ ભક્તિ જોઈ દેવી અજિતબલા પ્રસન્ન થઈ અને તેણીએ પ્રત્યક્ષ થઈ રત્નાકર શેઠને કહ્યું, 'શ્રાવકવર્ય, તારે હવે પુત્રના અભાવરૂપ અંતરાય કર્મનો ક્ષય થયો છે, તેથી તને પુત્ર પ્રાપ્ત થશે.' મહાદેવીનું આ વરદાન લઈ રત્નાકરશેઠ પોતાને ઘેર આવ્યો અને તેણે તે વધામણીની વાર્તા પોતાની સ્ત્રી શ્રીને જણાવી. પુત્રમોહિતા શ્રી હૃદયમાં આનંદ પામી. અનુક્રમે તેણીને પુત્રનો પ્રસવ થયો. યોગ્ય અવસરે આરાધેલી ક્રિયા સફલ થયા વિના રહેતી નથી. પુત્રના જન્મથી આનંદ પામેલા રત્નાકરશેઠે પુત્રનો જન્મોત્સવ કર્યો. અને તે પુત્રનું અજિતસેન એવું નામ પાડ્યું હતું.

તે અજિતસેન અનુક્રમે બાલ્યવય પ્રસાર કરી યૌવન વયને



આગળ આપણા અજિતસેનનું વર તરીકે નામ આપ્યું તેથી તે ઘણો સંતુષ્ટ થયો અને બીજેજ દિવસે આપણું ઘર તથા વર જોવાને માટે પોતાના પુત્ર જિનશેખરને મારી સાથે મોકલ્યો છે, તે હાલ મારે ઘેર છે.

પોતાના વાણોતરના મુખથી આ વૃત્તાંત સાંભળી રત્નાકરશેઠ તથા શ્રી શેઠાણી ઘણાંજ ખુશી થઇ ગયાં. પછી તે શેઠે કહ્યું કે, તારે ઘેર આવેલા જિનશેખરને અહીં બોલાવો. તે ઉપરથી તે સેવક પોતાને ઘેર જઇ તેને શેઠને ઘેર બોલાવી લાવ્યો. શેઠ રત્નાકર તથા શેઠાણી શ્રીની નમ્રતા જોઈ તથા તેના ઘરની સમૃદ્ધિ જોઇ જિનશેખર હૃદયમાં પ્રસન્ન થયો. પછી તેણે શેઠ પુત્ર અજિતસેનને જોયો. તેના ગુણ રૂપ જોઇતેનું અંતરંગ આનંદિત થઇ ગયું. પછી તરતજ તેણે ત્યાં પોતાની બ્હેન શીળવતીનું વાગ્દાન આપ્યું અને વિવાહનો નિશ્ચય કર્યો.

જ્યારે વિવાહ લગ્નનો દિવસ આવ્યો એટલે અજિતસેન મંગલપુરીમાં શીલવતીને પરણવા ગયો. ત્યાં જૈન વિધિથી પરણી મોટા મહોત્સવ સાથે તે પાછો ઘેર આવ્યો. રત્નાકર શેઠ અને શ્રી શેઠાણી વિનયવતી પુત્રવધૂને જોઇ પોતાના સાંસારિક જીવનને કૃતાર્થ માનવા લાગ્યા. પુત્રને યોગ્ય કન્યા પરણાવી પોતે પોતાનો માતૃ પિતૃ ધર્મ યથાર્થ બજાવ્યો છે, એવું તે માનવા લાગ્યા. કારણ કે, કુલ તથા ઘરના દીપક જેવી ઉત્તમ વધૂ પ્રાપ્ત કરીને મનુષ્ય ગૃહસ્થાશ્રમને ત્રણે વર્ગમાં સારભૂત માને છે.

શીલવતી આ પ્રમાણે વિવાહિત થઇને પોતાના શ્વસુરગૃહમાં રહેતી હતી. તે હમેશાં પોતાના નિયમ પ્રમાણે ચાલતી અને પતિ તથા વડિલ જનની સેવા કરતી હતી. સુશિક્ષિત શીલવતી સમયના જુદા જુદા ભાગ પાડી તે પ્રમાણે વર્તતી હતી. પ્રાતઃકાલે તે સામાયિક પ્રતિક્રમણ કરી જિન પૂજા કરતી. તે પછી ભોજન સમયે સ્વાદિષ્ટ રસવતી બનાવી પોતાના શ્વસુર કુટુંબને અને પતિને જમાડતી હતી. તે પછી મધ્યાન્હે સામાયિક લઇ વિવિધ પ્રકારના ધાર્મિક તથા સાંસારિક પુસ્તકો વાંચી તેમાંથી સાર ગ્રહણ કરતી હતી અને

નીચતા. ? નારીઓ સુવર્ણની છરીની પેઠે બહારથીજ મનોહર દેખાય છે; એમના અંતઃકરણ તો અત્યંત દારૂણ હોય છે.

આ પ્રમાણે રત્નાકર શેઠ શય્યામાં સુતોસુતો વિચાર કરતો હતો. સતી શીલવતી જે કપટરહિત અને નિષ્કલંક હતી તે કાંઇ અનિંદિત કાર્ય કરીને પાછી આવી અને પેલા ઘડાને મુકી પાછી પોતાની શય્યામાં સુઈ ગઈ.

પ્રભાતકાલ થયો. શીલવતી પોતાના નિત્યના નિયમ પ્રમાણે પ્રવર્ત્તન કરવા લાગી. તે વખતે રાત્રિનો બનાવ જોઇ શંકિત થયેલો રત્નાકર શેઠ પોતાની સ્ત્રીની પાસે આવ્યો. પતિને ચિંતાતુર જોઈ સ્ત્રીએ પુછયું, 'સ્વામી ચિંતાતુર કેમ દેખાઓ છો ?' રત્નાકર શેઠે કહ્યું, પ્રિયા, મારે તને એક પુછવાનું છે કે, આપણી વહુ શીલવતી તને શીલગુણમાં કેવી દેખાય છે? તેણીએ ઉત્તર આપ્યો:—સ્વામી, તેણીના જેટલા વખાણ કરૂં, તેટલા થોડા છે. ઉત્તમ કુળની મર્યાદા પ્રમાણે તેણીનું વર્ત્તન છે. રત્નાકરે કહ્યું; હું પણ તેવીજ જાણતો હતો. પણ તને તેના ચરિત્રની ખબર નથી એ વહુ સારી નથી. સ્ત્રીએ દીલગીરીથી પુછયું, એ તમે શી રીતે જાણ્યું ?' શેઠે કહ્યું, 'આજ રાત્રે મેં એને ગુપ્ત રીતે કયાંઇ જતાં જોઈ છે. હું ધારૂં છું, કે, તે થોડો કાળ કોઈ અન્ય પુરૂષ સાથે ક્રીડા કરીને પાછી આવી. શેઠાણી સભ્રમથી બોલી—એ વાત મારાથી કેમ મનાય ? શીલવતી કેવી ધર્મિષ્ટ અને નિર્દ્દમિન રીતે વર્ત્તનારી શ્રાવિકા છે. તે પોતાના શીળનું ખંડન કેમ કરે? શેઠે કહ્યું, સાંભળેલી વાત કરતાં પ્રત્યક્ષ જોયેલી વાત વધારે બળવાન છે, માટે મેં જે કહ્યું તે સત્ય માનજો.

આ પ્રમાણે બંને દંપતી વાતચિત કરતા હતા, એવામાં પુત્ર અજિતસેન પ્રાતઃ દેવગુરૂની સેવા કરી માતાપિતાના ચરણે નમવાને આવ્યો. તે માતપિતાના જુદાજુદા ચરણે પડીને તેમની આજ્ઞાની રાહ જોઇ બેઠો. પછી પિતાએ તેને ખેદ સહિત કહ્યું, પુત્ર, તને શું કહું; વિધાતાએ તો આપણા ગૃહના આંગણામાં પારિજાતકની વેલ રોપી હતી, પણ તે તો વિષલતા નીકળી. ઉત્તમ કુળમાં

આ સેનાપતિને પણ પંચત્વ પ્રાપ્ત કરાવશે." તે સાંભળી વહુએ કહ્યું, "જો એને કોઈ ખાઈ નહીં જાય તો આપનું વચન સત્ય થશે." વહુનું એવું વચન સાંભળી શેઠે [illegible] "આ વહુ આવું અયોગ્ય કેમ બોલે છે?" આ શેઠનો વદન ફીક્કું [illegible] પાડ્યું છે. એ એમ જણાવતું નથી. પછી તે શેઠે [illegible] જ્યાં સમૃદ્ધિમાં કુબેરના નગર જેવું અને [illegible] ભરપૂર એવું એક નગર આ[illegible]યું. તેને જોઈ [illegible] રહી નહીં; તેથી તે [illegible] વખાણ કર્યા પણ વહુ તો ચૂપ રહી. ત્યારે શેઠે કહ્યું, "જો આ નગર કેવું સારું." તે સાંભળી શેઠે વિચાર્યું કે, "આ વહુ તો મને [illegible] કરે છે. એ અવિનીત સ્ત્રીને તેના અવિનયનું ફળ મળશે." આગળ જતાં એક સુભટ મળ્યો. તે પ્રહારથી ઘાયલ થયેલો હતો. તેને જોઈ શેઠે તેની પ્રશંસા કરીને કહ્યું, "[illegible]" તે સાંભળી વહુ [illegible] રહી નહીં, "અરરર, એના [illegible] હમેશાં ઉઠવું કહેનારી ને [illegible] શું વખાણ કરો છો?" એવું તો સાંભળી શેઠે વિચાર્યું કે, આ વહુ [illegible] પામર ને બીજણ છે." તે સાંભળી [illegible] છે, તેથીને દરેક [illegible] પોતાની પ્રશંસા કરે છે, સર્વે [illegible] "સહુ [illegible] દોષ છે. [illegible] દોષ કરવા કરે છે, પણ પોતાના વિચારનો દરેક [illegible] નથી." આ પ્રમાણે [illegible] એક [illegible] ઉભો રખાવ્યો અને તે [illegible] વડનું વૃક્ષ આવ્યું. ત્યાં શેઠે રથ છાયામાં [illegible] ઉપર બેસીને દૂર બેઠી સમજાવે વહુને [illegible], પણ તે તો સાંભળ્યા છતાં ત્યાં આવી નહીં એટલે શેઠે વિચાર્યું કે, આ વહુને તો કુબુદ્ધિની જે કાંઈ ઉપદેશ આપવા જેવું નથી. પછી શેઠ આગળ ચાલ્યા. ત્યાં રસ્તામાં એક દહેરા આવ્યું. તે જોઈ શેઠ બોલ્યા—"આ કેવું સુંદર દહેરા છે! એમાં [illegible] રહેલ છે." વહુ બોલી—"એને ઉજ્જડ સમજું"

હું સર્વ સત્યો લીધી તે સાથે નિર્વચસ્વપાનું દાન પણ અર્પ
સદિન લીધી હતી." વધુના આવા વચન સાંભળી સર્પે કરડેલો
મનુષ્ય જેમ ગરુડીના શબ્દથી સજ્જ થાય, તેમ શેઠ ઉઠીને વધુને
વહુની પાસે ગયો અને ત્યાં જઈ તેણે કહ્યું—"કુલીન વધુ, મારો
અપરાધ ક્ષમા કરો." તે સાંભળી વધુ બોલી—"તે વખ-
તે જ્યારે તમે આગળ હતા, ત્યારે હું જે મસ્તક ઉપર
લઈ ઉઠીને બહાર ગઈ હતી. તે એક શીયળવતીનો શબ્દ સાંભ-
ળીને ગઈ હતી તે સમળી એમ કહેતી હતી કે, "એક મુડદું
નદીમાં તણાતું આવે છે. તેના શરીર ઉપર લક્ષ મૂલ્યના આભ-
રણો છે. તે કોઈ લઈ લ્યો અને મુડદું મને આપો" તે સાંભળીને
હું ત્યાં ગઈ. ને તે મુડદાના આભરણો લઈ તેજ સ્થાને નદીને
તીરે ક્ષેમ રીતે દાટીને મુડદું શીયાળને નાખી ઘેર આવી. પછી
અને તમે એ શકાથી મને મારી નાખ્યા છે, પણ હે સસરાજી, એમાં
તમારો દોષ નથી. એ તો મારા કર્મનો દોષ છે. શુભ અશુભ કર્મનો
કોઈ નમેષ પણ અન્યથા વિના ફળ થતો નથી. હમણાં આ કાકપક્ષી
જે હોય તેને આરોગ્ય કરે. જેમ છે. તે સૂચવે છે કે, 'આ કેરડાના વૃક્ષ
નીચે દસ લાખ સુવર્ણ છે' ત્યારે મેં તેને કહ્યું, 'પૂર્વે એક કર્મ કર્યું, તે
મારા સસરાને દુઃખકર થયું' નહિ તો હવે એ લીધું કરવા જઈ તો
મસ્તક આપ." વધુના આ વચન સાંભળી શેઠીએ મસ્તક ધુણાવીને
કહ્યું, "તમે કહો છો, તે શું ખરું છે?" વહુએ કહ્યું, "એ તમને
સંશય હોય તો આ ઝાડ ઊભું છે, તે દાટીને જોઈ જુઓ" તે સાંભળી
પ્રથમ તે કરેલનું દાટેલું ને લક્ષ દ્રવ્ય આપી શેઠ હેતને લીધે વધ-
છતાં તરત ધૂળની જેમ કાઢી વડે તે વૃક્ષની નીચે ખોદવા
લાગ્યો. હું જ્યારે તેમાંથી સુવર્ણના ચરુ ઝળકી નીકળ્યા. તે
જોઈને શેઠે કહ્યું—"અહો! આ વધુએ મારા ઘરને વિષે સાક્ષાત
લક્ષ્મીજ આવી છે. અરે મેં હાથની કોટિથી મહાન મહેની
અવગણના કરી" એમ કહી શેઠે પોતાનો અપરાધ પ્રગટ કરી ઘી-
લવતીની પાસે ક્ષમા માગી અને તેજ શુક્ર તે રથ પાછો વાળ્યો. ત્યા-

છાંયડામાં શેઠે વહુને પુછ્યું, "આ શેહેર કે જેમાં સાત સાત તોર-દવાજા છે, તેને તમે ઉજ્જડ કેમ કહ્યું?" વહુએ ઉત્તર આપ્યો, જેમાં બહુ વસ્તી હોય, છતાં આપણું કાંઈ ન હોય, તે ઉજ્જડજ જાણવું, કારણકે નીતિ શાસ્ત્રમાં કહે છે કે "કોઈ શેહેર વસ્તીવાળું છતાં જેમાં આપણી ઉપર સ્નેહ કે પ્રીતિ બતાવનાર કોઈ પણ ન હોય, તે ગામ પૂર્ણ ઉજ્જડ અરણ્ય જેવું છે." વળી શેઠે પુનઃપ્રશ્ન કર્યો– "તમે ઉજ્જડ જેવા કેમ, તો ગામને વસ્તીવાળું કેમ કહ્યું?" વધૂ બોલી, "તે ગામમાં એક મારા મામાનું ઘર હતું, તેથી મેં તે ગામને વસ્તીવાળું કહ્યું." વળી શેઠે કહ્યું, "તમે વડની છાયા મુકીને તડકામાં જઈને બેઠા તેનું શું કારણ?" વધૂ બોલી—"વડના વૃક્ષની ઘટા ઉપર કાગડો બેઠો હોય. ને જો સ્ત્રીના માથા ઉપર ચરકે તો છ માસમાં તેણીના પતિને મહાન્ અનર્થ થાય છે. વળી વડના મૂળ પાસે સર્પાદિ ઝેરી જીવોનો ભય હોય છે; માટે હું દૂર જઈને બેઠી હતી." પુત્રવધૂના આવા વચન સાંભળી રત્નાકર શેઠે મનમાં ઘણો જ આનંદ પૂર્વક જણાવ્યું, હે કુલાલંકાર, કુલાધાર, વિચક્ષણ પુત્રવધૂ! તેં બહુજ સારૂં કર્યું. વૃદ્ધપણાને લીધે બુદ્ધિહીન થઈ ગયેલા આ ડોસાને તેં સારો બોધ આપ્યો! પછી શેઠે ફરીવાર પુછ્યું, કુલીન બાળા, "જ્યારે મેં પેલા સુભટના વખાણ કર્યા, ત્યારે તમે એનો બહુ 'બીકણ છે' એમ કેમ કહ્યું!" વધૂ—બોલી પૂજ્ય પિતા, તે સુભટના શરીરના પૃષ્ઠ ભાગે ઘણા પ્રહાર હતા. તેથી જો તે ખરેખરો સુભટ હોત તો તે સઘળા પ્રહાર છાતી ઉપર ઝખમ્યા હોત." શેઠે તે વાત માન્ય કરી પુનઃ પુછ્યું, "મેં જે મગના ક્ષેત્રને પરિપક્વ દશાવાળું કહ્યું, ત્યારે તમે એમ કેમ કહ્યુ કે, "જો તે પૂર્વે ખવાયું ન હોત તો? તેને તે વખતે તો કોઈએ ખાધું ન હતું." વહુએ સમજણ પાડી કે, "આ ક્ષેત્રવાળા કણબી લોકો દરિદ્રી જેવા હોય છે, તેઓ બમણા આપવા કરીને કણબીજ લાવે છે અને ખેડ કરે છે. હવે જ્યારે ધાન્ય નીપજાવીને ઘેર લાવે છે ત્યાં તો પેલા પૂર્વે ધાન્ય આપનારાઓ—લેણદારો આવીને તે લઈ જાય છે એટલે મેં એમ કહ્યું કે,

બમણું આપવું કરીને ધાન્ય કાપેલ છે તે દુર્ભિક્ષ પ્રથમથીજ શેઠને
પાઈ ગયા કહેવાય." વળી શેઠે બીજી શંકા પુછી "જ્યારે ભરેલી
નદી આવી ત્યારે મેં તમને ઉપાન ઉતારવાને કહ્યું તે છતાં તમે તે
કેમ ન ઉતારી ? તે ઉપરથી વધુએ ખુલાસો કર્યો કે, "નદીને
વિષે કાંટા જીવ મનુષ્ય હોય તેના ભયને લીધે મેં તે ઉતારી ન-
હીં કારણ કે, તેથી કાંટાને કલેશ થાય." આ પ્રમાણે પુત્રવધૂના
યુક્તિવાળા વચનોથી બહુ સંતોષ પામેલો શેઠ પોતાને ઘેર આ-
વી પહોંચ્યો. ત્યાં વહુએ ઘરમાં ભરેલા આભૂષણો. અત્યાંત ત્યા-
રથી રત્નાકર શેઠે તેણીને બહુ સન્માન આપ્યું અને પોતાના ઘ-
રની સ્વામિની કરી સ્થાપી

અનુક્રમે રત્નાકર શેઠ પરલોક પામી ગયા અને તે પછી તેમ
ની સ્ત્રી પણ સ્વર્ગે ગઇ. એટલે હવે અજિતસેન તેના કુટુંબનો ના-
યક થયો. એ વખતે અરિમર્દન રાજાને ચારસોને નવાણું મંત્રી
હતા. તે બરાબર પાંચસો પૂર્ણ કરવાની ઇચ્છાથી તેણે પ્રત્યેક ન-
ગરેથી માણસોને બોલાવીને એવો પ્રશ્ન પુછયો કે, "જે
મને પગની પાટુ મારે તેનો શો દંડ કરવો ?" સર્વેએ ઉત્તર
આપ્યો કે, "તે માણસનો શિરચ્છેદ કરવો." આ ઉત્તર રાજાએ
માન્ય કર્યો નહીં. ત્યારે શીલવતીની ચતુર બુદ્ધિથી તે પ્રશ્નનો ઉ-
ત્તર અજિતસેને જઇને રાજાને કહ્યો. "તે પગની પાટુ મારનારને
રાજ્ય આપવું" આવો. પોતે ચિંતવેલો ઉત્તર સાંભળીને રાજાએ
તેને ઘણી વસ્તુનો પોશાક આપ્યો અને તેને બુદ્ધિમાન જાણી પો-
તાનો મુખ્ય પ્રધાન બનાવ્યો.

એક વખતે રાજા અરિમર્દન છ પ્રકારનું સૈન્ય લઇને પોતાના
પર્વતદેશના રાજા સિંહસેનને જીતવાને નીકળ્યો. ત્યારે તેણે અજિ-
તસેનને સાથે આવવાની આજ્ઞા કરી. તે ઉપરથી અજિતસેન ચિં-
તામાં પડ્યો. મહાસતી શીલવતીએ જ્યારે ઉદ્વેગ થવાનું કારણ
પુછયું, ત્યારે તેણે સ્પષ્ટ કહ્યું. "જો કે તું ચતુર છે, તો પણ
તને એકલી ઘેર મુકી રાજા સાથે જવાને મારૂં મન માનતું નથી."
શીલવતીએ નમ્રતાથી કહ્યું, "તમે તેમ પણ રાજાના કાર્ય કરવા

કરી શકે ? આવું ચિંતવી એ ચતુર એ જરાપણ વિકલ્પ વિના ચક્ષુના ખુણામાંથી તેના તરફ દ્રષ્ટિ કરી. સુંદરી શીલવતીની પોતાની તરફ દ્રષ્ટિ પડતાં તો તે મૂર્ખ દર્પ પામી ચિંતવવા લાગ્યો-"મારૂં વાંછિત સિદ્ધ થયું; કારણ કે, એ સુમુખીએ મારા તરફ નજર કરી છે." એમ ધારી તે અધમ અશોકે શીલવતીની પાસે એક દૂતી મોકલી. દૂતીએ આવી શીલવતીને કહ્યું, "બાઈ, તારો સ્વામી તો રાજા સાથે ગયો છે, તેનું કોણ જાણે શું થશે ? ગયો દિવસ ફરી પાછો નહીં આવે; તારૂં યૌવન ભોગ વિના નિષ્ફળ જાય છે." દૂતીના આવા વચન સાંભળી શીલવતી બોલી-"બાઈ, આ તું શું બોલે છે ? તને સતી ધર્મના પ્રભાવની ખબર નથી. તું આર્ય કુલીન કાંતાઓના સહવાસમાં આવી નથી. કુલીન સ્ત્રીઓ પરપુરૂષ સાથે સંગમ તો શું પણ વાર્તાએ કરતી નથી. તેઓ તો સર્વદા પતિપ્રાણા અને પતિભક્તા હોય છે. પણ પેલી દૂતીએ ફરી ફરી પ્રાર્થના પૂર્વક કહ્યું. ત્યારે શીલવતીએ યુક્તિ પૂર્વક કહ્યું કે, "ઠીક ત્યારે આજથી પાંચમે દિવસે મોકલજે" દૂતીએ જઈને પેલા અશોકને એ વાત જણાવી. અશોક તેથી ઘણોજ ખુશી થયો અને તેણીને પ્રથમથી અર્ધ લક્ષ દ્રવ્ય મોકલાવ્યું.

અહિં સદ્‌ગુણી શીલવતીએ પોતાના શીલની રક્ષાને માટે ઓરડામાં એક ઊંડો ખાડો ખોદાવ્યો. તેના ઉપર એક નિર્ફેવલ તંતુથી ભરેલો પલંગ મુકાવ્યો, ને તે પર ઓછાડ પાથર્યો. જ્યારે પાંચમો દિવસ આવ્યો એટલે અશોક બાકીના અર્ધ લક્ષ સોનૈયા લઈને શીલવતીને ઘેર આવ્યો. શીલવતીએ તેને કહ્યું. "ભોજન તૈયાર થાય છે અને સ્નાન કરવાને ઉષ્ણ જલ મુક્યું છે, ત્યાંસુધી તમે આ પલંગ ઉપર બેસો." અશોક હોંશ ધરતો તે પલંગ ઉપર બેઠો, એટલે પલંગ તુટી પડ્યો ને અશોક નીચે ખાડામાં પડ્યો. ત્યારથી અશોક નિર્જીવન થાય તેથી એક દોરીથી તેને માટે શરાવલા વડે અન્ન પાણી મોકલવા લાગી, પરંતુ અશોકને તો ખાડામાં નરકનું દુઃખ સહન કરવું પડ્યું.

અહીં રાજા અરિમર્દને વિચાર્યું કે, એક માસ વીતી ગયો તો

પિતાનાં આ વચન સાંભળી ભાનુમતી નમ્રતાથી બોલી—પૂજ્ય પિતાજી, મારા સ્વરમાધુર્યના કરતાં તેની અંદર જે અર્થમાધુર્ય છે, તેનો વિચાર કરો. સ્વરમાધુર્યના કરતાં અર્થમાધુર્ય વધારે ચઢીઆતું છે. અને હૃદયના ભાવને તે અતિશય ઉપયોગી છે. જે માણસ કોઈ પણ કાવ્ય અથવા ગાથાના અર્થનું માધુર્ય જાણે એટલે તે અર્થનો વિચાર કરે, તે માણસ સારગ્રાહી અને વિવેકી ગણાય છે."

સતી ભાનુમતીનાં આ વચન સાંભળી તેણીના પિતા રાજા પ્રભાપાળ હૃદયમાં ખુશી થઈ ગયા હતા અને પોતાની પુત્રીના આવા વિચારો જોઈ તેણીની કેળવણીને માટે તેને પૂર્ણ સંતોષ થયો હતો. તે સંતોષના આવેશથી રાજા પ્રેમપૂર્વક બોલ્યો—"બેટા તારામાં કેળવણીરૂપ અમૃત સિંચિત થયેલું જોઈ મને અતિ આનંદ ઉપજે છે. દરેક સુબોધક કાવ્યો તથા ગાથાઓના અર્થનું માધુર્યજ જાણવું જોઈએ. શબ્દનું માધુર્ય તેના જેવું ઉપયોગી નથી. સુકંઠી મનુષ્ય સારા સંગિતથી કવિતાનું ગાન કરે, પણ જો તેના હૃદયમાંનો અર્થ સમજાય નહીં, તો પછી તે કંઠમાધુર્ય શા કામનું છે? વત્સે, તેં મને ખરેખરો બોધ આપ્યો છે. હું પ્રથમ તારા કંઠમાધુર્યથીજ મોહ પામ્યો હતો. પણ જે કવિતા તારા મુખમાંથી પ્રગટ થતી હતી, તેના અર્થનો મેં વિચારજ કર્યો હતો. તારો આ બોધ ખરેખર મનન કરવા યોગ્ય છે. જેઓ કેવળ કંઠમાધુર્યથી કવિતાનું માન કરે છે, તેઓ શ્રવણેંદ્રિયને તૃપ્ત કરનારા હોવાથી ઇંદ્રિયવિષયમાં મોહિત સમજવા."

આ પ્રમાણે કહી અને સતી ભાનુમતીને અભિનંદન આપી

પમે અને દરેયાં તેનું જ કર્તવ્ય પ.ળવવાને તત્પર રહેતાં

કાલે.

એની ભાનુમતી પોતાના માત પિતાના કુળનાનું [illegible]

[illegible] હતી [illegible] ને [illegible] અને [illegible]

હતી. [illegible] તેની વયમાં [illegible] અને વયમાં [illegible]

પુર ([illegible]) ના [illegible] નામના [illegible]

સંબંધ કર્યો [illegible]

[illegible]

[illegible]

હવે કરી મારે એ ઉત્તમ પદાર્થ મેળવવાનો છે. મને મારા હૃદયમાં
ખાત્રી થઈ છે કે, આત્મગુણની ઉન્નતિ મેળવ્યા સિવાય હૃદયને સુ-
ખ સમાધિ મળવાની નથી. તે સાથે એવો પણ નિશ્ચય થયો છે કે,
આ સંસારના પદાર્થો આત્મગુણને મેળવવામાં અંતરાય કરનારા
છે. તેથીજ એ સર્વ પુદ્ગલિક પદાર્થો તરફ મારી ઉપેક્ષા છે.

કાંતિકુમારનાં આ વચનો સાંભળી સતી ભાનુમતી પોતાના
હૃદયમાં વિચારવા લાગી—"આ રાજકુમારના હૃદયમાં તીવ્ર વૈરા-
ગ્ય દૃઢ થયો છે, જરૂર અલ્પ સમયમાંજ તે સંવેગના રંગને
ગ્રહણ કરશે." આવું વિચારી ભાનુમતીએ પોતાના ભાઈને કહ્યું,—
"બંધુ, તમારા માનસિક વિચાર જાણી મારા હૃદયને અતિ સંતોષ
થયો છે, તમને તમારા પુણ્યના બળથી મોક્ષ માર્ગની પવિત્ર સીડી
હાથ લાગી છે. તમે તમારા માનવ જીવનની સાર્થકતા સારી રીતે
સંપાદન કરી શકશો, એવી મને ખાત્રી થાય છે.

પ્રિય ભાઈ, તમારા આ વિચારને હું અનુમોદન આપું છું,
અને તમારા એ સદ્વિચારો સફળ થાય, એવી આશીષ આપું
છું." સતી ભાનુમતીએ પોતાના બંધુને આવાં વચનો કહ્યાં હતાં,
અને તે વચનોને સાંભળી કાંતિકુમારે પોતાની બ્હેનનો આભાર
માન્યો હતો.

પ્રિય વાંચનારી બ્હેનો, કાંતિકુમાર અને ભાનુમતી—એ બન્ને
ભાઈ બ્હેનનો આ વાર્ત્તાલાપ વાંચી તમે સારી રીતે વિચાર કરજો.
પૂર્વ કાળે આર્ય જૈન બાળકો રાજકુળમાં જન્મીને પણ કેવી કેળ-
વણી લેતાં હતાં. કેળવાએલાં ભાઈ બ્હેન પરસ્પર કેવી વાતો કરતાં
અને કેવા કેવા સદ્વિચારો દર્શાવતાં હતાં. વર્તમાનકાળે જ્યારે
એ સુંદર પદ્ધતિ જૈનપ્રજામાં જોવામાં આવે, તો જૈનપ્રજા ઉન્નતિના
શિખરપર આરૂઢ થવાને સમર્થ થાય, એમાં કાંઈપણ આશ્ચર્ય ન-
થી. શાસન દેવતા એવો સમય સત્વર પ્રાપ્ત કરાવો, એજ અમારી
તેમની પ્રત્યે ભક્તિભાવપૂર્વક અભ્યર્થના છે.

સતી ભાનુમતીનો ભાઈ કાંતિકુમાર વિરક્ત ભાવને પાર-
ણ કરી છેવટે જૈનદીક્ષાનો ગ્રાહક બન્યો હતો. તેણે માતપિતાની

પ્રદેશની જૈન ધર્મની આરાધક બનાવી હતી. તે મહાનુભાવના
સમયમાં આર્હતધર્મની કેટલીએક ક્રિયામાં સુધારો થયો હતો,
અને તેમણે મુનિઓમાં અને શ્રાવકોમાં સદાચારની સારી સુધા-
રણા કરી હતી. એક વખતે મહાન્ કાલિકાચાર્ય વિહાર કરતાં કરતાં
ભૃગુપુરમાં આવ્યા હતા, ત્યાં તેમના બાળમિત્ર અને ભાનુમિત્ર ભા-
ઈઓએ મોટા આડંબરથી તેમનો પ્રવેશોત્સવ કર્યો હતો. કાલિકા-
ચાર્યની અસાધારણ ઉપદેશ શક્તિ જોઈ તે બંને ભાઈઓએ ભૃગુ-
પુરમાં તેમને ચાતુર્માસ્ય રાખ્યા હતા, અને આર્હત ધર્મના અ-
નેક ઉત્સવો કરી ભૃગુપુરની સર્વ પ્રજામાં આર્હતધર્મની મોટી છાપ
પાડી હતી.

આ સમયે ભૃગુપુરમાં ગંગાધર નામનો એક સમર્થ વિદ્વાન
હતો, તેને કાલિકાચાર્યના એક બાળ શિષ્યે વાદમાં પરાભૂત કર્યો
હતો, અને તેથી આર્હત ધર્મનો મહિમા વિશેષ વૃદ્ધિ પામ્યો હતો.
છેવટે સતી ભાનુમતીના પુત્ર બાળમિત્ર અને ભાનુમિત્રના ભાણ-
ભાનુ નામના બાળકે મહાનુભાવ કાલિકાચાર્ય પાસે દીક્ષા લીધી
હતી. તે મહોત્સવ તેમના બંને મામા તરફથી ઘણી ઉત્તમ રીતે
કરવામાં આવ્યો હતો.

કાલિકાચાર્ય તે પછી પોતા પુરોહિત ગંગાધરના દ્વેષને લીધે
તે પ્રદેશને છોડી વિહાર કરી પ્રતિષ્ઠાનપુરમાં આવ્યા હતા. તે
નગરમાં શાલિવાહન નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તે
આર્હતધર્મનો ઉપાસક હોવાથી તેણે આચાર્યને પોતાના નગ-
રમાં ચાતુર્માસ્ય રાખ્યા હતા.


એક વખતે પર્યુષણ પર્વ આવતાં રાજા શાલિવાહને આચાર્ય-
ને પૂછ્યું કે, "સ્વામી, પર્યુષણ પર્વ કયે દિવસે કરવું?" આચાર્યે
કહ્યું, "ભાદ્રપદ માસની શુક્લ પંચમીને દિવસે પર્યુષણ
કરવું જોઈએ." રાજાએ નમ્રતાથી કહ્યું, "સ્વામી, તે દિવસે
અમારે ઇંદ્ર મહોત્સવ હોય છે, તેથી જો પર્યુષણ પર્વનો ઉત્સવ
પંચમી પહેલાં થાય, તો હું તે દિવસે તપ-નિયમ તથા જિનપૂજ-
નમાં મહોત્સવ કરું." રાજાની આવી ઇચ્છા જાણી કાલિકાચાર્યે

આચાર્યો પોતાની સત્તાથી જૈન મુનિઓને સારી રીતે વ-
ર્તન કરતા હતા. તેમાં ખાસ કરીને પ્રમાદના મહાદોષની
નિઓ લુબ્ધ ન થાય, તેને માટે ઘણી સાવચેતી રખાવ-
વતી હતી. મહાનુભાવ કાલિકાચાર્યે ઉજ્જયિની નગરીમાં
સર્વ જૈન મુનિઓને એકઠા કરી આ પ્રમાણે કહ્યું હતું,
ઓ, મારા સાંભળવામાં આવ્યું છે કે, તમે પ્રમાદને વશ થઈ
ધર્મ તરફ ઉપેક્ષા રાખનારા થઇ ગયા છો. જો એમ બન્યું
તમારે માટે ઘણુંજ શરમ ભરેલું છે. આપણા ચારિત્ર ધ-
ટે જૈન આગમમાં શું લખેલું છે ? તેનો તમે વિચાર કરો.
ખે છે કે, મુનિઓએ વ્રત પાળવામાં લેશ માત્ર પણ પ્રમાદ
. કારણકે, પ્રમાદ સાધુઓને સંસાર સમુદ્રમાં ફેંકી દે છે.
ર્વી, આહારક લબ્ધિવાળા, મનઃપર્યવ જ્ઞાનવાળા, તથા ઉ-
ચારિત્રી, એવા મહાપુરૂષો પણ પ્રમાદના વશથી તુરત ચા-
તેમાં આવે છે. ધર્મમાં પ્રમાદ કરવાથી જે હાનિ થાય છે, તે
ચોરના લુંટવાથી, અગ્નિએ બાળવાથી અને જુગારમાં હારી
થી પણ થતી નથી." કાલિકાચાર્યની આ શિક્ષા કેટલાએક
દી મુનિઓએ માની ન હતી. પછી કાલિકાચાર્ય ગુપ્ત રીતે
ચાલ્યા ગયા હતા. અને તેમણે તે સાધુઓને પ્રમાદથી છોડ-
ાને માટે શય્યાતર શ્રાવકને એવી શિક્ષા આપી હતી કે, જે
ે મુનિઓએ પ્રમાદનો ત્યાગ કરી પોતાના ચારિત્રને પા-
હતું.

સતી ભાનુમતીના ભ્રાતા કાલિકાચાર્યે પોતાના પાછળના મુનિ
નમાં ભારતની જૈનપ્રજાના આચારમાં સારા સારા સુધારા કર્યા
. તેમણે છેવટે પ્રતિષ્ઠાનપુરમાં ચાતુર્માસ્ય કર્યું હતું. તે વખતે
લોકનો સ્વામી ઇંદ્ર શ્રીમંધર સ્વામીના મુખથી કાલિકાચાર્યની
ંસા સાંભળી વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ તેમને મળવા ગયો હતો.
ર્ય કાલિકાચાર્યના મુખથી નિગોદનું સ્વરૂપ સાંભળી તે ઇંદ્ર ઘ-
જ ખુશી થયો હતો. ઇંદ્રે તે સૂરિવરની પરીક્ષા કરવાને એવો
શ્ન કર્યો કે, "ભગવન્, મારી આયુષ્ય કેટલી છે?" તેના ઉત્તરમાં

સરસ્વતી.





આ સની મગધદેશમાં આવેલા ધારાવાસ નામના નગરના રાજા વજ્રસિંહની પુત્રી થાય છે, અને જૈન ધર્મમાં પ્રખ્યાત થયેલા બીજા કાલિકાચાર્યની બ્હેન થાય છે.

સની સરસ્વતી ધારાવાસ નગરના રાજા વજ્ર-
ને ઘેર જન્મી હતી. તેણીની માતાનું નામ **સુરસુંદરી** હતું.
ુંદરી પોતાના પિતાના રાજ્યમાં રહી સારી કેળવણી પામી
. તેણીએ પોતાની વિનાકગાથી વજ્રસિંહ રાજાની પૂર્ણ પ્રીતિ
ી હતી. રાજાનું બહુમાન છતાં સુરસુંદરી ઘણીજ વિનીત અને
હતી. તે સાથે સ્વધર્મની અંદર તે પૂર્ણ આસ્થાવાળી હતી.
રાજા વજ્રસિંહ અને રાણી સુરસુંદરીનો રાજસંસાર સદાચા-
। સુશોભિત હતો—અનુક્રમે તેમને કાલિક નામે કુમાર અને
રસ્વતી નામે પુત્રી ઉત્પન્ન થયાં હતાં. તે બંને ભાઈ બ્હેન પોતાના
તાપિતાના આશ્રય નીચે સારી કેળવણી પામ્યાં હતાં. કાલિક-
ાર અને સરસ્વતી આખો દિવસ જ્ઞાનની ચર્ચા કરતાં અને
મેશાં નવીન બોધ મેળવી પોતાને મોટો લાભ પ્રાપ્ત થયો, એમ
માનતાં હતાં. ઘણીવાર રાજા વજ્રસિંહ અને રાણી સુરસુંદરી
તાના બંને બાળકોના જ્ઞાનની પરીક્ષા કરાવતાં અને પરી-
ામાં સારી રીતે ફત્તેહમંદ થયેલાં તે બાળકોને નવીન આભૂષણો
ને રમકડાંઓનાં ઈનામો આપતાં હતાં. એક વખતે સુરસુંદરીએ
ોતાની પુત્રી સરસ્વતીને પોતાના ઉત્સંગમાં બેસાડીને કહ્યું—
'વત્સે, હવે થોડા દિવસમાં તારા ભાઈની અને તારી મોટી પરીક્ષા
ેવાની છે; તે પરીક્ષામાં જો તું પ્રસાર થઈશ, તો તને હું એક અમૂ-

હવે આભૂષણ ઈનામમાં આપીશ, જે ઈનામથી તને ઘણો લાભ થશે."

માતાનાં આ વચન સાંભળી સતી સરસ્વતીએ જે શબ્દો કહ્યા હતા, તે દરેક શ્રાવકબાળાને સ્મરણ કરવા યોગ્ય છે. સતી સરસ્વતીએ પોતાની માતા સુરસુંદરીને નમ્રતાથી કહ્યું હતું—"માતા, હું તમારા ઈનામના લાભને ખરો લાભ સમજતી નથી. જ્ઞાનનો લાભ એજ ખરેખરો લાભ છે. તમારા આભૂષણના અને રમકડાંના લાભને હું ખરો લાભ ગણતી નથી. તેમજ એ લાભ મેળવવાની લાલચથી હું જ્ઞાનાભ્યાસ કરતી નથી. પરીક્ષામાં પ્રસાર થવાની મારા હૃદયમાં જે ખંત છે, તે જ્ઞાનનો મહાન્ લાભ મેળવવાને માટે છે. તે છતાં તમારા હૃદયમાં જે અમારી તરફ વાત્સલ્ય ભાવ રહેલો છે, તે પ્રગટ કરવાને તમે જે ઈનામો આપો છો, તેને અમે માને ભાઇ લઈને ખુશીથી લઇએ છીએ; પણ તે તમારાં ઈનામની ખાતરજ અમે [illegible] કરવાને પ્રયત્ન કરતાં નથી."

સરસ્વતીના આ વચનો સાંભળી તેની માતા સુરસુંદરીને અતિ [illegible] સુરસુંદરીએ પોતાની પુત્રીનાં એ વચનોને [illegible] પુત્રીને એક સુંદર ઈનામ આપ્યું હતું.

પ્રિય જૈન બહેનો, તમે સતી સરસ્વતીનાં એ વચનો તમારા હૃદયના કોતરી રાખજો, અને એવી ઈચ્છાથી હમેશાં જ્ઞાનનો લાભ મેળવવ[illegible]

[illegible] ની સાથે સતી કૈલાસ મહારાજ[illegible] અને કવિતા ગુણ [illegible] હતાં.

[illegible] ની સ્થિતિ[illegible] [illegible] અને સુંદર [illegible] પ્રસરેલો હતો, ત્યાં ગુણ[illegible] સતી સરસ્વતી જ્ઞાનમુનિ [illegible] આવી, તેને જોતાંજ [illegible] હૃદયમાં [illegible] રીતે [illegible] ઉત્પન્ન થયો [illegible] સતી [illegible] વંદના કરી. [illegible]

ને જોતાંજ તે સુરિવરે જ્ઞાનના બળથી જાણી લીધું કે,—"આ રાજકુમાર કોઇ ધર્મિકવૃત્તિનો ધારક અને ભવિષ્યમાં ચારિત્રધર્મનો પ્રભાવક થશે–" આવું સમજી સુરિવરે કાલિકકુમારને ધર્મદેશના આપી. તે મહાનુભાવે ધર્મદેશનામાં જણાવ્યું કે,–"નરભવ, મનુષ્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, શ્રેષ્ઠકુળ, ઉત્તમ રૂપ, દીર્ઘ આયુષ્ય, સદ્બુદ્ધિ, ધર્મશ્રવણ, ધર્મનું ગ્રહણ, તે ઉપર શ્રદ્ધા અને સત્તર પ્રકારનો સંયમ એટલાં વાનાં આ સંસારને વિષે પામવાં દુર્લભ છે."

સૂરી ગુણધરનાં આ ઉપદેશ વચનો કાલિકકુમારના સ્વાભાવિક બોધને વિશેષ ઉત્તેજક થયાં, અને એની સાથે તેના હૃદયમાં વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થઈ આવી હતી. તત્કાળ ગુરૂને વંદના કરી તે રાજકુમાર પોતાના નગરમાં આવ્યો. અને તે દેશનાની વાર્ત્તા પોતાની પ્રિય બ્હેન સરસ્વતીને કહી સંભળાવી, સુબોધની સરસ્વતી પોતાના બંધુના મુખથી તે સૂરિવરની દેશના વાણી સાંભળી અત્યંત આનંદમય બની ગઈ, અને તેણીની મનોવૃત્તિમાં વૈરાગ્ય ભાવના વેગથી પ્રસરી ગઈ. અને તેથી આ સંસારના મોહક સ્વરૂપ તરફ તેણીને અભાવ ઉત્પન્ન થઈ આવ્યો.

તે પછી કાલિકકુમારે અને સતી સરસ્વતીએ માતાપિતાની આજ્ઞા લઈ પરોપકાર કરવાને માટે દીક્ષા ગ્રહણ કરી હતી. સંતતિના સ્નેહને વશ થઈ માતપિતાએ તે બંને બાળકોના વિયોગથી હૃદયનો શોક દર્શાવ્યો હતો, પરંતુ તેઓ આ સંસારના સ્વરૂપને જાણનાં હોવાથી તેમના હૃદયમા તે શોક શમી ગયો હતો, અને પોતાના સંતાનોનો ધર્મિક પ્રભાવ જોવાને તેઓ ઉત્સુક થયાં હતાં.

કાલિકકુમાર અને સતી સરસ્વતીએ પ્રથમ મહેશ ગુણધરસૂરિની પાસે દીક્ષા લીધી હતી, અને તેમની સન્મુખ ચારિત્ર પાળી તેમણે સાધુ તથા સાધ્વીના ધર્મનો મહાન્ પ્રભાવ વધાર્યો હતો. અનુક્રમે કાલિકમુનિ ચીસ્ત કાલિકાચાર્યના નામથી વિખ્યાત થયા હતા, અને સાધ્વી સરસ્વતી એક વિદુષી પ્રભાવક પ્રવર્ત્તિની બની હતી.

એક વખતે કાલિકાચાર્ય પોતાના શિષ્યોના પરિવાર સાથે વિ-

"રાજન્, તમે પ્રજાપાલ છો. એ અમારી પવિત્ર સાધ્વીને છોડી દ્યો. એ સની સાધ્વી મારી બ્હેન થાય છે. આપના રાજ્યમાં તે ન થવી જોઇએ." સૂરિ કાલિકાચાર્યનાં વચનો ઉપર પણ એ ધ્યાન આપ્યું નહિ. તેમને પણ તિરસ્કારનાં વચનો કહી એ દૂર કાઢી હતી.

રાજા ગર્દભિલ્લના આવા દુરાચારથી ગુરૂ કાલિકાચાર્યને ભારે ક્રોધ ઉત્પન્ન થયો હતો. તેમણે પોતાના ઉપાશ્રયમાં આવી સર્વ મુનિઓને એકઠા કરી આ પ્રમાણે કહ્યું હતું — "સાધુઓ, આ તમારી આપણી પવિત્ર સરસ્વતી સાધ્વીને છોડતો નથી, તો હવે [illegible] શિક્ષા કરવી જોઇએ. જો કે આપણા દયાધર્મ શાન્તિનો પોષક [illegible] રાગ તથા દ્વેષથી દૂર રહેવાને માટે આપણા આર્હત પ્[illegible] ઉપદેશ છે. પરંતુ આવે પ્રસંગે આપણું આપણું સામર્થ્ય [illegible] કરવું જોઇએ. પોતાનામાં શક્તિ છતાં જે પુરૂષ જિનમતની [illegible] એવા માણસને શિક્ષા કરતો નથી તેને પણ પાપ લાગે છે. [illegible] મુનિઓ પણ પોતાની પુલાક લબ્ધિથી કરી દેવ, ગુરૂ અને [illegible] રક્ષણને માટે ચક્રવર્તી રાજાની સેનાને પણ ચૂર્ણ કરી નાં[illegible] [illegible] માટે મારે એમ સાધ્વીને [illegible] માટે મહાન પ્રયત્ન કરવો પડશે." આ પ્રમાણે કહી કાલિકાચાર્ય પોતાનો મુનિ વેષ [illegible] [illegible]

[illegible]

કરવા યોગ્ય છે. સતી સરસ્વતીએ ગર્દભિલ્લ રાજાને કહ્યું હતું કે, "રાજન્, હું કદાગ્રહ રાખતી નથી, પણ સદાગ્રહ રાખું છું. સતી સ્ત્રી કદિપણ પોતાના શીલના રક્ષણનો આગ્રહ છોડતી નથી. અરે અવિચારી રાજા, તું મને તારા મહેલની મહારાણી કરવાની લાલચ આપે છે, પણ મારૂં પવિત્ર હૃદય એવી લાલચ ધારણ કરતું નથી. હું મારા ચારિત્રરૂપ મહેલની મહારાણી બનેલી છું. એ મહારાણીની પદવી પરમાનંદને આપનારી છે. તેની આગળ તારા રાજ્યનું પુદ્ગલિક સુખ શા કામનું છે? તારી રાજ્યલક્ષ્મી અને તેના વિલાસો તેની આગળ તૃણ સમાન અને દુઃખરૂપ છે. કારણકે, તે વિલાસો નરકના દ્વારમાં લઇ જનારા છે. અરે દુરાચારી રાજા, હું તારા રાજ્યવૈભવના તુચ્છ સુખથી લલચાવાની નથી; તેમજ તારા ભયંકર શસ્ત્રોથી ડરવાની નથી. તું કદિ મારો ઘાત કરવા તૈયાર થઇશ, તોપણ જ્યાંસુધી મારામાં પ્રાણ છે, ત્યાંસુધી હું મારા શીલરત્નને ગુમાવીશ નહીં. વળી મને પૂર્ણ ખાત્રી છે કે, મારા આર્હત ધર્મના પ્રભાવિક બંધુ કાલિકાચાર્ય અને મારા ધર્મના શાસન દેવતા મારી રક્ષા કરશે."

પ્રિય વાંચનારી બ્હેનો, સતી સરસ્વતીનાં આ વચનોનું મનન કરી તમે તમારા શીલની રક્ષા કરવા સદા સાવધાન રહેજો. તમે સનાતન જૈનધર્મની સદ્ગુણી શ્રાવિકા છો, અને મહાવીર પ્રભુના વીરશાસનની વીરાત્મા છો. તમારો દિવ્ય પ્રભાવ ભારતભૂમિમાં પ્રખ્યાત છે. તમારી પૂર્વની સતીઓએ જે સતીત્વ દર્શાવ્યું છે, તેવું સતીત્વ આર્યપ્રજામાં મળવું દુર્લભ છે.

સતી સરસ્વતીનાં એ વચનો સાંભળી દુરાચારી ગર્દભિલ્લ રાજા પોતાની સત્તાના બળથી તેણીનીપર નારાજ થયો હતો, પરંતુ સતીના તેજ આગળ તેની સત્તા ચાલતી ન હતી. તે સતીને મનાવવાને નવી નવી યુક્તિઓ રચ્યા કરતો હતો.

ધર્મવીર કાલિકાચાર્ય મ્લેચ્છ રાજાશાકુજ અને વીરબન્ધુ રાજાઓને લઇ ઉજ્જયિની નગરી ઉપર આવી પહોંચ્યા હતા. તે ખબર સાંભળી ઉજ્જયિનીપતિ ગર્દભિલ્લ રાજા તેમની સન્મુખ યુદ્ધ

પાવી ભારતની વિશાળ ભૂમિ ઉપર વિચરી હતી. તેણીએ ભા
સ્ત્રીઓની શ્રાવિકાઓને સુધારી પોતાની સ્ત્રી જાતિની મહાન ઉન્ન
રી હતી. તેમના સમયમાં ભારતીય જૈનપ્રજામાં શ્રાવિકાધર્મ
વિશેષ પ્રભાવ વધ્યો હતો, અને તેમણે એજ કર્તવ્યમાં પોતાનું
જીવન કૃતાર્થ કરી છેવટે સ્વર્ગ લોકનો અધિકાર મેળવ્યો હતો.
સરસ્વતીએ ભારતની જૈન ભાવિનીઓમાં જે સરસ્વતીનો ગ
વધાર્યો હતો, તે અદ્ભુત હતો. તે સમયે દરેક શહેરોમાં
શ્રાવિકાઓ પ્રગટ થતી, અને શ્રીધર્મને પ્રવર્તાવવા તન, મન,
પ્રયત્ન કરતી હતી, તે કાળના જૈન આર્ય વિદ્વાનો એ સતી
તીને માટે નીચેની પ્રશસ્તિનું કાવ્ય કહેતા હતા.

" कालिकाचार्यजगिनी सद्बुद्धिः श्रीसरस्वती ।
सरस्वतीव जयति श्रीसाध्वीकुलदीपिका " ॥ १

"શ્રી સાધ્વી કુળમાં દીપિકા સમાન અને સદ્બુદ્ધિ
કાચાર્યની બ્હેન સરસ્વતી સાધ્વી સરસ્વતીની
ને છે."

[illegible] આનંદ ઉત્પન્ન થયો હતો, અને તેણે પોતાની સતી રાણીને એવું જ સ્નેહથી અભિનંદન આપ્યું હતું.

વિષ્ણુકુમાર અને મહાપદ્મ યોગ્ય વયના થયા, એટલે રાજાએ તેમને રાજકીય વિષયમાં પ્રવીણ બનાવ્યા. વિષ્ણુકુમારની મનોવૃત્તિ વિરક્ત ભાવને ધારણ કરવા લાગી. તે હમેશાં આ સંસારના સ્વરૂપને અસાર જાણી તેની તરફ ઉપેક્ષા રાખવા લાગ્યો. રાજાએ વિષ્ણુકુમારને રાજ્યગાદી આપવાની અને મહાપદ્મને યુવરાજ પદવી આપવાની ઈચ્છા જણાવી, પણ વૈરાગ્યમાં તલ્લીન થયેલા વિષ્ણુકુમારે રાજ્યાસન લેવાની ના કહી હતી. પછી રાજાએ મહાપદ્મને યુવરાજ પદવી આપી હતી.

કેટલોક સમય વીત્યા પછી મહાપદ્મ પોતાના પિતાની આજ્ઞા લઈ મુસાફરી કરવા નીકળ્યો હતો. અને તે મુસાફરી પૂર્ણ કરી ઘેર આવ્યો, ત્યારે રાજા પદ્મોત્તરે તેને પોતાના રાજ્યાસન ઉપર બેસાર્યો હતો.

એક વખતે મુનિ સુવ્રતસ્વામી વિચરતા વિચરતા ગજપુર નગરમાં આવી ચડ્યા હતા. તેમની ધર્મદેશના સાંભળી વિષ્ણુકુમારે તેમની પાસે ચારિત્રગ્રહણ કર્યું હતું, અને તે યતિધર્મનો સદુપયોગ કરવાને ગુરુની આજ્ઞા લઈ ભારતભૂમિ ઉપર વિહાર કરવા પ્રવર્ત્યો હતો. અનુક્રમે તેની [illegible] પુત્ર આર્હત ધર્મનો મહા પ્રભાવક બન્યો હતો. મહાનુભાવ વિષ્ણુકુમારે સતત વિહાર કરી અને ધર્મ તથા નીતિનો બોધ આપી વિશ્વની જૈનપ્રજાનો ભારે ઉપકાર કર્યો હતો. અને તેથી મહામુનિ વિષ્ણુકુમાર આ ભારતવર્ષ ઉપર પરોપકારી મહામુનિ તરીકે વિખ્યાત થયા હતા.

આ અરસામાં અવંતીનગરીની અંદર શ્રીધર્મ નામે એક રાજા રાજ્ય કરતો હતો. તેને નમુચિ નામે એક પ્રધાન હતો. શ્રીધર અને નમુચિ બંને આર્હતધર્મના દ્વેષી હતા. નમુચિને સુવ્રતાચાર્યના એક વિદ્વાન્ શિષ્યની સાથે વાદ થયો હતો, તેમાં નમુચિ હારી ગયો. એટલે તે કોપથી અંધ થઈ રાત્રે મુનિને મારવા આવ્યો. શાસનદેવીએ તેને સ્તંભિત કરી દીધો હતો. તે પછી

ચાને જણાવ્યું કે, "હું લબ્ધિના બળથી તેને બોલાવવા ત્યાં જવાને સમર્થ છું, પણ ત્યાંથી પાછા આવવાની લબ્ધિ મારામાં પ્રાપ્ત થઈ નથી." તે વખતે ગુરૂએ કહ્યું કે, "જો તું ત્યાં પહોચીશ, તો પછી તે મહામુનિ વિષ્ણુકુમાર તને અહિં લાવી શકશે." ગુરૂનાં આ વચન સાંભળી તે લબ્ધિવાન મુનિ વિષ્ણુકુમારને તેડવાને મેરૂપર્વત ઉપર ગયા હતા, અને તેણે વિષ્ણુકુમારને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો હતો. પોતાના ઉપકારી ગુરૂની તથા જૈનશાસન ઉપર મ-
હાકષ્ટ આવેલું જોઈ વિષ્ણુકુમાર લબ્ધિના પ્રભાવથી તે મુનિની
સાથે ગજપુરમાં આવ્યા હતા. વિષ્ણુકુમાર પોતાના ગુરૂને વંદના
કરી નમુચિ મંત્રીની પાસે આવ્યા, અને તેણે નમુચિને આ પ્રમાણે
કહ્યું—"ભદ્ર, તું રાજા થયો છે, તો તું પ્રજાના રક્ષણને કરનારું. તારે સર્વ પ્રજાની અને તપસ્વીઓની રક્ષા કરવી જોઈએ. અને ધનરહિત એવા સાધુઓને રહેવાને સ્થાન આપવું જોઈએ." વિષ્ણુકુમારનાં આ વચનો સાંભળી નમુચિએ કહ્યું, "તમારે રહેવાને કેટલાં પગલાં સ્થાન જોઈશે? જો તમારી સ્થાન લેવાની ઇચ્છા હોય, તો હું તમને ત્રણ પગલાં સ્થાન આપું છું." નમુચિનું આ વચન સાંભળી વિષ્ણુકુમારને કોપ ચડ્યો, અને તેથી તેણે લબ્ધિના પ્રભાવ વડે પોતાના શરીરને લક્ષ યોજનના પ્રમાણમાં વિસ્તાર્યું. તેમણે તેવા શરીરનું એક પગલું પૂર્વ સમુદ્રમાં મૂક્યું, બીજું પગલું પશ્ચિમ સમુદ્રમાં મૂકીને બોલ્યા કે, હે નમુચિ, હવે ત્રીજું પગલું ક્યાં મૂકું? એમ કહી પૃથ્વીને કંપાવી ત્રીજું પગલું નમુચિના મસ્તક ઉપર એવું મૂક્યું કે, જેથી તે નમુચિ મૃત્યુ પામી ગયો હતો. વખતે દેવતાઓએ જય જય શબ્દ કરી આકાશને ગજાવી વિષ્ણુકુમારના કોપને શાંત કર્યો હતો.

પોતાના ધર્મની હીલણા દૂર કરવાને માટે વિષ્ણુકુમારને એમ કરવું પડ્યું હતું. પાછળથી તેમણે પોતાના ગુરૂ પાસે તે પાપની આલોચના કરી હતી. નિષ્પાપ અને શુદ્ધ થયેલા વિષ્ણુકુમારે ઉગ્ર તપસ્યા કરી પોતાના ચારિત્રને વિશેષ પ્રકાશિત કર્યું હતું. તે પછી અનુક્રમે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તેઓ મુક્તિસુંદરીના સ્વામી બન્યા

તું અનુકરણ કરવાને બીજી સાધર્મિ બ્હેનોને બોધ આપી આ
ગત્‌માંથી દ્રવ્ય શરીરે અદ્રશ્ય થઇ ગઇ છે. પણ ભાવ શરીરે તે
અદ્યાપિ વિષ્ણુકુમાર અને પદ્મોત્તર ચક્રવર્તીની માતા તરીકે આ
જગત્‌માં વિદ્યમાન છે. તેણીનું દાનમય ભાવશરીર અદ્યાપિ ભારત-
વર્ષની આસ્તિક પ્રજા અવલોકે છે, અને જૈન સતીમંડળમાં એ પ-
વિત્ર સતીનું યશોગાન કરે છે.

શ્રીમતી.



(આર્દ્રકુમારની પત્ની.)



આ સતીનો જન્મ વસંતપુર નગરમાં ધનદત્ત શે-
ઠીને ઘેર થયો હતો. સતી શ્રીમતીને તેના પિ-
તા ધનદત્તે સારી કેળવણી આપી સુશિક્ષિત બ-
નાવી હતી. તેણી માતાપિતાના ઉપદેશથી સારી
રીતે ધર્મનિષ્ઠ અને વિનીત બની હતી. તે હમેશાં નિયમ રીતે શા-
સ્ત્રાભ્યાસ કરતી અને ધર્મની ભક્તિથી ઉત્તમ પ્રકારની ભાવના ભા-
વતી હતી. શ્રીમતી જેવી ધર્મની ધારક હતી, તેવી સૌંદર્યની
પણ ધારક હતી. તેના શરીરમાં અનુપમ સૌંદર્ય પ્રકાશી રહ્યું હતું.
જ્ઞાન અને સૌંદર્ય બંને સ્પર્ધાથી હોય, તેમ તેણીનામાં વૃદ્ધિ પામ-
તાં હતાં.

શ્રીમતીને આવી સદ્‌ગુણી અને રૂપવતી જોઈ તેણીના પિતા
ધનદત્ત શેઠ તેણીને માટે યોગ્ય પતિની શોધ કરતા હતા. કારણ

: સહવાસથી આર્ય કેળવણી લીધી હતી. આર્દ્રકરાજાને
દેશના રાજા શ્રેણિકની સાથે સારો સંબંધ હતો. શ્રેણિકરાજા
ર્યે પોતાના મંત્રીની સાથે આર્દ્રકરાજાને ઉત્તમ પ્રકારનું ભેટણું
નો હતો. આર્દ્રકકુમાર જ્યારે યોગ્ય વયનો થયો, એટલે તે
તી સાથે રાજકીય વિષયમાં ભાગ લેવા લાગ્યો. એક વખતે
કરાજાએ પોતાના મંત્રીને ભેટ લઇ તેની પાસે મોકલ્યો—તે
આર્દ્રકકુમારે તેને શ્રેણિકરાજા સંબંધી બધા સમાચાર પૂછયા
જ્યારે રાજા શ્રેણિક અને અભયકુમારની બારે પ્રશંસા સાં-
, એટલે આર્દ્રકકુમારે તે શ્રેણિકના મંત્રીની સાથે પોતાની
કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી હતી. જ્યારે શ્રેણીકરાજાનો
મગધદેશ જવાને તૈયાર થયો, તે વખતે આર્દ્રકરાજાએ પો-
મંત્રીને સારી ભેટ લઇ તેની સાથે મગધદેશમાં મોકલ્યો
. આ વખતે આર્દ્રકકુમારે પણ મૈત્રી કરવાની ઇચ્છાથી તેની
અભયકુમારને માટે ઉત્તમ પ્રકારની મણિ મુક્તાદિક વસ્તુ-
ની ભેટ મોકલી હતી.

આર્દ્રક રાજાનો મંત્રી મગધ દેશમાં આવી પહોંચ્યો, અને
શ્રેણિકરાજાને આર્દ્રક રાજાની ભેટો આપી. ચતુરમંત્રી અભય-
ારે આર્દ્રકકુમારની ઉત્તમ ભેટ લેઈ વિચાર કર્યો કે, "આ આ-
કુમાર કોઇ ભવી જીવ છે. તેણે પૂર્વ ભવે મતની વિરાધના કરી
, તેથી તેનો જન્મ અનાર્ય દેશમાં થયો છે, પરંતુ તે આસન્નભવ્ય
ભાગ્યશાળી જીવ છે, માટે કોઇ એવી યુક્તિ કરવી કે, જેથી તે રા-
કુમાર અરિહંતનો પરમભક્ત થાય. જો તે તીર્થંકરની પ્રતિમા
જોશે, તો તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થશે, માટે એવી કોઇ
તેમા તેને મોકલવું." આ પ્રમાણે વિચારી મંત્રી અભય-
મારે શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાને એક પેટીમાં આરોપિત
ી આર્દ્રકકુમાર ઉપર મોકલાવી હતી. તે સુંદર ભેટ જોઇ આર્દ્ર-
કુમાર હૃદયમાં ખુશી થયો હતો. જ્યારે તે જૈન પ્રતિમા તેની દ્રષ્ટિએ
ી, ત્યારે તેને જાતિસ્મરણ થઇ આવ્યું હતું. પોતે પૂર્વભવે કોણ
તો, એ વાત તેના હૃદયમાં ઉપસ્થિત થઇ આવી હતી. પોતે પૂ-

રૂપી ચોર પ્રાણીઓના જીવિતરૂપી ધનને હરી જવાને જગતને વિષે પ્રત્યેક ઘેર ભમ્યા કરે છે."

પુષ્પનંદન સૂરિની આવી ધર્મદેશના સાંભળી આર્દ્રકકુમારનું ચિત્ત વૈરાગ્યથી વાસિત થઈ ગયું. તત્કાળ તેણે દીક્ષા લેવાનો વિચાર કર્યો. તે વખતે આકાશમાંથી દેવતાએ તેને સૂચના આપી કે, "રાજકુમાર, તારે હાલ દીક્ષા લેવી યોગ્ય નથી, કારણ કે તારે હજુ ભોગનિક કર્મ ભોગવવાં બાકી છે." દેવતાએ આવી સૂચના આપી, તે છતાં તેણે યતિવેષ ધારણ કર્યો હતો. તે વેષ ધારણ કરીને આર્દ્રકુમાર વિહાર કરી વસંતપુરમાં આવ્યો હતો. ત્યાં કોઈ દેવાલયમાં ઉતરી, ત્યાં કાયોત્સર્ગે રહ્યો હતો. જ્યાં સતી શ્રીમતી પોતાની સમાનવયની સખીઓની સાથે ક્રીડા કરવા આવી હતી. જ્યારે સર્વ સખીઓએ દેવાલયના જુદા જુદા સ્તંભને વર તરીકે ગ્રહણ કર્યા, ત્યારે સતી શ્રીમતીએ કાયોત્સર્ગે રહેલા જે તરૂણ પુરૂષને પકડી લીધો હતો, તેજ આર્દ્રકુમાર હતો. જો કે તે મુગ્ધાએ તેને ક્રીડાના ઉદ્દેશથી ગ્રહણ કર્યો હતો, પણ જ્યારે તે સાચો પુરૂષ જોવામાં આવ્યો, ત્યારે શ્રીમતીએ તેને પતિ તરીકે સ્વીકારી લીધો હતો. કારણ સતી સ્ત્રી જેને ધારે છે, તેજ તેનો પતિ થાય છે. મન કે વચનથી વરેલા પતિને સતી સ્ત્રી ખરો પતિ માને છે.

આર્દ્રકુમાર યતિ વેષધારી હતો, તેથી તે વખતે પોતાના મનના ભંગથી ભય પામી ત્યાંથી પ્રસાર થઈ ગયો હતો, પણ શ્રીમતીએ પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો હતો કે, "તે પુરૂષ મને પરણે અથવા ન પરણે પણ આ ભવમાં મારે તેજ પતિ છે." દેવતાએ પણ તેજ વખતે તે વાર્ત્તાને અનુમોદન આપી, રત્નોની વૃષ્ટિ કરી હતી. તે રત્નો લઈ સતી શ્રીમતી પોતાના પિતાને ઘેર આવી હતી. શ્રીમતીએ તે દેવમંદિરનો બધો વૃત્તાંત પોતાની માતાને કહ્યો હતો. તે સાથે તેણીએ જણાવ્યું હતું કે, "જે યતિ વેષધારી પુરૂષ મેં પતિ તરીકે સ્વીકારેલો છે, તેજ આ ભવમાં મારો પતિ થવાનો છે. તે સિવાય બીજા કોઈપણ પુરૂષને હું વરવાની નથી." પુત્રીનાં આ વચનો તેણીની માતાએ પોતાના પતિ ધનદત્ત શેઠને કહ્યાં, તે ઉપ-

લઈ ચડ્યો જાઉં, તો પછી આ સ્ત્રી અને પુત્રના શા હાલ થાય? પોષ્યવર્ગનું પોષણ કરવાને દરેક ગૃહસ્થ બંધાએલો છે." આ પ્રમાણે વિચારી આર્દ્રકુમાર ઊભો થયો, અને તત્કાળ તેણે પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, "મારા બાળપુત્રે મારા પગ ઉપર જેટલા તાંતણા વીંટ્યા હોય, તેટલા વર્ષ સુધી મારે ગૃહસ્થાવાસમાં રહેવું." આવો નિશ્ચય કરી આર્દ્રકુમાર ઊભો થયો અને તેણે પોતાના પગ ઉપરના તાંતણા ગણી જોયા. તે તંતુની સંખ્યા બાર થઈ—તે ઉપરથી સુવિચારી આર્દ્રકુમારે પોતાની પ્રિયાને કહ્યું, 'પ્રિયે હવે ચિંતા રાખીશ નહીં. હું દીક્ષા લેવા જવાને તૈયાર થઈ રહ્યો હતો, એવામાં આ પુત્રે મારા ચરણ ઉપર બાર તાંતણા વીંટ્યા; તેથી હું હજુ બાર વર્ષ સુધી ગૃહાવાસમાં રહીશ; ને પછી ચારિત્ર ગ્રહણ કરીશ."

પતિના મુખથી આવા શબ્દો સાંભળી સતી શ્રીમતી પોતાના હૃદયમાં પ્રસન્ન થઈ હતી. જોકે સતી શ્રાવિકા શ્રીમતી ચારિત્ર ગ્રહણને માટે સારો મન ધરાવતી હતી. આ માનવજીવનમાં ચારિત્રજીવનનો ભાગ સર્વોત્તમ ઉપકારનું સાધન છે, એમ તે સમજતી હતી, તથાપિ પોતાના પતિના આનંદક સહવાસને લઈને તેમજ પુત્રને સારી કેળવણી પ્રાપ્ત કરવાની ઇચ્છાને લઈને તેણીએ પોતાના પતિને ગૃહાવાસમાં રહેવાનો આગ્રહ કર્યો હતો.

આર્દ્રકુમાર અને શ્રીમતીનો ગૃહાવાસ તે પછી બારવર્ષસુધી સારી રીતે ચાલ્યો હતો. અને સાત્વિક પત્નીએ પોતાના ન્યાયોપાર્જિત દ્રવ્યનો સત્પાત્રોમાં સદુપયોગ કર્યો હતો. વસંતપુરની જૈનપ્રજામાં તેમની ભારે પ્રશંસા થઈ હતી.

પ્રિય વાંચનારી બહેનો અને બંધુઓ, આપણાં ધર્મવીર આર્દ્રકુમારના દીક્ષા ગ્રહણ કરવા વિષેના વિચારનું મનન કરજો. પૂર્વકાળે દીક્ષા ગ્રહણ કરતી વખતે ગૃહાવાસનો નાયક પુરૂષ કેટલા સદ્વિચાર કરતો હતો. તે પોતાના પોષ્ય વર્ગ તરફ કેવી વિશાળ મમતા રાખતો હતો. આજકાલ તેવો વિચાર કરવામાં આવતો નથી. પોતાના લાચાર માતાપિતાને અને નિરાધાર સ્ત્રીને તરછોડી અર્થાત્ સર્વ પોષ્ય વર્ગનો અનાદર કરી મુંડો છુપી રીતે દીક્ષા

જે મૂઢ જનો મારૂં શરીર, મ્હારા સ્ત્રી પુત્ર, અને મારૂં ઘર તથા ધન-એમ કહ્યા કરે છે, તેઓ પણ આખરે તેને ત્યજીને જતા રહે છે, અને પોતે આ સંસાર સાગરમાં બુડે છે. દરેક જીવ આ દેહથી જુદો પડે છે, અને ઘર વગેરેથી જુદો છે, તો પછી તે દેહ તથા ઘર વગેરેમાં શામાટે મમતા ધરે છે? દરેક બુદ્ધિમાનોએ વિચારવું જોઈએ કે, આ સંસારમાં કુટુંબ, ધન, ધાન્ય ગૃહ વગેરે બધા મમત્વના સ્થાન દુઃખના કારણ છે. જે કુબુદ્ધિ પોતાના દેહને પણ જે પોતાના માને છે, તો તે કર્મનો બંધ કરે છે. પંડિત પુરૂષ ધન કુટુંબમાં અતિ આસક્ત થતો નથી, તે તેના વડે ધર્મ ઉપાર્જન કરી સ્વર્ગે જાય છે. જે અજ્ઞ—અલ્પમતિ પુરૂષ છે, તે ગૃહાદિકથી ઘેર પાપ ઉપાર્જનકરી નરકની અગ્નિને પામે છે." હે સતી, આ પ્રમાણેના બોધ વચનો તારા અંતરમાં છે, તે છતાં તું શામાટે મારી તરફ મમત્વ રાખે છે. ધર્મનું શુદ્ધ સ્વરૂપ તારા વિશુદ્ધ હૃદયમાં પ્રબુદ્ધ થયેલું છે, એટલે તે વિષે તને વિશેષ કહેવાની જરૂર નથી, તથાપિ આ વખતે મારે કહેવું પડે છે કે, તું બાળ સહિત તારા ધર્મનું શરણ લઇ મારા આ કાર્યમાં વિશેષ સહાયભૂત થા; અને મને ખુશીથી રજા આપ." પતિના આ વચનો સાંભળી શ્રીમતીએ કહ્યું હતું કે—"સ્વામિનાથ, હું તમારા જ્ઞાનવિલાસને માટે ઈચ્છાવાળી હતી. તમારા જેવા પવિત્ર પુરૂષના સહવાસમાં નિરંતર રહેવાથી મને અને પુત્રને ઘણો લાભ થાત—એવા લોભથી હું તમને ચારિત્ર લેવામાં અંતરાયભૂત થતી હતી. હવે હું તમને સહાયભૂત થવા ઈચ્છા રાખું છું. જ્યારે આપની ઈચ્છા ચારિત્ર ધર્મ પાળવાને ઉત્પન્ન થઇ છે, તો આપ તે ઈચ્છાને પૂર્ણ કરવા તત્પર થાઓ. ચારિત્રરૂપી ઉજ્વળ રત્નને ધારણ કરી તમે તમારા પશ્ચિમ જીવનને સુધારો, અને તમારા આત્માનો ઉદ્ધાર કરો."

સતી શ્રીમતીના આ વચનો સાંભળી આર્દ્રકુમાર પોતાના મનમાં પ્રસન્ન થયો હતો. તેણે સતીને ધન્યવાદ આપીને કહ્યું—"પ્રિયે, તારા જેવી સદ્‌ગુણી શ્રાવિકા કોઈ પુણ્યવાન પુરૂષને


સામંતોની આ વાણી સાંભળી આર્દ્રકુમાર યતિના હૃદયમાં દયા ઉત્પન્ન થઈ આવી. દુર્ગતિમાં પડતા તેના આત્માનો ઉદ્ધાર કરવાને તે મહાનુભાવના હૃદયમાં ઇચ્છા ઉત્પન્ન થઈ આવી. "ભદ્રજનો, તમે ચોરી કરી આજીવિકા કરો છો, એ ઘણુંજ વિપરીત કામ છે. કદિ મહાન્ આપત્તિ આવે તોપણ સજ્જન પુરૂષોએ કદિપણ ચોરી કરવી નહીં. આ મનુષ્ય જન્મ દુર્લભ છે. એ દુર્લભ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી એવા કાર્યો કરવા કે જેથી સદ્ગતિની જ પ્રાપ્તિ થાય.

આ જગતમાં સદ્ગતિ અને મોક્ષને પ્રાપ્ત કરવાના અગીયાર ઉપાયો છે. જીવ દયા, જિનપૂજા, શાસ્ત્ર શ્રવણ, સાધુને નમસ્કાર, ક્રોધનો ત્યાગ, ગુરૂ ભક્તિ, નિષ્કપટપણું, શુદ્ધ મન, નિર્લોભતા, પવિત્ર ચિત્ત, અને ઇંદ્રિયોનું દમન—એ અગીયાર ઉપાયો આત્માને સદ્ગતિમાં લઈ જનારા છે. જીવદયા, સત્ય વચન, ચોરી-ત્યાગ, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ—એ પાંચ મહાવ્રતો જો યાવજ્જીવિત ધારણ કર્યાં હોય, તો તેથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. સામંતો, જો તમે મારા ભક્ત હો, તો મારા માર્ગને અનુસરો, તેથી તમે બહુ સુખી થશો." યતિના આ વચનો તેમને અતિ રૂચિકર લાગ્યા. તે વખતે સર્વે ઉંચે સ્વરે બોલી ઉઠ્યા— "તમે અમારા સ્વામી છો, આપ જે કહેશો તે અમે કરીશું." તેમનો આવો ઉત્સાહ જોઈ યતિ આર્દ્રકુમાર બોલ્યા—"જો તમે મારા માર્ગને અનુસરશો તો તમે બહુજ સુખી થશો." યતિના એ વચનને તેઓએ [illegible] વધાવી લીધું. પછી મુનિ આર્દ્રકુમારે તે પાંચસો સામંતોને દીક્ષા આપી.

મહાનુભાવ આર્દ્રકુમારે પોતાના ચારિત્ર જીવનમાં વિશ્વજનને ઉપકાર કરેલો છે. તેમણે રાજગૃહ નગરના રત્નની પ્રજાનો ઉદ્ધાર કરેલો છે. એક વખતે તે નગરીના ઉદ્યાનમાં કેટલાક તાપસો મોટા હાથીને મારી તેનું ભક્ષણ કરતા તેના ઓ-[illegible] તેમનું એવું વિપરીત કામ જોઈ, આર્દ્રકુમારે

વિષે વિશ્રામ.ન હતા. તે મહાનુભાવે શ્રી વીરભગવાનના મુખથી ઉત્તમ ધર્મદેશના સાંભળી હતી. શ્રી વીરપ્રભુના શરણથી એ પ. વિત્ર ચરિત્રને વિશેષ પ્રકાશમાન કર્યું હતું. તીવ્ર તપસ્યા કરી ઉત્ત આર્દ્રકુમાર સર્વ કર્મનો નાશ કરી આયુષ્યનો ક્ષય થવાથી મોક્ષ નગરીના દ્વાર સુધી પહોંચ્યા હતા.

સતી શ્રીમતી પોતાના પુત્રની સાથે કેટલોક સમય ગૃહવાસ કરી પાછળથી સાધ્વીવ્રત અંગીકાર કરી મોક્ષની સાધક થઈ હતી. સતી શ્રીમતીનું ઉજ્જ્વલ ચરિત્ર પોતાના મહાયોગી પતિ આર્દ્રકુમારની સાથે ભારતવર્ષમાં વ્યાપી ગયેલ છે. આર્દ્રકુમાર અને સતી શ્રીમતી—એ બન્ને શ્રાવક દંપતી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થોને સાધી મનુષ્ય જન્મની સાર્થકતા કરી ગયા છે. દરેક શ્રાવક દંપતીને એ મહાનુભાવનો દંપતી ધર્મ અનુસરવા યોગ્ય છે. એવું ઉત્તમ દંપતી ધર્મનું અનુકરણ કરનારા જૈન દંપતીઓ જ્યારે ઉત્પન્ન થશે, ત્યારે ઉજ્જ્વળ રીતે જૈન પ્રજાનો મહાન ઉદય થઈ શકશે.



(સુંદર કુમારની બ્હેન.)



આ સતી સુનંદા શ્રાવસ્તી નગરીના રાજા કનકકેતુની પુત્રી અને અર્હંત મુનિ સમાજમાં સુવિખ્યાત થયેલા સુંદર કુમારની બ્હેન હતી. સુનંદાની માતાનું નામ મલયસુંદરી હતું. મલયસુંદરી એક સુશિક્ષિત માતા હતી. તેણીનો પતિ કનકકેતુ રાજા તેણીની પર અપૂર્વ પ્રેમ ધરતો હતો. સુંદરી જે જે ઇચ્છાઓ હૃદયમાં ધારણ કરતી અને પછી પ-

દેશ પ્રસન્નઃ હોય અને આપની વર્ષગાંઠના આ નવીન ઉત્સવમાં મા-
રી વિશેષ અભિલાષા પૂર્ણ કરવાની આપની પ્રબળ ઇચ્છા હોય, તો
આ પ્રસંગે મારી એ ઇચ્છા છે કે, આપના સમય દરમ્યાન પ્રજા-
ની સમૃદ્ધિ થાય, તેવાં સાધનોની વિશેષ યોજના કરો. આપ
ધનધર્મના ધારક અને પ્રભાવક છો, તો આપણા દેશમાં વસતી
સર્વ જનસમાજને સંતોષની વિશેષ વૃદ્ધિ કરવાને તત્પર થશો.
જેવી રીતે આ શ્રાવસ્તી નગરીની જન પ્રજાને આપના તરફથી
જ નવું ઉત્તેજન મળે છે, તેવી રીતે આ પના સર્વ દેશની પ્રજાને ને
ઉત્તેજન મળે તેવી યોજના કરો. આપના સમૃદ્ધિવાળા દેશની
[illegible]
[illegible]
[illegible]

[illegible]

નિશ જ્ઞાનનો વિકાસ જારી રાખજે, અને કોઈ વખતે જરૂર પ
ડે તો મને બોલાવી તારો સહાયક બનાવજે." આ પ્રમાણે કહી
સુંદરે પોતાની બ્હેન તરફ વિશેષ પ્રિતિ દર્શાવી—છેવટે કહ્યું કે,
બ્હેન, મારે માટે કાંઇપણ શિક્ષણના શબ્દો આપતી જા. તારા ડ-
હાપણના શબ્દો મને મારા જીવનમાં ઉપયોગી થઈ પડશે."

સુંદરના આવા વચન સાંભળી સતી સુનંદા બોલી—"પ્રિય
બંધુ, તમે મારા વડિલબંધુ છો. તમારા જેવા વડિલબંધુને આ
નાની બ્હેન શી શિક્ષા આપી શકે? હું શિક્ષણીય છું, અને તમે
શિક્ષક છો, તથાપિ શિક્ષા નહીં પણ એક વિનંતિ કરવાની મારી
ઇચ્છા છે. પ્રિયબંધુ, હવે હું આ પિતૃગૃહને છોડી પતિગૃહમાં
જાઉં છું. તે ગૃહમાં મારો હવે યાવજ્જીવિત નિવાસ થવાનો છે.
મારા જીવનનો બધો ભાગ તેજ ગૃહમાં પસાર થવાનો છે; તો હવે
આપણા પૂજ્ય માતા પિતાની સેવા કરવાનો લાભ મને મળવાનો
નથી, તે લાભ તમનેજ મળવાનો છે. મારા પિતાની સેવાના પુણ્ય-
ને પ્રવાહ બંધ પડે છે અને તમારો તે પ્રવાહ ચાલુ રહેવાનો છે.
માટે કૃપા કરી તે પ્રવાહને જેમ વિશેષ ગતિ મળે, તેવી રીતે વ-
ર્તજો. તમારા જેવા સુજ્ઞબંધુને વિશેષ કહેવાની કાંઈ જરૂર નથી;
તથાપિ તમારા બંધુસ્નેહને લઈને મારે આ વાત નિવેદન કરવી પ-
ડે છે. પ્રિયભાઈ, ધર્મકાર્યમાં આ વિયોગી બ્હેનને સંભારજો, અ-
ને યોગ્ય કામ સેવા સાથે કુશળતાને જણાવનારા સમાચારો મોક-
લતા રહેશો."

સતી સુનંદાના આ વચનો તેના બંધુ સુંદરે આનંદપૂર્વક સ્વી-
કાર્યા હતા, અને તેણે તે સૂચનાને માટે પોતાની પ્રિય ભગિનીનો
આભાર માન્યો હતો.

પ્રિય વાંચનારી બ્હેનો, સતીસુનંદાના આ વચનો ઉપર વિચાર
કરી, તેવી જાતના ભાવનાને સદા તત્પર રહેજો, પૂર્વકાળે દરેક
આર્યસંતાન માતાપિતાની સેવાને માટે કેટલી કાળજી રાખતું હ-
તું, અને તેને માટે કેવા વિચાર ધરાવતું. વર્તમાનકાળે તેવી કા-
ળજી અને તેવા વિચારો અલ્પરીતે જોવામાં આવે છે. પુત્રો અને

સ્કંદક—મારે મારા ઘરમાં મારું કર્તવ્ય બજાવવાનું છે.

રાજા—અત્યારે તારું કર્તવ્ય શું છે?

સ્કંદક—માતાપિતાની આજ્ઞા માનવી, અને જ્ઞાનનો અભ્યાસ કરવો.

રાજા—જ્ઞાનનો અભ્યાસ કરીને પછી શું કરવાનું છે?

સ્કંદક—જ્ઞાનનો અભ્યાસ કર્યા પછી ધર્મના સંસ્કારો મેળવવાના છે.

રાજા—ધર્મના સંસ્કારોની સાર્થકતા શેમાં છે?

સ્કંદ—શુદ્ધ માર્ગાનુસારી થવામાં.

રાજા—શુદ્ધ માર્ગાનુસારી એટલે શું?

રાજાનો આ પ્રશ્ન સાંભળી સ્કંદકકુમાર માર્ગાનુસારીના પાંત્રીશ પ્રકાર અનુક્રમે બોલી ગયો. તે સાંભળી રાજા હૃદયમાં અત્યંત ખુશી થયો હતો. પછી રાજાએ પુરંદરયશાની સામે જોઈને પૂછ્યું—વત્સે, તેં કેવું જ્ઞાન મેળવ્યું છે?

પુરંદરયશા—પિતાજી, જ્ઞાન અરૂપી છે, તેથી તેનું પ્રત્યક્ષ સ્વરૂપ બતાવી શકાય તેવું નથી. મને તો આ મારી માતાએ જે જ્ઞાન શીખવ્યું છે, તે મને પ્રાપ્ત થયું છે. તે સિવાય બીજું કાંઈપણ જાણતી નથી.

રાજા—તારી માતાએ તને ધર્મ વિષયમાં શું શીખવ્યું છે?

પુરંદરયશા—મારી વય અને બુદ્ધિને જે યોગ્ય લાગે, તેવું શીખવ્યું છે.

રાજા—જૈનધર્મમાં અનુષ્ઠાન કેટલા પ્રકારના છે?

પુરંદરયશા—ચાર પ્રકારના છે.

રાજા—તે ચાર પ્રકારના અનુષ્ઠાન નામ સહિત બતાવ.

પુરંદરયશા—૧ પ્રીતિ સહિત, ૨ ભક્તિસહિત, ૩ વચનપ્રધાન અને ૪ અસંગ એ ચાર પ્રકારના અનુષ્ઠાન કહેવાય છે.

રાજા—તે ચારેના લક્ષણો સમજાવ.

પુરંદરયશા—"જે ક્રિયા કરવામાં પ્રીતિનો રસ વધે તે પ્રીતિસહિત અનુષ્ઠાન કહેવાય છે. ક્રિયા કરનાર મનુષ્ય બહુમાન સાથે

નરવર્મ રાજાએ તેણીને યોગ્ય એવા કોઈ પતિની શોધ કરવા માંડી. એક વખતે તેના શોધ માટે મોકલેલા કોઈ દૂતે આવી ખબર આપી કે, "દંડકારણ્ય દેશમાં કુંભકાર નામે રાજકુમાર છે. તેણે ઉત્તમ પ્રકારની કેળવણી સંપાદન કરી છે, તે સાથે તેનામાં સર્વ પ્રકારના સદ્ગુણો પ્રાપ્ત થયેલા છે. મંત્રીના મુખથી આ ખબર સાંભળી રાજા સહર્ષ થયો અને તેણે પોતાની પુરંદરયશાનો સંબંધ તેની સાથે કર્યો હતો. રાજકુમાર કુંભકાર પણ તેણીના ગુણોનું શ્રવણ કરી તેને વરવાને ઉત્સુક થયો હતો. શુભ દિને તેઓનો વિવાહ કરવામાં આવ્યો હતો. પુરંદરયશા જ્યારે વિવાહિત થઇ પોતાના પતિગૃહ તરફ જવાને તૈયાર થઇ ત્યારે તેણીએ સ્કંદકુમારને વિનીત વચનો કહ્યાં હતા, તે સર્વ શ્રાવિકા બ્હેનોને મનન કરવા યોગ્ય છે. પ્રયાણ કરતી વખતે તે બાળાએ પોતાના બંધુને આ પ્રમાણે કહ્યું હતું—"પ્રિય ભાઈ, હવે હું તમારાથી જુદી પડું છું. માતાપિતાના અને તમારા સહવાસમાં રહી જે મેં જ્ઞાનકળા પ્રાપ્ત કરી છે, તેને માટે હું જેટલો ઉપકાર માનું, તેટલો થોડો છે. જ્ઞાનદાનને સંપાદન કરાવનારા માતાપિતાએ મારા સ્ત્રીજીવનને સાર્થક કર્યું છે. મારી મુગ્ધ મનોવૃત્તિમાં તે પૂજ્ય માતાપિતાએ કેળવણીરૂપ કલ્પલતાના જે મધુર બીજ વાવ્યાં છે, તેના મીઠા ફળ સ્વાદને હું ભવિષ્યમાં ભોગવવાની ધારણા એ મહાન ઉપકારનો બદલો મારાથી આ જીવનમાં કદિપણ વાળી શકાશે નહીં. બંધુ, તે વિષે મારે તમારો પણ આભાર માનવાનો છે. તમારા સહવાસને લઈને મને મારી જ્ઞાનવૃદ્ધિમાં ઘણો લાભ મળેલો છે. તમે ઇતરક્રીડાને છોડી મારી સાથે જ્ઞાનની ક્રીડા કરવાને તત્પર રહેતા. મેં બાલ્યવયમાં તમારી સાથે જે જ્ઞાનનો લાભ મેળવ્યો છે, તે તમારોજ પ્રભાવ છે. પ્રિય ભાઈ, હવે મારે તમને એટલુંજ કહેવાનું છે કે, હું તો હવે તમારાથી વિમુખ થાઉં છું. માતાપિતાની સેવાનો મહાન લાભ હવે તમને એકનેજ મળવાનો છે. તે લાભની ભાગીદાર આ બ્હેન હવે જુદી પડે છે. તમે શુદ્ધ હૃદયથી તે લાભ મેળવજો. માતપિતાની ભક્તિ કરવાનો વિશેષ લાભ

, તેનું આ મૃત્યુરૂપ ફળ તમારે ચાખવું પડે છે." પાલકના
વાં વચન સાંભળી સ્કંદકાચાર્યે મુનિઓને આરાધના કરાવી. પ-
સાધુઓ જેમ જેમ ઘાણીમાં પીલાતા ગયા, તેમ તેમ તેઓ કે-
જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષને પામવા લાગ્યા એવી રીતે ચારસોને
ણું મુનિઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષે ચાલ્યા ગયા. તે પછી
ક બાળમુનિ અને સ્કંદકાચાર્ય બાકી રહ્યા. તેઓમાંથી પાલક
ળમુનિને ઘાણીમાં નાખવાને તૈયાર થયો. તે વખતે સ્કંદકાચાર્યે
," મંત્રી, પ્રથમ મને ઘાણીમાં નાંખ તે પછી આ બાળમુનિને
રે તારે જે કરવું હોય, તે કરજે, કારણકે, તેની ઉપર મારી
ી પ્રીતિ છે." સ્કંદકાચાર્યના આ વચનો પાલકે માન્યા નહીં
 તો તે બાળમુનિને ઉપડાવીને ઘાણીમાં નખાવ્યા. તત્કાળ આ-
ર્યે બાળમુનિને આરાધના કરાવી. જેથી તે મહાનુભાવ કેવળ લ-
ીને પ્રાપ્ત કરી મુક્તિમાર્ગમાં આરૂઢ થયા. પાલકમંત્રીએ જ્યારે
વો જુલમ કર્યો—તે જોઇ સ્કંદકાચાર્ય અતિશય ક્રોધાતુર થઇ
ા. શમતાના પ્રાંત ગરિમાને તેઓ તદ્દન ભુલી ગયા. તથાપિ
લકે તે આચાર્યને ઉપાડી ઘાણીમાં નાખ્યા, તે સમયે તે
હાનુભાવે એવું નિયાણું કર્યું કે, " હું આ રાજા કુંભકાર અને
ા મંત્રીનો વધ કરનાર થાઉં " આવા નીયાણાને લઇને આચા
ને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું નહીં. તેઓ મૃત્યુ પામી અગ્નિકુમાર
કાયમાં દેવતારૂપે ઉત્પન્ન થયા હતા.

પાલક મંત્રી આ પ્રમાણે પાંચસો મુનિઓનો સંહાર કરી
દયમાં મ્હલકાતો મ્હલકાતો પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો હ
. જે ઠેકાણે તેણે ઘાણીથી પાંચસો મુનિઓની હત્યા કરી હતી,
સ્થાને ચારે તરફ ભૂમિ રુધિરોના રૂધિરથી વ્યાપ્ત થઇ ગઇ હ
, તેવામાં કોઈ એક સમળી રૂધિરથી ખરડાએલ સ્કંદકાચાર્યનું
જોહરણ ઝડપી લઈ આકાશમાં ઉડી ગઇ; પરંતુ તે રજોહરણ
મળીના મુખમાંથી પુરંદરયશા રાણીના મ્હેલ ઉપર પડ્યું. તે
જોહરણ જોઇ સતી પુરંદરયશાને તેણીના હૃદયમાં પોતાના અ

સ્વીકાર કર્યું હતું. તેણીએ ચારિત્રજીવનમાં અનેક શ્રાવિકાઓનો ઉ-
પકાર કર્યો હતો. છેવટે ઉગ્રતપ કરી સતી પુરંદરયશા મુક્તિનું દ-
ર્શન કરી સખી થવાનો અધિકાર પ્રાપ્ત કરી સ્વર્ગવાસિની બની હતી.
તેના બંધુ સ્કંદકાચાર્ય દેવતારૂપવડે મુનિ સુવ્રત સ્વામીનો પ્રતિ-
બોધ સાંભળી શાંત થયા હતા.

પ્રિય વાંચનારી બ્હેનો, સ્કંદકાચાર્ય અને સતી પુરંદરયશા—
ભાઈબ્હેનના જીવન ઉપરથી તમે ઉત્તમ બોધ ગ્રહણ કરજો.
એ સહોદરની જોડ ‘ સુશિક્ષિત માતાના સહવાસથી કેવું શિક્ષણ
પ્રાપ્ત કરી શકી છે.’ તે વાતને દૃઢ કરવાને દૃષ્ટાંતરૂપ છે. તમારા
સંસારમાં જો એ દૃષ્ટાંતનું અનુકરણ કરશો તો તમે તમારા ગૃ-
હને શ્રાવક સંસારના શૃંગારરૂપ બનાવી શકશો. જેઓ અંતે
આર્હતધર્મના ઉદ્યાનમાં એક સાધનરૂપ થઈ પડશે.

રૂપસુંદરી.



સિંહલદ્વીપને વિષે સિંહલેશ્વર નામે રાજા રાજ્ય
કરતો હતો. તેને સિંહલા નામે રાણી હતી. તે-
ણીના ઉદરથી સિંહલસિંહ નામે એક કુમાર
ઉત્પન્ન થયો હતો. સિંહલસિંહ સૌંદર્યમાં ઘણો
જ અદ્ભુત હતો. તે રાજકુમાર જેમ જેમ
વયમાં વધતો ગયો, તેમ તેમ તેનામાં રૂપ તથા ગુણોની વૃદ્ધિ
પણ થવા લાગી. યૌવનવયમાં આવેલો તે રાજકુમાર સૌંદર્યમાં અ-
પ્રતિમ થયો. તેના મનોહર રૂપને જોઈ અનેક રમણીઓ મોહિત
થતી હતી.

રાજકુમાર સિંહલસિંહને બાલ્યવયથી તેની માતા સિ
રાણીના સહવાસથી સારૂં શિક્ષણ મળ્યું હતું. ધાર્મિક જ્ઞા
પવિત્ર સંસ્કારો તેના હૃદયમાં દૃઢ થયા હતા, તે સાથે વ્યવ
જ્ઞાનમાં તે ઘણો અચ્છો પ્રવીણ થયો હતો. સિંહલસિંહ હં
નિયમ પૂર્વક આર્હત ધર્મની ઉપાસના કરતો હતો. નિત્ય આ
ક ક્રિયા કરી જિનપૂજા આચરતો હતો. તારૂણ્યવયમાં આ
પણ તે રાજ કુમાર પોતાના પિતાની આજ્ઞા મેળવ્યા સિવાય
પણ કાર્ય કરતો ન હતો. તે હમેશા સ્વતંત્રતાને ધિક્કારતો
વડિલની આજ્ઞાને આધીન રહેવામાં તે વિશેષ આનંદ માનતો

એક વખતે વસંતઋતુ આવી. વિવિધ જાતના વૃક્ષોથી વ
મિ સુશોભિત દેખાવા લાગી. નવ પલ્લવરૂપ પોશાકને ધારણ
વન લતાઓ વસંતવાયુના સ્પર્શથી નૃત્ય કરવા લાગી, આ સ
યે સિંહલસિંહ રાજકુમાર વનક્રીડા કરવાને ઉત્સુક થયો. પિ
ની આજ્ઞા મેળવી તે વનક્રીડા કરવા વનભૂમિમાં આવ્યો. સમાન
ના મિત્રોની સાથે રહી સિંહલસિંહ વનમા નિર્દોષ ક્રીડા કરતો હ
તેવામાં તેણે આ પ્રમાણે કોઇ દુઃખી સ્ત્રીનો આર્તસ્વર સાંભળ્યો
"હે પિતા, મારી રક્ષા કરો. અરે માતા! તું પુત્રી વત્સલા છે,
છતાં મારી તરફ કરૂણા કેમ નથી? અરે કુળદેવી, આ વખતે
ક્યાં સંતાઇ ગઇ?" આ કરૂણસ્વર સાંભળી દયાળુ રાજપુત્ર ચ
કિત થયો. તેણે વિચાર્યુંકે; "જેના હૃદયમાં પરોપકારરૂપી ગુ
સ્ફુરાયમાન થતો નથી, તેવા મનુષ્યોનો જન્મ શાકામનો છે?
માતાના ગર્ભમાં ભારરૂપ થઇ તેઓને દુઃખરૂપજ થયા છે." આ
પ્રમાણે ચિંતવી તે રાજકુમાર તે સ્વરને અનુસારે દોડ્યો, ત્યાં
ઉન્મત્ત હાથીએ પકડેલી એક સુંદરબાળા તેના જોવામાં આવી. રા
કુમાર તે જોઇ, ક્ષત્રીતેજથી પ્રજ્વલિત થઇ ગયો. તત્કાળ ફી
કરી ગજેંદ્રની સામે થયો. તેણે એક પછેડીનો ગોળ ગોટો કરીને
થીની સામે ફેંક્યો. તે જોઇ મદ ઝરેતો હાથી તે બાળાને છોડી
રાજકુમારની સામે આવ્યો. તેવામાં તે બાળા તેની પાસેથી છૂટ

યો. આ બનાવથી રાજકુમારની લોકોમાં ભારે પ્રશંસા થઇ હતી.

રાજકુમારે જેણીને હાથી પાસેથી છોડાવી હતી, તે ધનશ્રેણી ની પુત્રી ધનવતી હતી. ધનશ્રેણી સિંહલદ્વીપનો પ્રખ્યાત નગરશેઠ હતો. તેને ધનવતી એકની એક રૂપવતી કન્યા હતી. તે બાળાને માટે કોઇ યોગ્ય પતિની શોધ તે કરતો હતો. રાજકુમાર સિંહલસિંહે જ્યારથી ધનવતીને હાથીના મૃત્યુ પાશમાંથી છોડાવી. ત્યારથી તે રમણી તેના મોહમાં પડી હતી. હૃદયથી તેણીએ તે રાજકુમારને પતિ તરીકે નિશ્ચિત કર્યો હતો. આ વાર્ત્તા ધનશ્રેણીના જાણવામાં આવી એટલે તે શ્રેણીએ રાજા સિંહલેશ્વરને પ્રાર્થના કરી પોતાની પુત્રી ધનવતીને કુમાર સિંહલસિંહની સાથે પરણાવી હતી. પોતાના પ્રાણને મૃત્યુના મુખમાંથી બચાવનાર સિંહલસિંહ કુમારને પરણી ધનવતી પોતાના સ્ત્રીજીવનને કૃતાર્થ માનતી હતી.

રાજકુમાર સિંહલસિંહના શરીરમાં યૌવનવયનું સૌંદર્ય વિશેષ ખીલી નીકળ્યું હતું. તે કુમાર જ્યારે પોતાના નગરમાં ફરવા નીકળતો, ત્યારે નગરની સ્ત્રીઓ તેનું મનોહર રૂપ જોઇને મોહિત થઇ જતી હતી. કેટલી રમણીઓ તો ગૃહકાર્ય છોડી તેની પાછળ ભમ્યા કરતી હતી. વારંવાર આવો બનાવ બનવાથી પ્રજાજને એ વાત રાજાને કહી; ત્યારે રાજાએ કુમારને નગરમાં ફરવાનો અટકાવ કર્યો. આથી નિર્દોષ રાજકુમારના મનમાં માઠું લાગ્યું. પોતાનું ભારે અપમાન થયું, જાણી સિંહલસિંહ તેજ રાત્રે પોતાની સ્ત્રી ધનવતીને સાથે લઈ નગરમાંથી ચાલ્યો ગયો. તેઓ બંને એક વાહાણમાં બેશી સમુદ્રમાં ચાલ્યાં. થોડે જતાં પ્રતિકૂળ પવનને લઇને વાહાણ ભાંગી ગયું. ધનવતી અને સિંહલકુમાર બંનેના હાથમાં જુદા જુદા પાટીઆં આવ્યાં, તેથી તેઓ જુદે જુદે કાંઠે નીકળી પડયાં. પાટીયાંની સહાયથી ધનવતી કુસમનગરના બંદર ઉપર ઉતરી. ત્યાં પ્રિયમેલક નામના કોઇ તીર્થમાં રહી તે પતિને મળવાની ઇચ્છાથી દુષ્કર તપસ્યા કરવા લાગી. ધનવતીએ ત્યાં એવો અભિગ્રહ ધારણ કર્યો કે, " જ્યાંસુધી સ્વામીનો સંયોગ થાય નહીં, ત્યાંસુધી મૌન ધારણ કરીને રહેવું."

શામાટે કરો છો ?" રત્નવતીનો પ્રશ્ન સાંભળી રાજકુમારે ચિંત-
વ્યું કે, 'જો હું સત્ય વાત કહીશ તો આ સ્ત્રી પોતાની યોગ્ય પ-
ત્નની ઉપર ઇર્ષ્યા કરશે.' આવું ચિંતવી તેણે યુક્તિથી ઉત્તર
આપ્યો-" પ્રિયા, હું દેશાંતરમાં નીકળ્યો છું. તે જ્યાંસુધી ફરીને
મારા માતાપિતાના દર્શન કરૂં, ત્યાંસુધી મારે એવો નિયમ છે કે,
ભૂમિશયન કરવું, તથા બ્રહ્મચર્યવ્રત પાળવું." પતિના મુખથી
આવાં વચનો સાંભળી સતી રત્નવતી હૃદયમાં પ્રસન્ન થઇને બોલી
-" સ્વામી, માત પિતા ઉપર આવી ઉત્કૃષ્ટ ભક્તિ રાખનાર તમને
ધન્ય છે. તમારા જેવા પિતૃભક્ત પતિને વરેલી હું મારા જીવનને
કૃતાર્થ સમજું છું. એ સદ્બુદ્ધિ તમારા પવિત્ર હૃદયમાં કાયમ ર
હેજો." પત્નીનાં આવાં ઉત્સાહિત વચનો સાંભળી રાજકુમાર સિં-
હલસિંહ ઘણોજ ખુશી થયો હતો.

એક વખતે રાજા રત્નપ્રભે પોતાના જમાઈ સિંહલકુમારને પુ-
છવાથી તેણે પોતાના દેશ કુળ વગેરેનો બધો વૃત્તાંત રાજાને કહી
સંભળાવ્યો. તે સાથે વળી પોતાની પુત્રી દાસીદ્વારા સાંભળ્યું કે,
સિંહલકુમારને જ્યાં સુધી માતાપિતાના દર્શન ન થાય, ત્યાં સુધી
તે બ્રહ્મચર્ય પાળી ભૂમિશયન કરવાના નિયમનો ધારણ કરેલો છે.
આ ખબર સાંભળી રાજા રત્નપ્રભે પોતાની પુત્રી અને જમાઈનો
ભારે સત્કાર કર્યો અને તેમને શુભ દિવસે તેમના દેશ તરફ વિદાય
કર્યાં હતાં અને સાથે [illegible] પોતાને. એક પ્રધાન મોકલ્યો
ને [illegible] કુમારી અને [illegible] હતી, પણ તેના [illegible]
અનુકૂળમાં ન આવવાથી તે રસ્તો વિષમ થઇ પડ્યો હતો.

રાજકુમાર સિંહલસિંહ સતી રત્નવતીને સાથે લઇ [illegible]
[illegible] પોતાના દેશ તરફ વિદાય થયો. [illegible]
[illegible] રત્નવતીને [illegible] તે રત્નવતીને [illegible]
[illegible] હૃદયથી એ
[illegible] સિંહલકુમારને [illegible] અને તેણે
તે [illegible] રત્નવતીને [illegible] સતી રત્નવતી [illegible]
[illegible] " [illegible], હું [illegible]

ઉપર બેસી ધનવતીનું ચિંતન કરવા લાગ્યો ચિંતવન કરવાની સાથે તે ખાટલી આકાશમાર્ગે ઉડી કુસુમપુરના ઉદ્યાનમાં ઉતરી પડી તે વખતે રૂપવતીને તૃષા લાગવાથી તેણીએ પાણી માગ્યું રાજકુમાર તે સઘળું ત્યાં સુધી આસપાસ જળની શોધ કરવાને ગયો, ત્યા એક કુવો જોવામાં આવ્યો. તેની અંદર તેણે અવલોકયું, ત્યાં તે કુવામાંથી એક સર્પ મનુષ્ય ભાષામાં બોલ્યો—"હે કુમાર, તું મને આ કુવામાંથી બાહેર કાઢ." તે સાંભળી દયાળુ કુમારે કાંઠાઉપરથી પોતાનું ઉત્તરીય વસ્ત્ર સુધી તે સર્પને બાહેર કાઢયો. બાહેર કાઢતાંજ તે સર્પ રાજકુમારને ડસ્યો. એટલે રાજકુમારનું રૂપ કુબડું થઇ ગયું. તે જોઇ રાજકુમાર બોલ્યો—"સર્પ, તેં મને ઉપકારનો બદલો સારો આપ્યો." સર્પ બોલ્યો—"ભદ્ર, મેં આ ઉપકારજ કર્યો છે. આ રૂપ તને ઉપકારી થશે વળી જ્યારે તને સંકટ પડે, ત્યારે મારૂં સ્મરણ કરજે." આ પ્રમાણે કહી તે સર્પ અંતર્ધાન થઇ ગયો.

હૃદયમાં આશ્ચર્ય પામતો અને કુબડારૂપને ધારણ કરતો રાજકુમાર તે કુવામાંથી જળ લઇ પોતાની પ્રિયા રૂપવતીની પાસે આવ્યો. તેણે કહ્યું, 'પ્રિયા, આ જળ ગ્રહણ કર.' રૂપવતી તે કુબડાને જોઇ વિચારમાં પડી. તે પુરૂષ પોતાનો સ્વામી નથી, એવું જાણી તે ભયભીત થઇ આમતેમ જોવા લાગી, પણ પોતાના સ્વામીને કયાંઇપણ જોયો નહીં. પછી તે કુબડાનો અનાદર કરી પ્રિયમેલક તીર્થમાં આવીને પ્રથમની બે સ્ત્રીઓની જેમ અભિગ્રહ ધારણ કરીને બેઠી. ધનવતી, રત્નવતી અને રૂપવતી એ સ્ત્રીઓ દૃઢ નિયમ ધારણ કરી તે તીર્થની સેવા કરવા લાગી. તેઓ કોઇની સાથે કાંઇપણ બોલતી ન હતી.

એક વખતે કુસુમપુરનો રાજા ફરતો ફરતો તે પ્રિયમેલક તીર્થમાં આવી ચડયો. તેણે અંદર પ્રવેશ કરી જોયું, ત્યાં તે ત્રણે નિયમધારી સાધ્વીઓ તેના જોવામાં આવી, તેણે ઘણો પ્રયત્ન કર્યો, તોપણ તે ત્રણેમાંથી કોઇ સ્ત્રી રાજાની સાથે બોલી નહીં તે ઉપરથી રાજાને કૌતુક થયું અને તેના હૃદયમાં તેમને બોલાવાનો અતિ આગ્રહ થઇ પડયો. પછી રાજાએ એવી જાહેર ઘોષણા કરાવીકે,


વખતે રાક્ષસે કહ્યું, "સર્પ આવો." એવામાં ક્યાંઈથી સર્પ આવી-
ને કુમારને કરડ્યો; એટલે તે ભૂમિઉપર પડ્યો. તેને તેવી સ્થિતિમાં
જોઈ પેલી સ્ત્રીઓ વિચારવા લાગી કે, "જો આ મૃત્યુ પામશે તો
આપણા સ્વામીનાથની ખબર કોણ કહેશે." તે વખતે સતી રત્ન
વતીએ પોતાના હૃદયમાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યું અને પોતાના
શીલ ધર્મની ભાવના ભાવી, એવામાં તો તે કુમાર દિવ્યરૂપ પ્રાપ્ત
કરી પોતાના મૂળરૂપમાં બેઠો થયો. સર્વે સાનંદાશ્ચર્ય થઈ ગયા.
અને સતી રત્નવતીના શીલની પ્રશંસા કરવા લાગ્યા.

તે વખતે પેલો નાગ પ્રત્યક્ષ થઈને બોલ્યો-ધનપુર નગરમાં ધ-
નંજય અને ધનવતી નામના શેઠ દંપતીથી ધનદેવ અને ધ-
નદત્ત નામે બે પુત્રો થયા હતા. એક વખતે ધનદેવે કોઈ મુનિને
ગ્રીષ્મઋતુમાં સાકર વાળું દૂધ વહોરાવ્યું હતું, તેના પ્રભાવથી મ-
રણ પામીને હું દેવ થયો અને ધનદત્તે કુષ્ઠરોગનો એક ઘડો મુનિ-
ને વહોરાવ્યો, પણ તેનો ભાવ અનુસાર ખંડિત થયો, તે મૃત્યુ
પામીને આ રાજકુમાર થયો છે. પૂર્વના ભાવ ખંડિત થવાથી તેને
વખતોવખત વિયોગ થયો હતો, આ રાજકુમારને સમુદ્રમાંથી બચાવના
ર હું પોતેજ હતો. અને આ સર્વ ઘટના રચનાર પણ હું જ હ
તો, તે એટલા માટે કે જો આ કુમાર કુબ્જરૂપે થાય તો તેના શત્રુ
રૂપમાંથી કે જે હાલ અહીં છે, તે તેને ઓળખી શકે નહીં." આ
પ્રમાણે કહી તે નાગ દેવતા અદ્રશ્ય થઈ ગયો.

સિંહકુમારને જોઈ તેની માતા આદિ ખુશી થઈ. રાક્ષસે તે
ના શત્રુ રૂપમાંથી પોતાના દેશની હદપાર કર્યો. પછી સિંહકુ-
માર રાક્ષસની આજ્ઞા લઈ પોતાની માતા આદિ સહિત પેલી સમા-
ની આવી ઉપર બેસી પોતાના સિંહલદ્વીપ ગયો. ત્યાં તે
ના પિતાએ તેને રાજ્ય આપ્યું હતું. સિંહકુમારે પેલી [illegible]
[illegible] પોતાના [illegible] તેને [illegible] કર્યો હતો. અને
સતી રત્નવતીની [illegible] [illegible]
કર્યો હતો.

સતી રત્નવતી [illegible]

જાહેર ખબર.



વાંચીને વિનોદ પામો.

તત્ત્વને જાણવાની દરેકને સ્વાભાવિક ઈચ્છા હોય છે, પણ તેની પ્રાપ્તિ કરવી તે કર્મને આધીન છે.

આ જગતમાં તત્ત્વવેત્તા પુરુષો બહુ થોડા જોવામાં આવે છે, પણ તેમને તેવા પ્રકારના સાધનો કે ગ્રંથો મળવાથી તેઓ આગળ [illegible] "તત્ત્વભૂમિમાં પ્રવાસ" એ નામનું પુસ્તક બહાર પાડ્યું છે. [illegible]

આ પુસ્તક તત્ત્વેચ્છુને ઘણું જ પ્રિય થઈ પડે તેમ છે, માટે જેને મંગાવવું હોય, તેઓએ નીચેના ઠીકાણેથી લખી મંગાવવું.

પાકું પૂંઠું ૧—૨—૦ કાચું પૂંઠું ૦—૧૪—૦



